سورة النبأ مكية بسم الله الرحمن الرحيم اياتها ٤٠ ركوعاتها ٢
عم يتساءلون ﴿١﴾ عن النبا العظيم ﴿٢﴾ الذي هم فيه
مختلفون ﴿٣﴾ كلا سيعلمون ﴿٤﴾ ثم كلا سيعلمون ﴿٥﴾ الم
نجعل الارض مهدا ﴿٦﴾ والجبال اوتادا ﴿٧﴾ وخلقنكم
ازواجا ﴿٨﴾ وجعلنا نومكم سباتا ﴿٩﴾ وجعلنا اليل لباسا ﴿١٠﴾
وجعلنا النهار معاشا ﴿١١﴾ وبنينا فوقكم سبعا شدادا ﴿١٢﴾
وجعلنا سراجا وهاجا ﴿١٣﴾ وانزلنا من المعصرت ماء
ثجاجا ﴿١٤﴾ لنخرج به حبا ونباتا ﴿١٥﴾ وجنت الفافا ﴿١٦﴾ ان
يوم الفصل كان ميقاتا ﴿١٧﴾ يوم ينفخ في الصور
فتاتون افواجا ﴿١٨﴾ وفتحت السماء فكانت ابوابا ﴿١٩﴾ وسيرت
الجبال فكانت سرابا ﴿٢٠﴾ ان جهنم كانت مرصادا ﴿٢١﴾

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧]**

**આ લોક[૨] પરસ્પર શેની પૂછપરછ કરી રહ્યા છે ?[૩] (૧) મહાન ખબરની ?[૪] (૨) જે બાબત તેઓ કેટલાએ ફાંટાઓ (માં વહેંચાએલા) છે[૫] (૩) હા ! હા ! હમણાં જ જાણી જશે (૪) પછી હા ! હા ! જાણી જશે[૬] (૫) શું અમે ધરતીને પાથરણું ન કરી ?[૭] (૬) અને પર્વતોને ખીલાઓ[૮] (૭) અને તમને જોડાંઓ બનાવ્યા[૯] (૮) અને તમારી ઊંઘને આરામ બનાવી[૧૦] (૯) અને રાત્રીને પરદો ઢાંકનાર કરી[૧૧] (૧૦) અને દિવસને રોજગાર માટે બનાવ્યો[૧૨] (૧૧) અને તમારી ઉપર સાત મજબૂત ચણતરો ચણ્યાં[૧૩] (૧૨) અને તેમની અંદર એક ખૂબ જ પ્રકાશિત દીવો મૂક્યો[૧૪] (૧૩) અને પછી વાદળોમાંથી મુશળધાર પાણી ઉતાર્યું (૧૪) કે તેનાથી અનાજ અને લીલોતરી (૧૫) અને ગુફાએલા બગીચાઓ[૪૫] બનાવીએ (૧૬) બેશક ! ફેંસલાનો દિવસ[૧૬] નક્કી થએલો સમય છે (૧૭) જે દિવસે સૂર ફૂંકવામાં આવશે[૧૭] ત્યારે તમે ટોળે ટોળાં ચાલ્યા આવશો[૧૮] (૧૮) અને આકાશ ઉઘાડી નાખવામાં આવશે કે તે દ્વાર બની જશે[૧૯] (૧૯) અને પર્વતો ચલાવવામાં આવશે કે તે ચળકતી રેતી થઇ જશે જે મૃગજળ જેવું લાગે (૨૦) બેશક જહન્નમ તાકમાં છે (૨૧)**

૧. સૂરએ નબઅને સૂરએ તસાઉલ અને ''સૂરએ અમ્મ યતસાઅલૂન'' પણ કહે છે. આ સૂરત મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૪૦ અથવા ૪૧ આયતો ૧૭૩ શબ્દો અને ૯૭૦ અક્ષરો છે.

૨. કુરેશના કાફિરો.

૩. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જ્યારે મક્કાવાસીઓને તવહીદનું નિમંત્રણ આપ્યું અને મૃત્યુ પછી જીવતા થઇ ઉઠવાની ખબર આપી અને કુરઆન કરીમ તેમને પઢી સંભળાવ્યું ત્યારે તેમનામાં ગુસપુસ શરૂ થઇ ગઇ અને એકબીજાને પૂછવા માંડયા કે; મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ક્યો ધર્મ લઇને આવ્યા છે ? આ આયતમાં તેમની વાતચીતનું વર્ણન છે અને વાતની મહાનતાને જાહેર કરવા પ્રશ્નાત્મક રીતે બયાન કરવામાં આવ્યું છે કે તે અઝીમુશ્શાન વાત કઇ છે જેના વિષે આ લોકો એકબીજાને પૂછપરછ કરી રહ્યા છે ? પછી એ વાતનું વર્ણન કર્યું.

૪. મહાન ખબરનો મતલબ યા તો કુરઆન છે યા સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વત અને આપનો દીન અથવા મૃત્યુ પછી જીવતા કરવાની બાબત.

૫. કે અમુક તો તદ્દન નકારે છે અમુક શંકામાં છે. અને કુરઆને કરીમને તેમનામાંથી અમુક તો જાદુ કહે છે કોઇ શાયરી કોઇ જ્યોતિષ શાસ્ત્ર અને કોઇ કંઇક બીજું. એવી જ રીતે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કોઇક તો જાદુગર કહે છે કોઇ શાયર અને કોઇ જ્યોતિષી.

૬. આ જૂઠાડવા અને નકારવાના પરિણામને.

ત્યાર પછી અલ્લાહ તઆલાએ પોતાની કુદરતની આશ્ચર્યજનક બાબતોમાંથી અમુકનું બયાન કર્યું કે

બંડખોરોનું ઠેકાણું (૨૨) તેમાં યુગો રહેશે[૨૦] (૨૩) તેમાં કોઇ જાતની ઠંડકનો સ્વાદ નહિ પામે અને ન તો કશું પીવાનું (૨૪) પણ ઉકળતુ પાણી અને દોઝખીઓનું દઝાડતું પરૂ (૨૫) જેવા ને તેવો બદલો[૨૧] (૨૬) બેશક તેમને હિસાબની બ્હીક ન હતી[૨૨] (૨૭) તેમણે અમારી આયતોને જૂઠાડવાની હદ કરી દીધી (૨૮) અને અમે[૨૩] દરેક વસ્તુ લખીને ગણી રાખી છે[૨૪] (૨૯) હવે ચાખો ! કે અમે તમને અઝાબ સિવાય બીજું કશું વધારી આપીશું નહિ (૩૦) બેશક ડરનારાઓ માટે સફળતાની જગ્યા છે[૨૫] (૩૧) બગીચાઓ[૨૬] અને દ્રાક્ષો છે (૩૨) અને ઉગતી જવાનીવાળીઓ સમવયની (૩૩) અને છલકાતા જામ[૨૭] (૩૪) જેમાં ન તો કોઇ બેહૂદી વાત સાંભળે ન જૂઠાડવું[૨૮] (૩૫) તમારા રબ તરફથી બદલો[૨૯] ખૂબ સંપૂર્ણ દેણ (૩૬) તે જે રબ છે આકાશોનો અને પૃથ્વીનો અને જે કંઇ તેમની વચમાં છે (તેનો), રહમાન કે તેની સાથે વાત કરવાનો અધિકાર (કોઇ) ધરાવશે નહિ[૩૦] (૩૭) બધા ફરિશ્તાઓ લાઇનસર. કોઇ બોલી શકશે નહિ[૩૧] પરંતુ જેને રહમાને પરવાનગી આપી[૩૨] (તે બોલશે) અને તેણે યોગ્ય વાત કહી[૩૩] (૩૮) તે સત્ય દિવસ છે. હવે જે ઇચ્છે તે પોતાના રબ તરફ માર્ગ બનાવી લે[૩૪] (૩૯) અમે તમને[૩૫] એક અઝાબથી ડરાવીએ એ કે (જે) નજીક

عم ٣٠ النبأ ٧٨

لِّلطّٰغِیْنَ مَاٰبًا ﴿٢٢﴾ لّٰبِثِیْنَ فِیْهَآ اَحْقَابًا ﴿٢٣﴾ لَا یَذُوْقُوْنَ فِیْهَا
بَرْدًا وَّلَا شَرَابًا ﴿٢٤﴾ اِلَّا حَمِیْمًا وَّغَسَّاقًا ﴿٢٥﴾ جَزَآءً وِّفَاقًا ﴿٢٦﴾
اِنَّهُمْ كَانُوْا لَا یَرْجُوْنَ حِسَابًا ﴿٢٧﴾ وَّكَذَّبُوْا بِاٰیٰتِنَا كِذَّابًا ﴿٢٨﴾
وَكُلَّ شَیْءٍ اَحْصَیْنٰهُ كِتٰبًا ﴿٢٩﴾ فَذُوْقُوْا فَلَنْ نَّزِیْدَكُمْ
اِلَّا عَذَابًا ﴿٣٠﴾ اِنَّ لِلْمُتَّقِیْنَ مَفَازًا ﴿٣١﴾ حَدَآئِقَ وَاَعْنَابًا ﴿٣٢﴾
وَّكَوَاعِبَ اَتْرَابًا ﴿٣٣﴾ وَّكَاْسًا دِهَاقًا ﴿٣٤﴾ لَا یَسْمَعُوْنَ فِیْهَا
لَغْوًا وَّلَا كِذّٰبًا ﴿٣٥﴾ جَزَآءً مِّنْ رَّبِّكَ عَطَآءً حِسَابًا ﴿٣٦﴾ رَّبِّ
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَیْنَهُمَا الرَّحْمٰنِ لَا یَمْلِكُوْنَ مِنْهُ
خِطَابًا ﴿٣٧﴾ یَوْمَ یَقُوْمُ الرُّوْحُ وَالْمَلٰٓئِكَةُ صَفًّا لَّا یَتَكَلَّمُوْنَ اِلَّا
مَنْ اَذِنَ لَهُ الرَّحْمٰنُ وَقَالَ صَوَابًا ﴿٣٨﴾ ذٰلِكَ الْیَوْمُ الْحَقُّ
فَمَنْ شَآءَ اتَّخَذَ اِلٰى رَبِّهٖ مَاٰبًا ﴿٣٩﴾ اِنَّآ اَنْذَرْنٰكُمْ عَذَابًا قَرِیْبًا

જેથી એ લોકો તેના નિર્દેશ દ્વારા અલ્લાહની તવહીદને ઓળખે અને જાણે કે અલ્લાહ તઆલા જગતનું સર્જન કરવા અને સર્જન પછી તેને નાબૂદ કરવા અને નાબૂદ કર્યા પછી તેને હિસાબ અને બદલો આપવા માટે ફરી સજીવન કરવા માટે શક્તિશાળી છે.

૭. કે તમે તેમાં રહો અને તે તમારૂં સ્થાન બને.

૮. જેનાથી ધરતી અચળ અને જામેલી રહે.

૯. પુરૂષ અને સ્ત્રી.

૧૦. તમારાં શરીરો માટે જેથી એનાથી થાક અને કંટાળો મટે અને રાહત પ્રાપ્ત થાય.

૧૧. જે પોતાના અંધકાર વડે દરેક વસ્તુને સંતાડી લે છે.

૧૨. કે તમે એમાં અલ્લાહની કૃપા અને પોતાની રોજી ઢુંઢો.

૧૩. જેમની ઉપર યુગો પસાર થવાનો અસર થતો નથી અને જે જરીપૂરાણાં થતાં નથી, એ ચણતરોનો મતલબ સાત આકાશો છે.

૧૪. અર્થાત સૂર્ય જેમાં પ્રકાશ પણ છે અને ગરમી પણ.

૧૫. તો જેણે આટ આટલી વસ્તુઓ બનાવી તે જો માણસને મરી ગયા પછી ફરી સજીવન કરે તો અજબ જેવું શું છે ? અને આવી વસ્તુઓ બનાવવી એ મહાબુધ્ધિશાળીનું કામ છે અને બુધ્ધિશાળીનું કોઇ કામ વ્યર્થ હોતું નથી અને મર્યા પછી જઝા સઝા અને હિસાબ માટે જીવતા થવાનો ઇન્કાર કરવાથી એવું સાબિત થાય છે કે ઇન્કાર કરનારની માન્યતા મુજબ તમામ કામો વ્યર્થ હોય અને વ્યર્થ હોવું પાયા વગરનું છે તો મરી

يَوْمَ يَنظُرُ الْمَرْءُ مَا قَدَّمَتْ يَدَاهُ وَيَقُولُ الْكَافِرُ يَا لَيْتَنِي كُنتُ تُرَابًا ﴿٤٠﴾

سُورَةُ النّٰزِعٰتِ مَكِّيَّةٌ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

وَالنَّازِعَاتِ غَرْقًا ﴿١﴾ وَالنَّاشِطَاتِ نَشْطًا ﴿٢﴾ وَالسَّابِحَاتِ سَبْحًا ﴿٣﴾

فَالسَّابِقَاتِ سَبْقًا ﴿٤﴾ فَالْمُدَبِّرَاتِ أَمْرًا ﴿٥﴾ يَوْمَ تَرْجُفُ الرَّاجِفَةُ ﴿٦﴾

تَتْبَعُهَا الرَّادِفَةُ ﴿٧﴾ قُلُوبٌ يَوْمَئِذٍ وَاجِفَةٌ ﴿٨﴾ أَبْصَارُهَا

خَاشِعَةٌ ﴿٩﴾ يَقُولُونَ أَإِنَّا لَمَرْدُودُونَ فِي الْحَافِرَةِ ﴿١٠﴾

أَإِذَا كُنَّا عِظَامًا نَّخِرَةً ﴿١١﴾ قَالُوا تِلْكَ إِذًا كَرَّةٌ خَاسِرَةٌ ﴿١٢﴾

فَإِنَّمَا هِيَ زَجْرَةٌ وَاحِدَةٌ ﴿١٣﴾ فَإِذَا هُم بِالسَّاهِرَةِ ﴿١٤﴾ هَلْ

أَتَاكَ حَدِيثُ مُوسَىٰ ﴿١٥﴾ إِذْ نَادَاهُ رَبُّهُ بِالْوَادِ الْمُقَدَّسِ

طُوًى ﴿١٦﴾ اذْهَبْ إِلَىٰ فِرْعَوْنَ إِنَّهُ طَغَىٰ ﴿١٧﴾ فَقُلْ هَل لَّكَ

إِلَىٰ أَن تَزَكَّىٰ ﴿١٨﴾ وَأَهْدِيَكَ إِلَىٰ رَبِّكَ فَتَخْشَىٰ ﴿١٩﴾ فَأَرَاهُ

**આવી લાગ્યો (છે)[૩૬]. જે દિવસે માણસ જે તેના હાથોએ આગળ મોકલ્યું[૩૭] (હશે) તે દેખશે અને કાફિર કહેશે; 'હાય ! હું કોઇ રીતે ધૂળ બની ગયો હોત[૩૮]' (૪૦)**

## અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૯]

**તેમની કસમ[૪૦] જેઓ સખ્તાઇપૂર્વક જીવ કાઢે[૪૧] (૧) અને નરમાશથી ગાંઠો ખોલે[૪૨] (૨) અને સરળતાથી તરે[૪૩] (૩) પછી આગળ વધીને ઉતાવળે લાધે[૪૪] (૪) પછી કામની યુક્તિ કરે[૪૫] (૫) કે કાફિરોને અવશ્ય અઝાબ થશે. જે દિવસે ધ્રુજનારી ધ્રુજશે[૪૬] (૬) તેની પાછળ આવશે પાછળ આવનાર[૪૭] (૭) કેટલાંએ હૃદયો તે દિવસે ધ્રુજતાં હશે (૮) આંખ ઊંચી કરી શકશે નહિ[૪૮] (૯) કાફિરો[૪૯] કહે છે કે; 'શું આપણે પાછા પગલે પાછા વળીશું ?[૫૦] (૧૦) શું જ્યારે કે અમે કોહેલાં હાડકાં બની જઇશું ?[૫૧] (૧૧) બોલ્યા; 'આ રીતે તો આ પાછું જવું તો નરી ખોટ છે[૫૨] (૧૨) તો તે તો[૫૩] એક ઘુરકયા[૫૪] સિવાય કશુંએ નથી (૧૩) તરત જ તેઓ એક ખુલ્લા મેદાનમાં આવી પડેલા હશે[૫૫] (૧૪) શું તમને મૂસાની ખબર મળી ?[૫૬] (૧૫) જ્યારે તેને તેના પરવરદિગારે પાકા જંગલ 'તુવા'[૫૭]માં પોકાર્યો (૧૬) કે; ફિરઔન પાસે જા, તેણે માથુ ઊંચકયું છે[૫૮] (૧૭) તેને કહે; શું તને પાક થવાનો શોખ છે ?[૫૯] (૧૮) અને તને તારા રબ તરફ[૬૦] માર્ગ દેખાડું કે (જેથી) તુ ડરે ?'[૬૧] (૧૯) પછી મૂસાએ તેને બહુ**

ગયા પછી ઉઠવાનો ઇન્કાર પણ પાયા વગરનો થયો આ મજબૂત દલીલથી સાબિત થઇ ગયું કે મૃત્યુ પછી ઉઠવું અને હિસાબ તેમજ બદલો બધું અવશ્ય બનવાનું છે જેમાં જરાએ શંકા નથી.

૧૬. સવાબ અને અઝાબ માટે.

૧૭. એનો મતલબ બીજું સૂર છે.

૧૮. પોતાની કબરોમાંથી હિસાબ માટે કયામતના મેદાન તરફ.

૧૯. અને તેમાં માર્ગો બની જશે જેમાંથી ફરિશ્તાઓ ઉતરશે.

૨૦. જેનો અંત નથી, હમેશાં તેમાં રહેશે.

૨૧. જેવાં કર્મો તેવો બદલો. અર્થાત જેવું કુફ્ર ખરાબમાં ખરાબ ગુન્હો છે તેવો જ સખત અઝાબ તેમને થશે.

૨૨. કારણ કે તેઓ મરણ પછી ઉઠવાને નકારતા હતા.

૨૩. લવહે મહફૂઝમાં......

૨૪. તેમનાં નેક અને બુરાં બધાં જ કર્મો અમારી જાણમાં છે અમે તેમને એનો બદલો આપીશું. અને આખેરતમાં અઝાબ વેળાએ તેમને કહેવામાં આવશે...

૨૫. જન્નતમાં જ્યાં તેમને દરેક પ્રકારના અઝાબથી મુક્તિ હશે અને (તેમની) દરેક મુરાદ પુરી થશે.

૨૬. જેમાં જાતજાતનાં ઉત્તમ ફળધારી વૃક્ષો...

૨૭. ઉત્તમ પ્રકારની શરાબના.

૨૮. અર્થાત જન્નતમાં ન તો કોઇ બેહૂદી વાત સાંભળવામાં આવશે ન તો કોઇ બીજાને જૂઠાડશે.

૨૯. તમારા આમાલનો.

૩૦. તેના ખોફના કારણે.

૩૧. તેના રોફ અને જલાલના કારણે.

૩૨. વાત કરવા અથવા શફાઅત કરવાની.

૩૩. દુનિયામાં, અને તે અનુસાર અમલ કર્યો. અમુક તફસીરકારોએ કહયું છે કે 'કવલ સવાબ' (યોગ્ય વાત)નો મતલબ કલમએ તય્યિબ 'લાઇલાહ ઇલ્લલ્લાહ'... છે.

૩૪. સદકર્મો કરીને જેથી અઝાબથી મુક્તિ મેળવી શકે.

૩૫. અય કાફિરો !...

૩૬. એનો મતલબ આખેરતનો અઝાબ છે.

૩૭. અર્થાત દરેક નેકી અને બદી તેના આમાલનામામાં નોંધાએલી હશે જેને તે કયામતના દિવસે દેખશે.

૩૮. જેથી અઝાબથી બચી શકત.

હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હુએ કહ્યું છે કે; કયામતના દિવસે જ્યારે જાનવરો અને પશુઓને ઉઠાડવામાં આવશે અને તેમને એક બીજા પાસેથી બદલો અપાવવામાં આવશે, જો શિંગડાવાળાએ વગર શિંગડાંવાળાને માર્યું હશે તો તેની પાસેથી બદલો અપાવવામાં આવશે અને ત્યાર પછી તે બધાંને માટી બનાવી દેવામાં આવશે. એ દેખીને કાફિર તમન્ના કરશે કે, જો મને પણ ધૂળ બનાવી દેવામાં આવ્યો હોત તો કેવું સારૂં થાત.

અમુક તફસીરકારોએ એનો એવો અર્થ વર્ણવ્યો છે કે; મુઅમિનો પર અલ્લાહ તઆલાનાં ઇનામો (ની વર્ષા) દેખીને કાફિર તમન્ના કરશે કે જો તે દુનિયામાં માટી હોત તો કેવું સારૂં થાત. અર્થાત તે આજેજી કરનાર હોત અભિમાની અને બંડખોર ન હોત તો સારૂં થાત.

તફસીરકારોનું એક કથન એવુ પણ છે કે; કાફિરનો ઇશારો (અહીં) ઇબ્લીસ તરફ છે જેણે હઝરત આદમ અલયહિસ્સલામને માટીમાંથી બન્યા હોવાનું ટોણું માર્યુ હતું અને પોતે આગમાંથી બનેલો હોવા બાબતે અભિમાન કર્યું હતું. જ્યારે તે હઝરત આદમ અને તેમની ઇમાનદાર ઔલાદના સવાબને જોશે અને માટીમાંથી બનાવાએલો હોત તો કેવું સારૂં થાત.

૩૯. સૂરએ નાઝિઆત મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૪૬ આયતો ૧૫૭ શબ્દો અને ૭૫૩ અક્ષરો છે.

૪૦. અર્થાત તે ફરિશ્તાઓની.

૪૧. કાફિરોના.

૪૨. અર્થાત મુઅમિનોના જીવ સહેલાઇપૂર્વક કાઢે.

૪૩. શરીરમાં અથવા આકાશ અને ધરતીની વચ્ચે મુઅમિનોના જીવ કાઢીને.

૪૪. પોતાની સેવા બજાવવા જેના માટે નિયુક્ત થએલા છે.

૪૫. અર્થાત દુનિયાનાં કામકાજ જે તેમને સોપાંએલાં છે તે કરે. આ કસમ એ બાબત છે કે.....

૪૬. પૃથ્વી અને પર્વતો અને તમામ વસ્તુઓ પ્રથમ સૂરથી કાંપવા માંડશે અને બધી મખ્લૂક મરી જશે.

૪૭. અર્થાત બીજીવાર સૂર ફૂંકાશે જેનાથી અલ્લાહના હુકમથી દરેક વસ્તુ જીવતી કરી દેવાશે. એ બન્ને

الْاٰيَةَ الْكُبْرٰى ﴿٢٠﴾ فَكَذَّبَ وَعَصٰى ﴿٢١﴾ ثُمَّ اَدْبَرَ يَسْعٰى ﴿٢٢﴾
فَحَشَرَ فَنَادٰى ﴿٢٣﴾ فَقَالَ اَنَا رَبُّكُمُ الْاَعْلٰى ﴿٢٤﴾ فَاَخَذَهُ اللّٰهُ
نَكَالَ الْاٰخِرَةِ وَالْاُوْلٰى ﴿٢٥﴾ اِنَّ فِيْ ذٰلِكَ لَعِبْرَةً لِّمَنْ
يَّخْشٰى ﴿٢٦﴾ ءَاَنْتُمْ اَشَدُّ خَلْقًا اَمِ السَّمَآءُ بَنٰهَا ﴿٢٧﴾ رَفَعَ
سَمْكَهَا فَسَوّٰىهَا ﴿٢٨﴾ وَاَغْطَشَ لَيْلَهَا وَاَخْرَجَ ضُحٰىهَا ﴿٢٩﴾
وَالْاَرْضَ بَعْدَ ذٰلِكَ دَحٰىهَا ﴿٣٠﴾ اَخْرَجَ مِنْهَا مَآءَهَا وَمَرْعٰىهَا ﴿٣١﴾
وَالْجِبَالَ اَرْسٰىهَا ﴿٣٢﴾ مَتَاعًا لَّكُمْ وَلِاَنْعَامِكُمْ ﴿٣٣﴾ فَاِذَا جَآءَتِ
الطَّآمَّةُ الْكُبْرٰى ﴿٣٤﴾ يَوْمَ يَتَذَكَّرُ الْاِنْسَانُ مَا سَعٰى ﴿٣٥﴾ وَبُرِّزَتِ
الْجَحِيْمُ لِمَنْ يَّرٰى ﴿٣٦﴾ فَاَمَّا مَنْ طَغٰى ﴿٣٧﴾ وَاٰثَرَ الْحَيٰوةَ الدُّنْيَا ﴿٣٨﴾
فَاِنَّ الْجَحِيْمَ هِيَ الْمَاْوٰى ﴿٣٩﴾ وَاَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهٖ
وَنَهَى النَّفْسَ عَنِ الْهَوٰى ﴿٤٠﴾ فَاِنَّ الْجَنَّةَ هِيَ الْمَاْوٰى ﴿٤١﴾

**મોટી નિશાની દેખાડી[૬૨] (૨૦) ત્યારે તેણે જૂઠાડયું[૬૩] અને આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું (૨૧) પછી પૂઠ દેખાડી[૬૪] (અને) પોતાના પ્રયત્નમાં લાગી ગયો[૬૫] (૨૨) તો લોકોને ભેગા કર્યા[૬૬] પછી એલાન કર્યું (૨૩) પછી બોલ્યો; 'હું તમારો સર્વથી ઊંચો રબ છું[૬૭] (૨૪) તો અલ્લાહે તેને દુનિયા અને આખેરત બન્નેના અઝાબમાં સપડાવ્યો[૬૮] (૨૫) બેશક ! આમાં જે ડરે[૬૯] તેના માટે બોધ છે (૨૬) તમારી સમજ અનુસાર શું તમને સર્જવું[૭૦] વધારે મુશ્કેલ કે આકાશને ? અલ્લાહે તેને બનાવ્યું (૨૭) તેનું છાપરૂં ઊંચુ કર્યું[૭૧] પછી તેને યોગ્ય બનાવ્યું[૭૨] (૨૮) તેની રાત્રીને અંધકારમય કરી અને તેના પ્રકાશને ચળકાવ્યો[૭૩] (૨૯) અને એ પછી પૃથ્વી ફેલાવી[૭૪] (૩૦) તેમાંથી[૭૫] તેનું પાણી અને ચારો કાઢયો[૭૬] (૩૧) અને પર્વતોને જમાવ્યા[૭૭] (૩૨) તમારા અને તમારાં પશુઓના લાભ ખાતર (૩૩) પછી જ્યારે તે સર્વવ્યાપી, સર્વથી મહાન[૭૮] આફત આવશે (૩૪) તે દિવસે માનવીએ જે પ્રયત્નો કર્યા હતા તે યાદ કરશે[૭૯] (૩૫) અને દરેક દેખનાર પર જહન્નમ જાહેર કરી દેવામાં આવશે[૮૦] (૩૬) તો તે જેણે બંડખોરી આદરી[૮૧] (૩૭) અને જગતના જીવનને પસંદગી આપી[૮૨] (૩૮) તો બેશક ! જહન્નમ જ તેનું ઠેકાણું છે (૩૯) અને તે જે પોતાના રબ સમક્ષ ઉભો રહેવાથી ડર્યો[૮૩] અને નફસને વાસનાથી વાર્યો[૮૪] (૪૦) તો બેશક ! જન્નત જ (તેનું) ઠેકાણું છે[૮૫] (૪૧)**

સૂરની વચમાં ચાલીસ વરસનો ગાળો હશે.

૪૮. તે દિવસની ભયાનકતા અને ગભરાટના કારણે. એ પરિસ્થિતિ કાફિરોની હશે.

૪૯. જેઓ મૃત્યુ પછી જીવંત થઇને ઉઠવાને માનતા નથી જ્યારે તેમને કહેવામાં આવે છે કે તમે મૃત્યુ પછી ફરી ઉઠાડવામાં આવશો ત્યારે.....

૫૦. અર્થાત મૃત્યુ પછી પાછા સજીવ કરવામાં આવીશું ?

૫૧. જીર્ણ અને વિખરાએલાં, તો પણ જીવતા કરાઇશું ?

૫૨. અર્થાત જો મૃત્યુ પછી જીવંત કરવાનું ખરૂં હોય અને અમને મૃત્યુ પછી જીવતા કરવામાં આવે તો એમાં તો અમને ખરેખર ખોટ છે કે અમે દુનિયામાં (ખોટી રીતે જ) એને જૂઠાડતા રહ્યા. તેઓ આવું મશ્કરી રૂપે કહેતા હતા. તેથી તેમને કહેવામાં આવ્યું કે; તમે એવું સમજશો નહિ કે મૃત્યુ પછી જીવંત કરવું અલ્લાહ માટે કપરૂ છે કારણ કે સાચા કુદરત ધારી માટે કશું જ અઘરૂ નથી.

૫૩. બીજું સૂર.

૫૪. જેના વડે બધા જ ભેગા કરી લેવાશે અને જ્યારે બીજું સૂર ફૂંકાશે.....

૫૫. જીવતા થઇને.

૫૬. આ સંબોધન હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને છે. જ્યારે કોમના જૂઠાડવાથી આપને ખોટું અને માઠું લાગ્યું ત્યારે આપને તસલ્લી આપવા માટે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામનું વર્ણન કર્યું જેમણે પોતાની કોમ તરફથી ઘણાં કષ્ટો સહન કર્યાં હતાં. મતલબ એ છે કે પૈગમ્બરોને તો આવું

તમને કયામત વિષે પૂછે છે કે તે ક્યારે નકકી થએલી છે ? (૪૨) તમને એ વર્ણવી દેવા સાથે શું લેવા દેવા ?[૮૬] (૪૩) તમારા પરવરદિગાર તરફ જ એનો અંત છે (૪૪) તમે તો માત્ર તેને ડરાવનાર છો જે ડરે (૪૫) જાણે કે જે દિવસે તેઓ એને ભાળશે [૮૭](ત્યારે તેમને એવું લાગશે કે) દુનિયામાં રહ્યા ન હતા પણ એક સાંજ અથવા તેનો દિવસ ચઢતાં સુધી (૪૬)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૮૮]**

ભવાં સંકોચ્યાં અને મોઢું ફેરવ્યું[૮૯] (૧) એ બાબત કે તેની પાસે પેલો અંધ આવ્યો[૯૦] (૨) અને તમને શું ખબર કદાચ તે સ્વચ્છ બને[૯૧] (૩) અથવા નસીહત ગ્રહણ કરે તો તેને નસીહત લાભ આપે (૪) તે જે બેપરવાહ બને છે[૯૨] (૫) તેની તો તમે પાછળ લાગેલા રહો છો[૯૩] (૬) અને તે સ્વચ્છ ન બને તો એમાં તમારૂં કશું નુકસાન નથી[૯૪] (૭) અને તે જે તમારી સેવામાં દોડતો આવ્યો[૯૫] (૮) અને તે ડરી રહ્યો છે[૯૬] (૯) તો તેને મૂકીને બીજી બાજુ મગ્ન થાવ છો ? (૧૦) આમ નહિ[૯૭] ! આ તો શિખામણ છે[૯૮] (૧૧) તો જે ઇચ્છે તે એને ગ્રહણ કરે[૯૯] (૧૨) તે સહીફાઓમાં જે આબરૂદાર છે[૧૦૦] (૧૩) બુલંદીવાળા[૧૦૧] પવિત્રતાવાળા[૧૦૨] (૧૪) એવાઓના હાથે લખાએલા (૧૫) જે સન્માનિત (અને) નેકીવાળાઓ (છે)[૧૦૩] (૧૬) માનવી માર્યો જાય ! કેટલો નગુણો છે[૧૦૪] (૧૭) એને શેમાંથી બનાવ્યો ? (૧૮) પાણીના ટીપાથી એને પેદા કર્યો



يَسْـَٔلُونَكَ عَنِ ٱلسَّاعَةِ أَيَّانَ مُرْسَىٰهَا ﴿٤٢﴾ فِيمَ أَنتَ مِن
ذِكْرَىٰهَآ ﴿٤٣﴾ إِلَىٰ رَبِّكَ مُنتَهَىٰهَآ ﴿٤٤﴾ إِنَّمَآ أَنتَ مُنذِرُ مَن يَخْشَىٰهَا ﴿٤٥﴾
كَأَنَّهُمْ يَوْمَ يَرَوْنَهَا لَمْ يَلْبَثُوٓا۟ إِلَّا عَشِيَّةً أَوْ ضُحَىٰهَا ﴿٤٦﴾
بِسْمِ ٱللَّهِ ٱلرَّحْمَٰنِ ٱلرَّحِيمِ
عَبَسَ وَتَوَلَّىٰٓ ﴿١﴾ أَن جَآءَهُ ٱلْأَعْمَىٰ ﴿٢﴾ وَمَا يُدْرِيكَ لَعَلَّهُۥ
يَزَّكَّىٰٓ ﴿٣﴾ أَوْ يَذَّكَّرُ فَتَنفَعَهُ ٱلذِّكْرَىٰٓ ﴿٤﴾ أَمَّا مَنِ ٱسْتَغْنَىٰ ﴿٥﴾
فَأَنتَ لَهُۥ تَصَدَّىٰ ﴿٦﴾ وَمَا عَلَيْكَ أَلَّا يَزَّكَّىٰ ﴿٧﴾ وَأَمَّا مَن
جَآءَكَ يَسْعَىٰ ﴿٨﴾ وَهُوَ يَخْشَىٰ ﴿٩﴾ فَأَنتَ عَنْهُ تَلَهَّىٰ ﴿١٠﴾ كَلَّآ
إِنَّهَا تَذْكِرَةٌ ﴿١١﴾ فَمَن شَآءَ ذَكَرَهُۥ ﴿١٢﴾ فِى صُحُفٍ مُّكَرَّمَةٍ ﴿١٣﴾
مَّرْفُوعَةٍ مُّطَهَّرَةٍۭ ﴿١٤﴾ بِأَيْدِى سَفَرَةٍ ﴿١٥﴾ كِرَامٍۭ بَرَرَةٍ ﴿١٦﴾ قُتِلَ
ٱلْإِنسَٰنُ مَآ أَكْفَرَهُۥ ﴿١٧﴾ مِنْ أَىِّ شَىْءٍ خَلَقَهُۥ ﴿١٨﴾ مِن

થતું જ આવ્યું છે, આપે દિલગીર થવું જોઇએ નહિ.

૫૭. જે સિરિયામાં તૂર પર્વતની પાસે છે.

૫૮. અને તે કુફ્ર તેમજ ફસાદમાં હદ ઓળંગી ગયો.

૫૯. કુફ્ર અને શિર્ક તેમજ નાફરમાનીથી.

૬૦. અર્થાત તેની ઝાત અને તેના ગુણોની ઓળખ તરફ.

૬૧. તેના અઝાબથી.

૬૨. યદે બયઝા અને અસો.

૬૩. હઝરત મૂસા અલયહિસ્સલામને.

૬૪. અને ઇમાનથી મોઢું ફેરવ્યું.

૬૫. ફસાદ મચાવવા.

૬૬. અર્થાત જાદુગરો અને પોતાનાં સૈન્યોને.

૬૭. અર્થાત મારાથી વધીને બીજો કોઇ રબ નથી.

૬૮. દુનિયામાં ડૂબાડી દીધો અને આખેરતમાં દોઝખમાં દાખલ કરશે.

૬૯. અલ્લાહ તઆલાથી. ત્યાર પછી મૃત્યુ બાદ ઉઠાડવામાં આવવાનો ઇન્કાર કરનારાઓને ધમકી આપવામાં આવે છે....

૭૦. તમારા મૃત્યુ પછી.

૭૧. થાંભલાઓ વગર.

૭૨. એવું કે તેમાં ક્યાંએ ભૂલ રહેવા પામી નથી.

૭૩. સૂર્ય પ્રકાશને જાહેર કરીને.

૭૪. જેને બનાવી તો આકાશથી પહેલાં લેવામાં આવી હતી પણ ફેલાવવામાં આવી ન હતી.

૭૫. ઝરાઓ વહેતા કરીને.

૭૬. જેને જાનવરો ખાય છે.

૭૭. પૃથ્વીની સપાટી પર જેથી તે અચળ રહે.

૭૮. અર્થાત બીજીવાર સૂર ફૂંકાશે જ્યારે મડદાંઓ ઉઠાડવામાં આવશે.

૭૯. દુનિયામાં સારા અથવા નરસા.

૮૦. અને બધી મખ્લૂક તેને દેખશે.

૮૧. હદ ઓળંગી ગયો અને કુફ્ર કર્યું.

૮૨. આખેરત કરતાં, અને વાસનાઓનો તાબેદાર થયો.

૮૩. અને એ વાત યાદ રાખી કે તેને કયામતના દિવસે પોતાના રબ સમક્ષ હિસાબ માટે હાજર થવાનું છે.

૮૪. હરામ વસ્તુઓની.

૮૫. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! મક્કાના કાફિરો.....

૮૬. અને તેનો સમય કહી આપવાથી શું મતલબ ?

૮૭. અર્થાત કાફિરો જેનો ઇન્કાર કરે છે તે કયામતને, ત્યારે તેની ભયંકરતા અને સખ્તાઇને દેખીને પોતાના જીવનની મુદ્દતને વિસરી જશે અને સમજશે કે...

૮૮. સૂરએ અબસ મક્કમાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૪૨ આયતો ૧૩૦ શબ્દો અને ૫૪૭ અક્ષરો છે.

૮૯. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે.

૯૦. અર્થાત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમ્મે મકતૂમ.

**શાને નુઝૂલ** :- નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કુરેશના આગેવાનો અત્બા બિન રબીઆ, અબૂજહલ બિન હિશામ, અબ્બાસ બિન અબ્દુલમુત્તલિબ, ઉબૈ બિન ખલફ અને ઉમય્યા બિન ખલફને ઇસ્લામ નુ આમંત્રણ આપી રહ્યા હતા એ દરમ્યાન અબ્દુલ્લાહ ઇબ્ને ઉમ્મે મકતૂમ અંધ સહાબી ઉપસ્થિત થયા અને તેમણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને વારંવાર બોલાવીને કહ્યું કે; અલ્લાહ તઆલાએ જે આપને શિખવાડયું છે તે મને શિખવાડો. ઇબ્ને ઉમ્મે મકતૂમ એવું સમજ્યા નહિ કે હુઝૂર બીજાઓ સાથે વાતચીત કરી રહ્યા છે અને આવી રીતે વાત અટકાવવી પડશે. હુઝૂરને આ વાત ગમી નહિ અને અણગમાનાં ચિન્હો મુબારક ચહેરા પર જણાઇ આવ્યા અને હુઝૂર આપના ઘર તરફ રવાના થયા ત્યારે આ આયતો ઉતરી. અને 'અંધ' કહેવામાં હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમ્મે મકતૂમની લાચારી તરફ ઇશારો છે કે આ કારણસર તેમનાથી વચમાં બોલાઇ ગયું. આ આયતો ઉતર્યા પછી સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અબ્દુલ્લાહ ઇબ્ને ઉમ્મે મકતૂમની બહુ ઇજ્જત કરતા હતા.

૯૧. ગુનાહોથી, આપનું ફરમાન સાંભળીને.

૯૨. અલ્લાહ તઆલાથી અને ઇમાન લાવવાથી, પોતાની માલદારીના કારણે.

૯૩. અને તે ઇમાન લઇ આવે એવી આશાએ તેની પાછળ લાગેલા રહો છો.

نُطْفَةٍ خَلَقَهُ فَقَدَّرَهُ ﴿۱۹﴾ ثُمَّ السَّبِيلَ يَسَّرَهُ ﴿۲۰﴾ ثُمَّ أَمَاتَهُ
فَأَقْبَرَهُ ﴿۲۱﴾ ثُمَّ إِذَا شَاءَ أَنْشَرَهُ ﴿۲۲﴾ كَلَّا لَمَّا يَقْضِ مَا أَمَرَهُ ﴿۲۳﴾
فَلْيَنْظُرِ الْإِنْسَانُ إِلَىٰ طَعَامِهِ ﴿۲۴﴾ أَنَّا صَبَبْنَا الْمَاءَ صَبًّا ﴿۲۵﴾
ثُمَّ شَقَقْنَا الْأَرْضَ شَقًّا ﴿۲۶﴾ فَأَنْبَتْنَا فِيهَا حَبًّا ﴿۲۷﴾ وَعِنَبًا
وَقَضْبًا ﴿۲۸﴾ وَزَيْتُونًا وَنَخْلًا ﴿۲۹﴾ وَحَدَائِقَ غُلْبًا ﴿۳۰﴾ وَ
فَاكِهَةً وَأَبًّا ﴿۳۱﴾ مَتَاعًا لَكُمْ وَلِأَنْعَامِكُمْ ﴿۳۲﴾ فَإِذَا جَاءَتِ
الصَّاخَّةُ ﴿۳۳﴾ يَوْمَ يَفِرُّ الْمَرْءُ مِنْ أَخِيهِ ﴿۳۴﴾ وَأُمِّهِ وَ
أَبِيهِ ﴿۳۵﴾ وَصَاحِبَتِهِ وَبَنِيهِ ﴿۳۶﴾ لِكُلِّ امْرِئٍ مِنْهُمْ
يَوْمَئِذٍ شَأْنٌ يُغْنِيهِ ﴿۳۷﴾ وُجُوهٌ يَوْمَئِذٍ مُسْفِرَةٌ ﴿۳۸﴾
ضَاحِكَةٌ مُسْتَبْشِرَةٌ ﴿۳۹﴾ وَوُجُوهٌ يَوْمَئِذٍ عَلَيْهَا غَبَرَةٌ ﴿۴۰﴾
تَرْهَقُهَا قَتَرَةٌ ﴿۴۱﴾ أُولَٰئِكَ هُمُ الْكَفَرَةُ الْفَجَرَةُ ﴿۴۲﴾

**પછી એને જાત જાતના અંદાજાઓ પર મૂક્યો[૧૦૫] (૧૯) પછી એના માટે માર્ગ સરળ કર્યો[૧૦૬] (૨૦) પછી એને મૃત્યુ આપ્યુ. કબરમાં મૂકાવ્યો[૧૦૭] (૨૧) પછી જ્યારે ઇચ્છયું ત્યારે એને બહાર કાઢયો[૧૦૮] (૨૨) કશું જ નહિ ! એણે એને જે આદેશ અપાયો હતો તે હજુ સુધી બજાવ્યો નથી[૧૦૯] (૨૩) તો માનવીએ પોતાના જમણોને જોવા જોઇએ[૧૧૦] (૨૪) કે અમે સારી રીતે પાણી રેડયું[૧૧૧] (૨૫) પછી ધરતીને ખૂબ ચીરી (૨૬) તો એમાં અનાજ ઉગાડયું (૨૭) અને દ્રાક્ષ અને ચારો (૨૮) અને ઝેતૂન અને ખજૂર (૨૯) અને ગુફાએલા બગીચાઓ (૩૦) અને મેવાઓ અને દોબ (૩૧) તમારા અને તમારાં પશુઓના લાભ માટે (૩૨) પછી જ્યારે તે કાન ફાડી નાખનાર ગર્જના[૧૧૨] આવશે (૩૩) તે દિવસે માણસ ભાગશે પોતાના ભાઇ (૩૪) અનેમાં અને બાપ (૩૫) અને પત્ની અને દીકરાઓથી[૧૧૩] (૩૬) એમાં દરેકને તે દિવસે એક ચિંતા છે કે તે જ પુરતી છે[૧૧૪] (૩૭) કેટલાંએ મોઢાંઓ તે દિવસે પ્રકાશિત હશે[૧૧૫] (૩૮) હસતાં અને હર્ષોલ્લાસ કરતાં[૧૧૬] (૩૯) અને કેટલાંએ મોઢાંઓ પર તે દિવસે ધૂળ પડેલી હશે (૪૦) તેમની ઉપર કાળાશ ચઢી રહેલી છે[૧૧૭] (૪૧) આ તે જ કાફિર કુકર્મીઓ છે (૪૨)**

૯૪. ઇમાન લાવીને અને હિદાયત મેળવીને કારણ કે આપના શિરે તો માત્ર પૈગામ પહોંચાડી આપવો. અને આમંત્રણ આપવાનું જ છે.

૯૫. અર્થાત ઇબ્ને ઉમ્મે મકતૂમ.

૯૬. અલ્લાહ તઆલાથી.

૯૭. આવું કરો નહિ.

૯૮. અર્થાત કુરઆનની આયતો મખ્લૂક માટે નસીહત છે.

૯૯. અને એનાથી બોધ ગ્રહણ કરે.

૧૦૦. અલ્લાહ તઆલા પાસે.

૧૦૧. માન મરતબાવાળા.

૧૦૨. કે તેમને પાક લોકો સિવાય બીજું કોઇ અડે નહિ.

૧૦૩. અલ્લાહ તઆલા આજ્ઞાંકિત અને તેઓ ફરિશ્તાઓ છે જેઓ એને લવ્હે મહફૂઝમાંથી નકલ કરે છે.

૧૦૪. કે અલ્લાહ તઆલાની ઘણી બધી નેઅમતો અને અનહદ ઉપકારો હોવા છતાં કુફ્ર કરે છે.

૧૦૫. કદીક વિર્યબિંદુની શિકલમાં કદીક જામેલા લોહીના રૂપમાં કદીક માંસના લોચાના લેબાસમાં, સર્જન પૂર્ણ થતાં સુધી.

૧૦૬. માંના ગર્ભાશયમાંથી નીકળવાનો.

૧૦૭. કે જેથી મરણ પછી આબરૂહિન થાય નહિ.

### અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૧૮]

જ્યારે તડકો લપેટી લેવાય[૧૧૯] (૧) અને જ્યારે તારાઓ ખરી પડે[૧૨૦] (૨) અને જ્યારે પર્વતો ચલાવવામાં આવે[૧૨૧] (૩) અને જ્યારે પ્રસુતિ થવાની અણી પર હોય એવી ઊંટણીઓ[૧૨૨] છુટી ફરે[૧૨૩] (૪) અને જ્યારે જંગલી જાનવરો ભેગાં કરાય[૧૨૪] (૪) અને જ્યારે સમુદ્રો સળગાવવામાં આવે[૧૨૫] (૬) અને જ્યારે જીવોનાં જોડાંઓ બને[૧૨૬] (૭) અને જ્યારે જીવતે જીવ દાટી દેવાએલીને પૂછવામાં આવે ;[૧૨૭] (૮) ક્યા ગુન્હાસર મારી નાખવામાં આવી ?[૧૨૮] (૯) અને જ્યારે આમાલનામાંઓ ઉઘાડવામાં આવે (૧૦) અને જ્યારે આકાશ (તેની) જગ્યાએથી ખેંચી લેવાય[૧૨૯] (૧૧) અને જ્યારે જહન્નમ ફૂંકવામાં આવે[૧૩૦] (૧૨) અને જ્યારે જન્નત પાસે લાવવામાં આવે[૧૩૧] (૧૩) (ત્યારે) દરેક જીવને જે હાજર લઇને આવ્યો હશે તેની ખબર પડી જશે[૧૩૨] (૧૪) તો કસમ છે તેમની[૧૩૩] જેઓ અવળા ફરે (૧૫) પછી સીધા ચાલે (અને) અટકે[૧૩૪] (૧૬) અને રાત્રીની (કસમ) જ્યારે પાછી ફરે[૧૩૫] (૧૭) અને સવારની (કસમ) જ્યારે શ્વાસ લે[૧૩૬] (૧૮) બેશક ! આ[૧૩૭] આબરૂદાર રસૂલ[૧૩૮]નું પઠન છે (૧૯) જે કુવ્વતવાળો છે અર્શના માલિક પાસે ઇજ્જતવાળો (છે) (૨૦) હા ! તેનો હુકમ માનવામાં આવે છે[૧૩૯] અમાનતદાર છે[૧૪૦] (૨૧) અને તમારા સાહેબ[૧૪૧] ગાંડા નથી[૧૪૨] (૨૨) અને બેશક એમણે તેને[૧૪૩] સ્પષ્ટ કિનારે જોયો[૧૪૪] (૨૩) અને આ નબી ગૈબ

عم ٣٠ — التكوير ٨١

سورة التكوير مكية — بسم الله الرحمن الرحيم — تسع وعشرون آية
إِذَا الشَّمْسُ كُوِّرَتْ ﴿١﴾ وَإِذَا النُّجُومُ انْكَدَرَتْ ﴿٢﴾ وَإِذَا الْجِبَالُ
سُيِّرَتْ ﴿٣﴾ وَإِذَا الْعِشَارُ عُطِّلَتْ ﴿٤﴾ وَإِذَا الْوُحُوشُ حُشِرَتْ ﴿٥﴾
وَإِذَا الْبِحَارُ سُجِّرَتْ ﴿٦﴾ وَإِذَا النُّفُوسُ زُوِّجَتْ ﴿٧﴾ وَإِذَا
الْمَوْءُودَةُ سُئِلَتْ ﴿٨﴾ بِأَيِّ ذَنْبٍ قُتِلَتْ ﴿٩﴾ وَإِذَا الصُّحُفُ
نُشِرَتْ ﴿١٠﴾ وَإِذَا السَّمَاءُ كُشِطَتْ ﴿١١﴾ وَإِذَا الْجَحِيمُ سُعِّرَتْ ﴿١٢﴾
وَإِذَا الْجَنَّةُ أُزْلِفَتْ ﴿١٣﴾ عَلِمَتْ نَفْسٌ مَا أَحْضَرَتْ ﴿١٤﴾ فَلَا
أُقْسِمُ بِالْخُنَّسِ ﴿١٥﴾ الْجَوَارِ الْكُنَّسِ ﴿١٦﴾ وَاللَّيْلِ إِذَا عَسْعَسَ ﴿١٧﴾
وَالصُّبْحِ إِذَا تَنَفَّسَ ﴿١٨﴾ إِنَّهُ لَقَوْلُ رَسُولٍ كَرِيمٍ ﴿١٩﴾ ذِي قُوَّةٍ
عِنْدَ ذِي الْعَرْشِ مَكِينٍ ﴿٢٠﴾ مُطَاعٍ ثَمَّ أَمِينٍ ﴿٢١﴾ وَمَا صَاحِبُكُمْ
بِمَجْنُونٍ ﴿٢٢﴾ وَلَقَدْ رَآهُ بِالْأُفُقِ الْمُبِينِ ﴿٢٣﴾ وَمَا هُوَ عَلَى الْغَيْبِ

૧૦૮. અર્થાત મૃત્યુ પછી હિસાબ અને બદલા માટે. પછી એના માટે જીવન નક્કી કર્યું.

૧૦૯. તેના રબ તરફથી. એટલે કે કાફિરે ઇમાનનો સ્વીકાર કર્યો નહિ અને એ રીતે પોતાના પરવરદિગારનો હુક્મ બજાવી ન લાવ્યો.

૧૧૦. જેને એ ખાય છે અને જે એના જીવન (ને ટકાવવા)નું કારણ છે કે એમાંથી એના રબની કુદરત જાહેર થાય છે કે કેવી રીતે શરીરમાં ઓતપ્રોત થઇને તેનો ભાગ બની જાય છે અને કેવી અજબ વ્યવસ્થા દ્વારા કામ કરે છે.

૧૧૧. વાદળમાંથી.

૧૧૨. અર્થાત કયામતના બીજા સૂરનો ભયંકર અવાજ જે મખ્લૂકને બહેરી બનાવી દેશે.

૧૧૩. એમાંથી કોઇ તરફ ધ્યાન નહિ આપે પોતાની જ પડેલી હશે.

૧૧૪. કયામતની પરિસ્થિતિ અને તેની ભયંકરતાનું વર્ણન કર્યા પછી લોકોનું બયાન કરવામાં આવે છે કે તેઓ બે પ્રકારના છે નેકબખ્ત અને બદબખ્ત. જે નેક છે તેમની હાલત વર્ણવાય છે.....

૧૧૫. ઇમાનના નૂરથી અથવા રાત્રીની ઇબાદતના કારણે અથવા વુઝૂના અસરથી.

૧૧૬. અલ્લાહ તઆલાની નેઅમત અને તેની કૃપા અને તેની ખુશી બદલ. એ પછી બદબખ્તોની હાલતનું બયાન થાય છે....

૧૧૭. અપમાનિત ઘૃણાસ્પદ શિકલ.

૧૧૮. સૂરએ કુવ્વેરત મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૨૯ આયતો ૧૦૪ શબ્દો અને ૫૩૦ અક્ષરો છે.

**હદીષ** :- શરીફમાં સય્યિદ આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે; જેને એવું ગમતું હોય કે તે કયામતના દિવસને એ રીતે જુએ જાણે કે તે દ્રષ્ટિ સમક્ષ છે તો તેણે ઇઝશ્શમસુ કુવ્વિરત અને ઇઝસ્સમાઉન્ફરત અને ઇઝસ્સમાઉન્શક્કત વાળી સૂરતો પઢવી જોઇએ. (તિરમિઝી)

૧૧૯. અર્થાત સૂર્યનો પ્રકાશ છીનવાઇ જાય.

૧૨૦. વરસાદની જેમ આકાશમાંથી ધરતી પર પડી જાય અને કોઇ પણ તારો પોતાના સ્થાને બાકી રહે નહિ.

૧૨૧. અને ધૂળની જેમ પવનમાં ઉડતા ફરે.

૧૨૨. જેમના ગર્ભને દસ મહીનાઓ પસાર થઇ ચૂક્યા હોય અને જણવાનો સમય નજીક આવી લાગ્યો હોય

૧૨૩. ન તો કોઇ તેમને ચરાવનાર હોય ન કોઇ સંભાળ લેનાર. તે દિવસની ભયાનકતાની હાલત એવી હોય કે લોકો પોતાની હાલતમાં એવા ફસાએલા હોય કે તેમની પરવા કરનાર કોઇ હોય નહિ.

૧૨૪. હશ્રના દિવસે કે જેથી એક બીજા પાસેથી બદલો લઇ લે. પછી તેમને માટી કરી દેવામાં આવે.

૧૨૫. પછી તે ધૂળ બની જાય.

૧૨૬. એ રીતે કે નેક નેકની સાથે અને બદ બદની સંગાથે. અથવા એવો અર્થ છે કે જીવોને તેમના શરીરોમાં મૂકી દેવામાં આવે અથવા એ કે પોતાના અમલો સાથે ભેળવી આવે અથવા એ કે ઇમાનવાળાઓના જીવોને હૂરો સાથે અને કાફિરોના જીવોને શયતાનો સાથે મેળવી દેવામાં આવે.

૧૨૭. અર્થાત તે છોકરીને જે જીવતી દાટી દેવામાં આવી. જેવો કે અરબોનો રિવાજ હતો કે અજ્ઞાનયુગમાં છોકરીઓને જીવતી દાટી દેતા હતા.

૧૨૮. આવો સવાલ મારી નાખનારને ડરાવવા પૂછાશે જેથી પેલી છોકરી જવાબ આપે કે મને નિર્દોષ મારી નાખવામાં આવી.

૧૨૯. જેવી રીતે કે ઝુબેહ કરેલી બકરીના શરીર પરથી ચામડું ખેંચી લેવામાં આવે છે.

૧૩૦. અલ્લાહના દુશ્મનો માટે.

૧૩૧. અલ્લાહ તઆલાના વ્હાલા બંદાઓ માટે.

૧૩૨. નેકી અથવા બદી.

૧૩૩. તારાઓની.

૧૩૪. આ પાંચ તારાઓ છે જેમને ''ખમ્સા મુતહય્યરા'' કહે છે.

૧૩૫. અને એનો અંધકાર ઓછો થાય.

૧૩૬. અને એનો પ્રકાશ ખૂબ ફેલાય જાય.

૧૩૭. કુરઆન શરીફ.

૧૩૮. હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ.

૧૩૯. અર્થાત આકાશોમાં ફરિશ્તાઓ તેમના હુક્મનું પાલન કરે છે.

૧૪૦. અલ્લાહની વહીનો.

૧૪૧. હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૧૪૨. જેવું કે મક્કાના કાફિરો કહે છે.

૧૪૩. અર્થાત જિબ્રઇલ અમીનને તેમની મૂળ શિકલમાં.

**કહેવામાં બખીલ નથી (૨૪) અને કુરઆન શયતાન મરદૂદનું પઢેલું નથી (૨૫) પછી ક્યાં જાવ છો ?[૧૪૫] (૨૬) તે તો સર્વજગત માટે શિખામણ જ છે (૨૭) તેના માટે જે તમારામાં સીધો થવા ઇચ્છે[૧૪૬] (૨૮) અને તમે શું ઇચ્છો ? પણ એ કે અલ્લાહ ઇચ્છે (જે) સર્વજગતનો રબ (છે) (૨૯)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૪૭]**

**જ્યારે આકાશ ફાટી પડે (૧) અને જયારે તારાઓ ખરી પડે (૨) અને જ્યારે સમુદ્રો વહાવી દેવામાં આવે[૧૪૮] (૩) અને જ્યારે કબરો ઉખેડી નાખવામાં આવે[૧૪૯] (૪) દરેક જીવ જે (તેણે) આગળ મોકલ્યું[૧૫૦] અને જે પાછળ[૧૫૧] (રાખ્યું) તે જાણી લેશે (૫) અય માનવી ! તને પોતાના કૃપાળુ રબ તરફથી કોણે છેતર્યો ?[૧૫૨] (૬) જેણે તને પેદા કર્યો[૧૫૩] પછી યોગ્ય બનાવ્યો[૧૫૪] પછી સીધો કર્યો[૧૫૫] (૭) જે આકૃતિમાં ઇચ્છયો તને સજર્યો[૧૫૬] (૮) કશું જ નહિ ![૧૫૭] બલ્કે તમે ન્યાય થવાને જૂઠાડો છો[૧૫૮] (૯) અને બેશક! તમારી ઉપર અમુક રક્ષકો છે[૧૫૯] (૧૦) આબરૂદાર લખનારાઓ[૧૬૦] (૧૧) તમે જે કંઇ કરો છો (તેઓ) તેને જાણે છે[૧૬૧] (૧૨) બેશક ! નેકી કરનારાઓ[૧૬૨] અવશ્ય રાહતમાં છે[૧૬૩] (૧૩) અને બેશક કુકર્મીઓ[૧૬૪] જરૂર દોઝખમાં છે (૧૪) ન્યાયના દિવસે તેમાં જશે**

عم ٣٠ الانفطار ٨٢

بِضَنِينٍ ﴿٢٤﴾ وَمَا هُوَ بِقَوْلِ شَيْطَٰنٍ رَّجِيمٍ ﴿٢٥﴾ فَأَيْنَ تَذْهَبُونَ ﴿٢٦﴾
إِنْ هُوَ إِلَّا ذِكْرٌ لِّلْعَٰلَمِينَ ﴿٢٧﴾ لِمَن شَآءَ مِنكُمْ أَن يَسْتَقِيمَ ﴿٢٨﴾
وَمَا تَشَآءُونَ إِلَّآ أَن يَشَآءَ ٱللَّهُ رَبُّ ٱلْعَٰلَمِينَ ﴿٢٩﴾
سورة الانفطار مكية بِسْمِ ٱللَّهِ ٱلرَّحْمَٰنِ ٱلرَّحِيمِ تسع عشرة آية
إِذَا ٱلسَّمَآءُ ٱنفَطَرَتْ ﴿١﴾ وَإِذَا ٱلْكَوَاكِبُ ٱنتَثَرَتْ ﴿٢﴾ وَإِذَا
ٱلْبِحَارُ فُجِّرَتْ ﴿٣﴾ وَإِذَا ٱلْقُبُورُ بُعْثِرَتْ ﴿٤﴾ عَلِمَتْ نَفْسٌ مَّا
قَدَّمَتْ وَأَخَّرَتْ ﴿٥﴾ يَٰٓأَيُّهَا ٱلْإِنسَٰنُ مَا غَرَّكَ بِرَبِّكَ ٱلْكَرِيمِ ﴿٦﴾
ٱلَّذِى خَلَقَكَ فَسَوَّىٰكَ فَعَدَلَكَ ﴿٧﴾ فِىٓ أَىِّ صُورَةٍ مَّا
شَآءَ رَكَّبَكَ ﴿٨﴾ كَلَّا بَلْ تُكَذِّبُونَ بِٱلدِّينِ ﴿٩﴾ وَإِنَّ عَلَيْكُمْ
لَحَٰفِظِينَ ﴿١٠﴾ كِرَامًا كَٰتِبِينَ ﴿١١﴾ يَعْلَمُونَ مَا تَفْعَلُونَ ﴿١٢﴾ إِنَّ
ٱلْأَبْرَارَ لَفِى نَعِيمٍ ﴿١٣﴾ وَإِنَّ ٱلْفُجَّارَ لَفِى جَحِيمٍ ﴿١٤﴾ يَصْلَوْنَهَا

૧૪૪. અર્થાત સૂર્યોદયની જગ્યાએ.

૧૪૫. અને શા માટે કુરઆનથી મોઢું ફેરવો છો ?

૧૪૬. અર્થાત જે સત્યનો તાબેદાર બનીને તેની ઉપર અટલ રહેવા ચાહતો હોય.

૧૪૭. સૂરએ ઇનફિતાર મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૧૯ આયતો ૮૦ શબ્દો અને ૩૨૭ અક્ષરો છે.

૧૪૮. ખારા મીઠા ભેગા થઇને બધું એકાચાર બની જાય.

૧૪૯. અને તેમાંના મડદાંઓને જીવતાં કરી કાઢવામાં આવે.

૧૫૦. સારાં અથવા નરસાં કર્મો.

૧૫૧. નેકી અથવા બદી. અને એક કથન એવું છે કે આગળ મોકલ્યું તેનો મતલબ સદકાઓ (ખૈરાત) છે અને જે પાછળ મૂક્યું તે વારસો છે.

૧૫૨. કે આટલી નેઅમત અને મહેરબાની છતાં તેં તેનો હક્ક પિછાણ્યો નહિ અને તેની નાફરમાની કરી.

૧૫૩. અને શૂન્યમાંથી અસ્તિત્વમાં આણ્યો.

૧૫૪. સારાં અવયવોવાળો સાંભળતો દેખતો.

૧૫૫. અવયવોમાં સમાનતા રાખી.

૧૫૬. લાંબો અથવા ઠીંગણો, રૂપાળો અથવા કદરૂપો, ગોરો અથવા કાળો, પુરૂષ અથવા સ્ત્રી.

**(૧૫) અને તેનાથી કયાંયે સંતાઇ શકશે નહિ (૧૬) અને તુ શું જાણે (કે) કેવો ન્યાયનો દિવસ ? (૧૭) પાછો તુ શું જાણે (કે) કેવો ન્યાયનો દિવસ ? (૧૮) જે દિવસે કોઇ જીવ (બીજા) કોઇ જીવનો કશો અધિકાર ધરાવશે નહિ[૧૬૫] (૧૯) અને સર્વ સત્તા (હુકમ) તે દિવસે અલ્લાહની છે (૨૦)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છ)[૧૬૬]**

**ઓછું તોલનારાઓની ખરાબી છે (૧) તેઓ કે જેઓ બીજાઓ પાસેથી માપીને લે ત્યારે પુરેપુરૂં લે (૨) અને જ્યારે તેમને માપી તોલીને આપે (ત્યારે) ઓછું કરે (૩) શું એ લોકોને ખ્યાલ નથી કે એમને ઉઠવાનું છે ? (૪) એક મહાનતાવાળા દિવસે[૧૬૭] (૫) જે દિવસે બધા લોકો[૧૬૮] રબ્બુલ આલમીન સમક્ષ ઉભા હશે (૬) બેશક ! કાફિરોનો લેખ[૧૬૯] સર્વથી નીચી જગ્યા સિજ્જીનમાં છે[૧૭૦] (૭) અને તને શું ખબર (કે) સિજ્જીન કેવી છે ?[૧૭૧] (૮) તે લેખ એક મહોર મારેલું લખાણ છે[૧૭૨] (૯) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી છે (૧૦) જેઓ ન્યાયના દિવસને જૂઠાડે છે[૧૭૩] (૧૧) અને તેને જૂઠાડશે નહિ પણ દરેક બંડખોર[૧૭૪] ગુન્હેગાર (૧૨) જ્યારે તેની સમક્ષ અમારી**

عم ٣٠ المطففين ٨٣

يَوْمَ الدِّينِ ﴿١٥﴾ وَمَا هُمْ عَنْهَا بِغَائِبِينَ ﴿١٦﴾ وَمَا أَدْرَاكَ مَا
يَوْمُ الدِّينِ ﴿١٧﴾ ثُمَّ مَا أَدْرَاكَ مَا يَوْمُ الدِّينِ ﴿١٨﴾ يَوْمَ لَا
تَمْلِكُ نَفْسٌ لِنَفْسٍ شَيْئًا وَالْأَمْرُ يَوْمَئِذٍ لِلَّهِ ﴿١٩﴾
سورة المطففين بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
وَيْلٌ لِلْمُطَفِّفِينَ ﴿١﴾ الَّذِينَ إِذَا اكْتَالُوا عَلَى النَّاسِ
يَسْتَوْفُونَ ﴿٢﴾ وَإِذَا كَالُوهُمْ أَوْ وَزَنُوهُمْ يُخْسِرُونَ ﴿٣﴾
أَلَا يَظُنُّ أُولَٰئِكَ أَنَّهُمْ مَبْعُوثُونَ ﴿٤﴾ لِيَوْمٍ عَظِيمٍ ﴿٥﴾ يَوْمَ
يَقُومُ النَّاسُ لِرَبِّ الْعَالَمِينَ ﴿٦﴾ كَلَّا إِنَّ كِتَابَ الْفُجَّارِ لَفِي
سِجِّينٍ ﴿٧﴾ وَمَا أَدْرَاكَ مَا سِجِّينٌ ﴿٨﴾ كِتَابٌ مَرْقُومٌ ﴿٩﴾ وَيْلٌ
يَوْمَئِذٍ لِلْمُكَذِّبِينَ ﴿١٠﴾ الَّذِينَ يُكَذِّبُونَ بِيَوْمِ الدِّينِ ﴿١١﴾
وَمَا يُكَذِّبُ بِهِ إِلَّا كُلُّ مُعْتَدٍ أَثِيمٍ ﴿١٢﴾ إِذَا تُتْلَىٰ

૧૫૭. તમારે તમારા પરવરદિગારની મહેરબાની પર અભિમાની બનવું જોઇએ નહિ.

૧૫૮. અને બદલાના દિવસના ઇન્કારી છો.

૧૫૯. તમારાં કર્મો અને કથનોના. અને તેઓ ફરિશ્તાઓ છે.

૧૬૦. તમારા આમાલને.

૧૬૧. નેકી કે બદી, તેમનાથી તમારૂં કોઇ કર્મ છુપું નથી.

૧૬૨. અર્થાત સાચા ઇમાનધારી મુઅમિનો.

૧૬૩. જન્નતમાં.

૧૬૪. કાફિર.

૧૬૫. અર્થાત કોઇ કાફિર બીજા કાફિરને કશો ફાયદો પહોંચાડી શકશે નહિ.

૧૬૬. સૂરએ મુતફ્ફેફીન એક કથન અનુસાર મક્કામાં ઉતરેલી છે અને એક કથન અનુસાર મદીનામાં અને એક કથન એવું છે કે હિજરત સમયે મક્કા શરીફ અને મદીના શરીફની વચમાં ઉતરી. આ સૂરતમાં ૧ રૂકૂઅ ૩૬ આયતો ૧૬૯ શબ્દો અને ૭૩૦ અક્ષરો છે.

**શાને નુઝૂલ** :- રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જ્યારે હિજરત કરીને મદીના તય્યેબા પધાર્યા ત્યારે અહીંના લોકો તોલ-માપમાં બેઇમાની કરતા હતા, ખાસ કરીને એક માણસ અબૂ જહીના એવો હતો જે બે માપ રાખતો હતો એક લેવાનું અને એક દેવાનું. તે લોકો માટે આ આયતો ઉતરી અને તેમને તોલ-માપમાં ઇન્સાફ કરવાનો હુક્મ આપવામાં આવ્યો.

**આયતો પઢવામાં આવે (ત્યારે) કહે ;[૧૭૫] આગલાઓની વાર્તાઓ છે' (૧૩) કશું નહિ ![૧૭૬] બલ્કે તેમના હૃદયો પર તેમની કમાણીઓએ કાઠ ચઢાવી દીધો છે[૧૭૭] (૧૪) હા ! હા ! બેશક ! તેઓ તે દિવસે[૧૭૮] પોતાના રબના દીદારથી વંચિત છે[૧૭૯] (૧૫) પછી બેશક ! તેમને જહન્નમમાં દાખલ થવાનું છે (૧૬) પછી કહેવામાં આવશે ; 'આ છે તે[૧૮૦] જેને તમે જૂઠાડતા હતા[૧૮૧] (૧૭) હા ! હા ! બેશક નેક લોકોનું લખાણ[૧૮૨] બધાંથી ઊંચા મહેલ ઇલ્લીય્યીનમાં છે[૧૮૩] (૧૮) અને તને શું ખબર (કે) ઇલ્લીય્યીન કેવી (જગ્યા) છે ?[૧૮૪] (૧૯) તે લખાણ એક મહોર મારેલું લખાણ છે[૧૮૫] (૨૦) કે નિકટતા વાળાઓ[૧૮૬] તેનાં દર્શન કરે છે (૨૧) બેશક ! નેક માણસો જરૂર રાહતમાં છે (૨૨) તખતો પર જુએ છે[૧૮૭] (૨૩) તુ તેમનાં મોઢાંઓમાં રાહતની પ્રફુલ્લતા ઓળખી કાઢે[૧૮૮] (૨૪) નિતરેલી શરાબ પીવડાવવામાં આવશે જે સીલબંધ મૂકેલી છે[૧૮૯] (૨૫) તેની મહોર (સીલ) કસ્તુરી પર છે અને લાલચ કરનારાઓએ તેની જ લાલચ કરવી જોઇએ[૧૯૦] (૨૬) અને તેનું મિશ્રણ તસ્નીમમાંથી છે[૧૯૧] (૨૭) તે (એક) ઝરો છે જેમાંથી (અલ્લાહના) દરબારમાં નિકટતા ધરાવનારાઓ પીએ છે[૧૯૨] (૨૮) બેશક ! અપરાધીઓ[૧૯૩] ઇમાનવાળાઓની[૧૯૪] હાંસી ઉડાડતા હતા (૨૯) અને જ્યારે તેઓ[૧૯૫] તેમની પાસેથી પસાર થતા ત્યારે પરસ્પર એમની તરફ આંખોથી ઇશારા કરતા[૧૯૬] (૩૦) અને**



عَلَيْهِ آيَاتُنَا قَالَ أَسَاطِيرُ الْأَوَّلِينَ ﴿١٣﴾ كَلَّا ۖ بَلْ ۜ رَانَ عَلَىٰ
قُلُوبِهِم مَّا كَانُوا يَكْسِبُونَ ﴿١٤﴾ كَلَّا إِنَّهُمْ عَن رَّبِّهِمْ يَوْمَئِذٍ
لَّمَحْجُوبُونَ ﴿١٥﴾ ثُمَّ إِنَّهُمْ لَصَالُو الْجَحِيمِ ﴿١٦﴾ ثُمَّ يُقَالُ هَٰذَا
الَّذِي كُنتُم بِهِ تُكَذِّبُونَ ﴿١٧﴾ كَلَّا إِنَّ كِتَابَ الْأَبْرَارِ لَفِي
عِلِّيِّينَ ﴿١٨﴾ وَمَا أَدْرَاكَ مَا عِلِّيُّونَ ﴿١٩﴾ كِتَابٌ مَّرْقُومٌ ﴿٢٠﴾ يَشْهَدُهُ
الْمُقَرَّبُونَ ﴿٢١﴾ إِنَّ الْأَبْرَارَ لَفِي نَعِيمٍ ﴿٢٢﴾ عَلَى الْأَرَائِكِ منزل ٧
يَنظُرُونَ ﴿٢٣﴾ تَعْرِفُ فِي وُجُوهِهِمْ نَضْرَةَ النَّعِيمِ ﴿٢٤﴾ يُسْقَوْنَ
مِن رَّحِيقٍ مَّخْتُومٍ ﴿٢٥﴾ خِتَامُهُ مِسْكٌ ۚ وَفِي ذَٰلِكَ فَلْيَتَنَافَسِ
الْمُتَنَافِسُونَ ﴿٢٦﴾ وَمِزَاجُهُ مِن تَسْنِيمٍ ﴿٢٧﴾ عَيْنًا يَشْرَبُ
بِهَا الْمُقَرَّبُونَ ﴿٢٨﴾ إِنَّ الَّذِينَ أَجْرَمُوا كَانُوا مِنَ الَّذِينَ
آمَنُوا يَضْحَكُونَ ﴿٢٩﴾ وَإِذَا مَرُّوا بِهِمْ يَتَغَامَزُونَ ﴿٣٠﴾ وَإِذَا

૧૬૭. અર્થાત કયામતના દિવસે. તે દિવસે રજે રજનો હિસાબ થશે.

૧૬૮. પોતાની કબરોમાંથી ઉઠીને...

૧૬૯. અર્થાત તેમનાં આમાલનામાંઓ.

૧૭૦. સિજ્જીન સાતમી જમીનની નીચે એક જગ્યા છે જે ઇબ્લીસ અને તેનાં સૈન્યોનું સ્થાન છે.

૧૭૧. અર્થાત તે ખૂબ જ ભયાનક અને બિહામણી જગ્યા છે.

૧૭૨. જે ન તો ભૂંસાઇ શકે છે ન બદલાઇ શકે છે.

૧૭૩. અને કયામતના દિવસને માનતા નથી.

૧૭૪. હદ વટાવી જનાર.

૧૭૫. તેના વિષે કે એ તો...

૧૭૬. તેનું કહેવું અસત્ય છે.

૧૭૭. તે ગુન્હાઓ અને બદીઓએ જે તેઓ કરે છે. અર્થાત પોતાનાં કુકર્મોના માઠા પરિણામ રૂપે તેમનાં હૃદયો કઠાએલાં અને કાળાં થઇ ગયાં છે.

**હદીષ** :- શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું ; જ્યારે બંદો કોઇ ગુન્હો કરે છે ત્યારે તેના દિલમાં એક કાળુ બિન્દુ પેદા થાય છે અને જ્યારે તે તવબહ ઇસ્તગફાર કરે છે ત્યારે દિલ ચોખ્ખું થઇ જાય છે અને જો ફરીવાર ગુન્હો કરે છે તો પેલું ટપકું મોટું બને છે એટલે સુધી કે તેનું આખું દિલ કાળું થઇ જાય

عم ٣٠ الانشقاق ٨٤

انقَلَبُوٓا اِلٰٓى اَهلِهِمُ انقَلَبُوا فَكِهِينَ ﴿٣١﴾ وَاِذَا رَاَوهُم
قَالُوٓا اِنَّ هٰٓؤُلَآءِ لَضَآلُّونَ ﴿٣٢﴾ وَمَآ اُرسِلُوا عَلَيهِم حٰفِظِينَ ﴿٣٣﴾
فَاليَومَ الَّذِينَ اٰمَنُوا مِنَ الكُفَّارِ يَضحَكُونَ ﴿٣٤﴾ عَلَى الاَرَآئِكِ
يَنظُرُونَ ﴿٣٥﴾ هَل ثُوِّبَ الكُفَّارُ مَا كَانُوا يَفعَلُونَ ﴿٣٦﴾

سُورَةُ الانشِقَاقِ مَكِّيَّةٌ — بِسمِ اللّٰهِ الرَّحمٰنِ الرَّحِيمِ — خَمسٌ وَّعِشرُونَ اٰيَةً

اِذَا السَّمَآءُ انشَقَّت ﴿١﴾ وَاَذِنَت لِرَبِّهَا وَحُقَّت ﴿٢﴾ وَاِذَا
الاَرضُ مُدَّت ﴿٣﴾ وَاَلقَت مَا فِيهَا وَتَخَلَّت ﴿٤﴾ وَاَذِنَت
لِرَبِّهَا وَحُقَّت ﴿٥﴾ يٰٓاَيُّهَا الاِنسَانُ اِنَّكَ كَادِحٌ اِلٰى رَبِّكَ
كَدحًا فَمُلٰقِيهِ ﴿٦﴾ فَاَمَّا مَن اُوتِيَ كِتٰبَهٗ بِيَمِينِهٖ ﴿٧﴾ فَسَوفَ
يُحَاسَبُ حِسَابًا يَّسِيرًا ﴿٨﴾ وَّيَنقَلِبُ اِلٰٓى اَهلِهٖ مَسرُورًا ﴿٩﴾
وَاَمَّا مَن اُوتِيَ كِتٰبَهٗ وَرَآءَ ظَهرِهٖ ﴿١٠﴾ فَسَوفَ يَدعُوا ثُبُورًا ﴿١١﴾

જ્યારે[૧૯૭] પોતાના ઘરોમાં પાછા ફરતા[૧૯૮] ત્યારે હર્ષોલ્લાસ કરતાં પાછા ફરતા હતા (૩૧) અને જ્યારે મુસલમાનોને દેખતા ત્યારે કહેતા; 'બેશક ! આ લોકો ભટકી ગએલા છે[૧૯૯] (૩૨) અને આ[૨૦૦] લોકો એમની ઉપર કંઇ રક્ષકો બનાવીને મોકલાયા નથી[૨૦૧] (૩૩) તો આજે[૨૦૨] ઇમાનવાળાઓ કાફિરો પર હસે છે[૨૦૩] (૩૪) તખતો પર બેસીને જુએ છે[૨૦૪] (૩૫) શું કંઇ કાફિરોને પોતાના કર્મોનો બદલો મળ્યો ?[૨૦૫] (૩૬)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૦૬]**

જ્યારે આકાશ ફાટી જાય[૨૦૭] (૧) અને પોતાના રબનો હુકમ સાંભળે[૨૦૮] અને તેને એ જ લાયક છે (૨) અને જ્યારે જમીન લાંબી કરવામાં આવે[૨૦૯] (૩) અને જે કંઇ તેમાં છે[૨૧૦] તે નાખી દે અને ખાલી થઇ જાય (૪) અને પોતાના રબનો હુકમ સાંભળે[૨૧૧] અને તેને એ જ લાયક છે[૨૧૨] (૫) અય માનવી ! તારે તારા રબ તરફ[૨૧૩] અવશ્ય દોડવાનું છે પછી તેને મળવાનું છે[૨૧૪] (૬) તો તે જેને પોતાનું આમાલનામું જમણા હાથમાં આપવામાં આવે[૨૧૫] (૭) તેની પાસેથી નજીકમાં જ સહેલાઇથી હિસાબ લેવામાં આવશે[૨૧૬] (૮) અને પોતાનાં ઘરવાળાઓ તરફ[૨૧૭] ખુશ થઇને પાછો ફરશે[૨૧૮] (૯) અને તે જેને તેનું આમાલનામું તેની પીઠ પાછળથી આપવામાં આવે[૨૧૯] (૧૦) તે નજીકમાં જ મૃત્યુ માંગશે[૨૨૦] (૧૧)

છે અને એજ 'રયન' છે એટલે કે એ જ તે કાઠ છે જેનું વર્ણન આયતમાં થયું છે. (તિરમિઝી)

૧૭૮. એટલે કે કયામતના દિવસે.

૧૭૯. જેમ કે દુનિયામાં તેની તવહીદથી વંચિત રહ્યા.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે મુઅમિનોને આખેરતમાં અલ્લાહના દીદારની દોલત પ્રાપ્ત થશે કારણ કે દીદારથી વંચિત રહેવું એ કાફિરો માટે બયાન કરવામાં આવ્યું અને જે વસ્તુ કાફિરો માટે વઇદ અને ધમકી હોય તે મુસલમાન માટે સાબિત થઇ શકતી નથી તો પુરવાર થયું કે મુઅમિનો માટે એ વંચિતતા નહિ હોય. હઝરત ઇમામ માલિક રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું કે; જ્યારે તેણે પોતાના દુશ્મનોને પોતાના દીદારથી વંચિત રાખ્યા તો મિત્રોને પોતાની તજલ્લી જરૂર દેખાડશે અને પોતાના દીદારથી પાવન કરશે.

૧૮૦. અઝાબ.....

૧૮૧. દુનિયામાં.

૧૮૨. અર્થાત સાચા ઇમાનદારોનાં આમાલનામાંઓ.

૧૮૩. ઇલ્લીય્યીન સાતમા આકાશમાં અર્શની નીચે (એક જગ્યા) છે.

૧૮૪. અર્થાત તેની શાન અજબ મહાન છે.

૧૮૫. ઇલ્લીય્યીનમાં. તેમાં તેમનાં આમાલનામાંઓ છે.

૧૮૬. ફરિશ્તાઓ.

૧૮૭. અલ્લાહ તઆલાના આપેલા સન્માન અને તેની નેઅમતોને. અને પોતાના દુશ્મનોને જેઓ જાત જાતના અઝાબમાં સપડાએલા છે.

૧૮૮. કે તે હર્ષોલ્લાસથી ચળકતાં હશે અને દિલની ખુશીનાં ચિન્હો તેમનાં મોઢાંઓ પર જાહેર થએલા હશે.

૧૮૯. કે નેક લોકો જ તેની મહોર તોડશે.

૧૯૦. નેકીઓ તરફ આગળ વધીને અને બુરાઇઓથી વેગળા રહીને.

૧૯૧. જે જન્નતની શરાબોમાં સર્વોત્તમ છે.

૧૯૨. અર્થાત નિકટતાવાળાઓ ચોખ્ખું તસ્નીમનું પીણું પીએ છે અને બીજા જન્નતી લોકાના શરાબમાં તેનું મિશ્રણ કરવામાં આવે છે.

૧૯૩. જેવા કે અબૂજહલ, વલીદ બિન મુગેરા અને આસ બિન વાઇલ વિગેરે કાફિરોના આગેવાનો

૧૯૪. જેવા કે હઝરત અમ્માર અને ખબ્બાબ અને સુહેબ અને બિલાલ વિગેરે ગરીબ મુસલમાનો.

૧૯૫. મુઅમિનીન.

૧૯૬. મ્હેણાં ટોણાં મારતાં.

**શાને નુઝૂલ** :- બયાન કરવામાં આવ્યું છે કે હઝરત અલી મુરતઝા રદીયલ્લાહુ તઆલા અન્હુ મુસલમાનોના એક ટોળા સાથે ક્યાંક જઇ રહ્યા હતા. મુનાફિકોએ તેઓને દેખીને આંખો વડે ઇશારાઓ કર્યા અને ઠેકડી ઉડાડી અને પરસ્પર તેમના વિષે અયોગ્ય શબ્દો ઉચ્ચાર્યા. ત્યારે હઝરત અલી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં હાજર થાય ત્યાર પહેલાં આ આયતો ઉતરી.

૧૯૭. કાફિરો.

૧૯૮. અર્થાત મુસલમાનોનું ભુંડું બોલીને પરસ્પર હરખાતા અને હસતા હસતા.

૧૯૯. કે સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન લઇ આવ્યા અને આખેરતની આશાએ દુનિયાની લિજ્જતોને ત્યજી દીધી. અલ્લાહ તઆલા ફરમાવે છે.....

૨૦૦. કાફિર.....

૨૦૧. કે તેમની હાલત અને આમાલ બદલ પકડ કરે બલ્કે એમને તો એમની પોતાની સુધારણાનો હુકમ આપવામાં આવ્યો છે તેઓ પોતે પોતાને સુધારે બીજાઓને મૂર્ખ કહેવાથી અને તેમની ઠેકડી ઉડાડવાથી શું લાભ ?

૨૦૨. અર્થાત કયામતના દિવસે.

૨૦૩. જેવી રીતે કે કાફિરો દુનિયામાં મુસલમાનોની ગરીબી અને કષ્ટમય જીવનની હાંસી ઉડાડતા હતા, અહીં મામલો અવળો છે, મુઅમિનો કાયમના એશઆરામમાં છે અને કાફિરો અપમાનજનક કાયમના અઝાબમાં. જહન્નમનો દરવાજો ઉઘેડવામાં આવે છે કાફિરો તેમાંથી નીકળવા માટે દરવાજા તરફ દોટ મૂકે છે પણ જ્યારે તેઓ દરવાજાની નજીક લાધે છે ત્યારે દરવાજો બંધ થઇ જાય છે. વારંવાર આવું જ થાય છે. આવી હાલત જોઇને મુસલમાનો તેમની ઉપર હસે છે. અને મુસલમાનોની હાલત એવી છે કે તેઓ જન્નતમાં જવાહેરાતના.....

૨૦૪. કાફિરોના અપમાન અને તેમની ફજેતી તેમજ અઝાબની સખ્તાઇને અને તેમની ઉપર હસે છે.

૨૦૫. અર્થાત તે અમલોનો જે તેમણે દુનિયામાં કર્યા હતા.

અને ભભુકતી આગમાં જશે (૧૨) બેશક ! તે પોતાના ઘરમાં[૨૨૧] ખુશ હતો[૨૨૨] (૧૩) તે સમજ્યો કે તેને પાછુ જવાનું નથી[૨૨૩] (૧૪) હા ! કેમ નહિ.[૨૨૪] બેશક ! તેનો રબ તેને નિહાળી રહ્યો છે (૧૫) તો મને કસમ છે સાંજના અજવાળાની[૨૨૫] (૧૬) અને રાત્રીની અને જે વસ્તુઓ તેમાં ભેગી થાય છે (તેની)[૨૨૬] (૧૭) અને ચંદ્રની જ્યારે કે તે સંપૂર્ણ બને[૨૨૭] (૧૮) અવશ્ય તમે તબક્કાવાર ચઢશો[૨૨૮] (૧૯) તો એમને શું થયું છે કે ઇમાન લાવતા નથી ?[૨૨૯] (૨૦) અને જ્યારે કુરઆન પઢવામાં આવે ત્યારે સિજદો કરતા નથી ?[૨૩૦] (૨૧) બલ્કે કાફિરો જૂઠાડે છે[૨૩૧] (૨૨) અને જે (તેઓ) પોતાના જીવમાં (છુપાવીને) રાખે છે[૨૩૨] તેને અલ્લાહ સારી રીતે જાણે છે (૨૩) તો તમે તેમને દુ:ખદાયક અઝાબના શુભ સમાચાર આપો[૨૩૩] (૨૪) પરંતુ જેઓ ઇમાન લાવ્યા અને સારા અમલ કર્યા તેમના માટે તે સવાબ છે જે કદી પુરો નહિ થાય (૨૫)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૩૪]**

આકાશની કસમ જેમાં કાંગરાઓ છે[૨૩૫] (૧) અને તે દિવસની જેનો વાયદો છે[૨૩૬] (૨) અને તે દિવસની જે સાક્ષી છે[૨૩૭] અને તે દિવસની જેમાં હાજર થાય છે[૨૩૮] (૩) ખાઇવાળાઓ પર લઅનત થાય[૨૩૯] (૪) તે ભભુકતી આગવાળાઓ (૫)

عم ٣٠ — البروج ٨٥

وَيَصْلَىٰ سَعِيرًا ﴿١٢﴾ إِنَّهُ كَانَ فِي أَهْلِهِ مَسْرُورًا ﴿١٣﴾ إِنَّهُ
ظَنَّ أَن لَّن يَحُورَ ﴿١٤﴾ بَلَىٰ إِنَّ رَبَّهُ كَانَ بِهِ بَصِيرًا ﴿١٥﴾
فَلَا أُقْسِمُ بِالشَّفَقِ ﴿١٦﴾ وَاللَّيْلِ وَمَا وَسَقَ ﴿١٧﴾ وَالْقَمَرِ إِذَا
اتَّسَقَ ﴿١٨﴾ لَتَرْكَبُنَّ طَبَقًا عَن طَبَقٍ ﴿١٩﴾ فَمَا لَهُمْ لَا
يُؤْمِنُونَ ﴿٢٠﴾ وَإِذَا قُرِئَ عَلَيْهِمُ الْقُرْآنُ لَا يَسْجُدُونَ ﴿٢١﴾
بَلِ الَّذِينَ كَفَرُوا يُكَذِّبُونَ ﴿٢٢﴾ وَاللَّهُ أَعْلَمُ بِمَا
يُوعُونَ ﴿٢٣﴾ فَبَشِّرْهُم بِعَذَابٍ أَلِيمٍ ﴿٢٤﴾ إِلَّا الَّذِينَ
آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَهُمْ أَجْرٌ غَيْرُ مَمْنُونٍ ﴿٢٥﴾
سورة البروج مكية — بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ — اثنتان وعشرون آية
وَالسَّمَاءِ ذَاتِ الْبُرُوجِ ﴿١﴾ وَالْيَوْمِ الْمَوْعُودِ ﴿٢﴾ وَشَاهِدٍ
وَمَشْهُودٍ ﴿٣﴾ قُتِلَ أَصْحَابُ الْأُخْدُودِ ﴿٤﴾ النَّارِ ذَاتِ الْوَقُودِ ﴿٥﴾

૨૦૬. સૂરએ ઇનશિકાક મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૨૫ આયતો ૧૦૭ શબ્દો અને ૪૩૦ અક્ષરો છે.

૨૦૭. કયામત વખતે.

૨૦૮. પોતાને ફાટી જવા વિષે અને તેને માને.

૨૦૯. અને તેની ઉપર કોઇ ઇમારત કે પર્વત બાકી રહે નહિ.

૨૧૦. અર્થાત એના પેટમાં જે ભંડારો અને મડદાંઓ વિગેરે છે તે સર્વેને બહાર.....

૨૧૧. પોતાની અંદરની વસ્તુઓ બહાર ફેંકી દેવા બાબતનો, અને તેને માને.

૨૧૨. તે સમયે માનવી પોતાનાં કર્મોનાં પરિણામો નિહાળશે.

૨૧૩. અર્થાત તેની સમક્ષ હાજર થવા માટે. એ ઇશારો મૃત્યુ તરફ છે. (મદારિક)

૨૧૪. અને પોતાના અમલનું ફળ પામવાનું છે.

૨૧૫. તે મુઅમિન છે.

૨૧૬. સહેલો હિસાબ એ છે કે તેની સામે તેના અમલો રજુ કરવામાં આવે તે પોતાની નેકી અને બદીને ઓળખે પછી નેકી બદલ સવાબ આપવામાં આવે અને બદીને માફ કરી દેવામાં આવે, એ સહેલો હિસાબ છે. ન તો એમાં કડકાઇ ન તો પકડ કે એવું પૂછવા આવે કે, આવુ શા માટે કર્યું ? ન તો કારણ પૂછવામાં આવે ન તો તેની ઉપર દલીલ કરવામાં આવે, કારણ કે જેને કારણ પૂછવામાં આવશે તેને કશું કારણ કે બહાનું જડશે નહિ અને તે કશી દલીલ રજુ કરી શકશે નહિ અને તેથી અપમાનિત થશે. (અલ્લાહ તઆલા

હિસાબની સખ્તાઇથી બચાવે)

૨૧૭. ઘરવાળાંઓનો નિર્દેશ જન્નતી ઘરવાળાંઓ પ્રતિ છે તે હૂરોમાંથી હોય કે માનવીઓમાંથી.

૨૧૮. પોતાની આ સફળતા બદલ.

૨૧૯. અને તે કાફિર છે જેનો જમણો હાથ તો તેની બોચી સાથે ભેગો કરીને બાંધી દેવામાં આવશે અને ડાબો હાથ પીઠ પાછળ કરી દેવામાં આવશે તેમાં તેનું આમાલનામું આપવામાં આવશે આ હાલતને દેખીને તે સમજી જશે કે તે દોઝખી છે તેથી.....

૨૨૦. અને 'યાસુબૂરા' કહેશે. સુબૂરનો અર્થ વિનાશનો છે.

૨૨૧. દુનિયામાં.

૨૨૨. પોતાની વાસનાઓ અને લાલશાઓમાં અને ઘમંડી તેમજ અભિમાની.

૨૨૩. પોતાના પરવરદિગાર તરફ અને મૃત્યુ પછી તેને ઉઠાડવામાં નહિ આવે.

૨૨૪. અવશ્ય પોતાના રબ તરફ પાછો ફરશે અને મૃત્યુ પછી ઉઠાડવામાં આવશે અને હિસાબ લેવામાં આવશે.

૨૨૫. જે લાલાશ પછી જાહેર થાય છે અને જેના અસ્ત પછી ઇમામ સાહેબના મંતવ્ય અનુસાર ઇશાનો સમય શરૂ થાય છે અને ઘણા સહાબાઓનું પણ એવું જ કહેવું છે. અને અમુક આલિમો ''શફક''નો મતલબ લાલાશ કહે છે.

૨૨૬. દા.ત. જાનવરો, જે દિવસ દરમ્યાન ફરતાં થઇ જાય છે અને રાત્રે પોતાનાં સ્થાનો અને માળાઓ તરફ પાછાં ફરે છે. અથવા અંધકાર અથવા તારાઓ અથવા તહજ્જુદ જેવા અમલો જે રાત્રે કરાઇ છે.

૨૨૭. અને તેનો પ્રકાશ સંપૂર્ણ બની જાય અને એવું ''અય્યામે બીઝ'' એટલે કે તેરમી, ચૌદમી અને પંદરમી તારીખોએ બને છે.

૨૨૮. આ સંબોધન યા તો માનવીઓને છે, એ રીતે અર્થ એ થશે કે તમારી એક પરિસ્થિતિ પછી બીજી પરિસ્થિતિ થશે. હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુમાએ ફર્માવ્યું કે, મૃત્યુની સખ્તી અને ભયંકરતા પછી મૃત્યુ બાદ ઉઠવું પછી હિસાબ સ્થાને હાજર થવું વિગેરે. અને એવું પણ કહેવાયું છે કે મનુષ્યની હાલતમાં તબક્કાઓ છે. એક સમયે તે દૂધ પીતું બાળક હોય છે પછી દૂધ છુટે છે પછી બાલ્યાવસ્થા આવે છે પછી યુવાન થાય છે પછી યુવાની ઉતરે છે પછી વૃધ્ધ બને છે.

અને એક કથન એવું છે કે એ સંબોધન નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને છે, કે આપ મેઅરાજની રાત્રે એક આકાશ પર ગયા પછી બીજા પર પછી એ રીતે તબક્કાવાર ધીરે ધીરે નિકટતાની મંઝિલોમાં પહોંચ્યા.

બુખારી શરીફની હદીષમાં હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ બયાન કર્યું છે કે આ આયતમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની હાલતનું વર્ણન થયું છે. અર્થ એ છે કે આપને મુશ્રિકો સામે જીત અને વિજય પ્રાપ્ત થશે અને પરિણામ ઘણું સારૂં નિવડશે આપ કાફિરોની બંડખોરી અને તેમના જૂઠાડવાથી દિલગીર થશો નહિ.

૨૨૯. અર્થાત હવે ઇમાન લાવવામાં શું અટકાવ છે ? દલીલો જાહેર થઇ ગયા છતાં કેમ ઇમાન લાવતા નથી ?

૨૩૦. એનો મતલબ સિજદએ તિલાવત છે.

إِذْ هُمْ عَلَيْهَا قُعُودٌ ﴿٦﴾ وَهُمْ عَلَىٰ مَا يَفْعَلُونَ بِالْمُؤْمِنِينَ
شُهُودٌ ﴿٧﴾ وَمَا نَقَمُوا مِنْهُمْ إِلَّا أَن يُؤْمِنُوا بِاللَّهِ الْعَزِيزِ الْحَمِيدِ ﴿٨﴾
الَّذِي لَهُ مُلْكُ السَّمَاوَاتِ وَالْأَرْضِ ۚ وَاللَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ
شَهِيدٌ ﴿٩﴾ إِنَّ الَّذِينَ فَتَنُوا الْمُؤْمِنِينَ وَالْمُؤْمِنَاتِ ثُمَّ
لَمْ يَتُوبُوا فَلَهُمْ عَذَابُ جَهَنَّمَ وَلَهُمْ عَذَابُ الْحَرِيقِ ﴿١٠﴾
إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَهُمْ جَنَّاتٌ تَجْرِي
مِن تَحْتِهَا الْأَنْهَارُ ۚ ذَٰلِكَ الْفَوْزُ الْكَبِيرُ ﴿١١﴾ إِنَّ بَطْشَ
رَبِّكَ لَشَدِيدٌ ﴿١٢﴾ إِنَّهُ هُوَ يُبْدِئُ وَيُعِيدُ ﴿١٣﴾ وَهُوَ
الْغَفُورُ الْوَدُودُ ﴿١٤﴾ ذُو الْعَرْشِ الْمَجِيدُ ﴿١٥﴾ فَعَّالٌ لِّمَا
يُرِيدُ ﴿١٦﴾ هَلْ أَتَاكَ حَدِيثُ الْجُنُودِ ﴿١٧﴾ فِرْعَوْنَ وَثَمُودَ ﴿١٨﴾
بَلِ الَّذِينَ كَفَرُوا فِي تَكْذِيبٍ ﴿١٩﴾ وَاللَّهُ مِن وَرَائِهِم

**જ્યારે કે તેઓ તેના કાંઠાઓ પર બેઠા હતા[૨૪૦] (૬) અને તેઓ પોતે જે કંઇ તેઓ મુસલમાનો સાથે કરી રહ્યા હતા તેના સાક્ષી છે[૨૪૧] (૭) અને તેમને મુસલમાનોનું શું માઠું લાગ્યું ? એ જ કે તેઓ ઇજ્જતવાળા બધી ખૂબીઓથી વખણાએલા અલ્લાહ પર ઇમાન લાવ્યા (૮) કે આકાશો અને પૃથ્વીનું રાજ્ય તેના માટે જ છે અને અલ્લાહ પ્રત્યેક વસ્તુ પર સાક્ષી છે (૯) બેશક ! જેમણે મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓને[૨૪૨] ઇજા આપી પછી તવબહ કરી નહિ[૨૪૩] તેમની માટે જહન્નમનો અઝાબ છે[૨૪૪] અને તેમની માટે આગનો અઝાબ[૨૪૫] (૧૦) બેશક ! જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા તેમની માટે બગીચાઓ છે જેની નીચે નહેરો વહે. એજ મહાન સફળતા છે (૧૧) બેશક ! તારા રબની પકડ બહું સખત છે[૨૪૬] (૧૨) બેશક ! તે પ્રથમ સર્જે અને ફરીવાર કરે[૨૪૭] (૧૩) અને તે જ છે માફ કરનાર પોતાના નેક બંદાઓ માટે વ્હાલો (૧૪) ઇજ્જતવાળા અર્શનો માલિક (૧૫) હમેશાં જે ઇચ્છે તે કરી નાંખનાર (૧૬) શું તમારી પાસે લશ્કરોની વાત આવી ?[૨૪૮] (૧૭) તે લશ્કરો કોણ ? ફિરઔન અને ષમૂદ[૨૪૯] (૧૮) બલ્કે[૨૫૦] કાફિરો જૂઠાડવામાં છે[૨૫૧] (૧૯) અને અલ્લાહે તેમને તેમની પાછળથી ઘેરી લીધેલા**

**શાને નુઝૂલ** :- જ્યારે સૂરએ ઇકરઅમાં ''વસ્જુદ વકતરિબ'' ઉતર્યું ત્યારે હુઝૂરે એ આયત પઢીને સિજદો કર્યો, મુઅમિનોએ પણ આપની સાથે સિજદો કર્યો પણ કુરેશના કાફિરોએ સિજદો કર્યો નહિ તેમના એ કૃત્યને વખોડવા આ આયત ઉતરી કે કાફિરો સામે જ્યારે કુરઆન પઢાય છે ત્યારે સિજદો કરતા નથી.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે સાંભળનારની ઉપર પણ સિજદએ તિલાવત વાજિબ થાય છે. અને હદીષથી સાબિત છે કે પઢનાર સાંભળનાર બન્ને પર સિજદો વાજિબ થાય છે.

કુરઆન શરીફમાં સિજદાની ૧૪ આયતો છે જેમને પઢવાથી કે સાંભળવાથી સિજદો વાજિબ થાય છે સાંભળનારે સાંભળવાનો ઇરાદો કર્યો હોય કે ન કર્યો હોય.

**મસઅલો** :- સિજદએ તિલાવત માટે પણ તે જ શરતો છે જે નમાઝ માટે છે જેમકે પાકી અને કિબ્લા તરફ મોઢું કરવું અને સતરે અવરત વિગેરે.

**મસઅલો** :- સિજદાની શરૂઆતમાં અને છેલ્લે અલ્લાહુ અકબર કહેવું જોઇએ.

**મસઅલો** :- ઇમામે સિજદાની આયત પઢી હોય તો તેની ઉપર અને મુક્તદીઓ પર અને જે વ્યક્તિ નમાઝમાં ન હોય પણ સાંભળી લે તેની ઉપર સિજદો વાજિબ થાય છે.

**મસઅલો** :- જેટલી આયતો સિજદાની પઢશે તેટલા જ સિજદા વાજિબ થશે. જો એક જ આયત એક જ મજલિસમાં વારંવાર પઢવામાં આવી તો એક જ સિજદો વાજિબ થયો.

૨૩૧. કુરઆનને અને મૃત્યુ પછી ઉઠવાને.

૨૩૨. કુફ્ર અને હુઝૂરને જૂઠાડવું.

૨૩૩. તેમના કુફ્ર અને દુશ્મની બદલ.

૨૩૪. સૂરએ બુરુજ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૨૨ આયતો ૧૦૯ શબ્દો અને ૪૬૫ અક્ષરો છે.

૨૩૫. જેમની સંખ્યા ૧૨ છે અને તેમનાથી અલ્લાહની કુદરતની આશ્ચર્યજનક બાબતો જાહેર થાય છે. સૂર્ય, ચંદ્ર અને તારાઓનું ભ્રમણ તેમનામાં એક અંદાજ મુજબ નક્કી થએલું છે જેમાં ફેરફાર થતો નથી.

૨૩૬. તે કયામતનો દિવસ છે.

૨૩૭. એનો મતલબ જુમ્અહનો દિવસ છે જેવું કે હદીષ શરીફમાં બયાન થએલું છે.

૨૩૮. માનવીઓ અને ફરિશ્તાઓ. એનો મતલબ અરફાનો દિવસ છે.

૨૩૯. બયાન કરવામાં આવ્યું છે કે આગલા સમયમાં એક બાદશાહ હતો. જ્યારે તેનો જાદૂગર વૃધ્ધ થઇ ગયો ત્યારે તેણે કહ્યું કે; મારી પાસે એક છોકરો મોકલ જેને હું જાદુ શિખવાડું. બાદશાહે તેની પાસે એક છોકરો મૂક્યો, તે જાદુ શિખવા માંડયો. તેના (જાદુગર પાસે જવાના) માર્ગમાં એક પાદરી રહેતો હતો તે (છોકરો આવતાં જતાં) પેલા પાદરી પાસે બેસવા ઉઠવા લાગ્યો અને તેની વાતો તેના દિલમાં બેસવા માંડી. હવે આવતાં જતાં દરરોજ તેણે પાદરી પાસે બેસવાનું ચાલુ કરી દીધું. એક દિવસે રસ્તામાં એક બિહામણું જાનવર મળ્યું, છોકરાએ એક પથ્થર હાથમાં લઇને એવી દુઆ કરી કે; અય અલ્લાહ ! જો પાદરી તને વ્હાલો હોય તો મારા પથ્થરથી આ જાનવરનો નાશ કર. પેલું જાનવર તેના પથ્થરથી નાશ પામ્યું. ત્યાર પછી તે છોકરાની બધી જ દુઆઓ કબૂલ થવા લાગી અને તેની દુઆથી કોઢીયાઓ અને આંધળાઓ સારા થવા માંડયા. બાદશાહનો એક દરબારી આંધળો થઇ ગયો હતો તે આવ્યો અને પછી બાદશાહના દરબારમાં ગયો. બાદશાહે પૂછ્યું કે; તને કોણે સારૂં કરી દીધું ? કહ્યું; મારા પરવરદિગારે. બાદશાહે કહ્યું; શું મારા સિવાય બીજો પણ કોઇ રબ છે ? એવું કહીને તેણે પેલા પર સખ્તાઇ કરવાનું શરૂં કર્યું. એટલે સુધી કે તેણે પેલા છોકરાનુ નામ કહી દીધું. અને છોકરા પર સખ્તાઇ કરી, તેણે પાદરીનુ નામ આપ્યું. પછી પાદરી પર સખ્તાઇ કરવાનુ શરૂ કર્યું અને કહેવા માંડયો કે, તારો ધર્મ ત્યજી દે. તેણે ઇન્કાર કર્યો ત્યારે તેના પર આરીયું મૂકીને તેને ચીરી નંખાવ્યો. પછી હુક્મ આપ્યો કે છોકરાને પહાડની શિખા પરથી ગબડાવીને મારી નાંખવામાં આવે. સિપાઇઓ તેને પર્વતની શિખા પર લઇ ગયા ત્યારે તેણે દુઆ કરી એટલે પર્વત પર ધરતીકંપ થયો અને બધા જ પડીને મરી ગયા પણ છોકરો સલામત રીતે પાછો આવ્યો બાદશાહે પૂછ્યું કે સિપાઇઓ ક્યાં ગયા ? તેણે કહ્યું; બધાંનો અલ્લાહે નાશ કર્યો. પછી બાદશાહે છોકરાને સમુદ્રમાં ડૂબાડી દેવા માટે મોકલ્યો. છોકરાએ દુઆ કરી તો વહાણ અને બાદશાહના બધા જ માણસો ડૂબી ગયા, અને છોકરો સહીસલામત બાદશાહ પાસે પાછો ફર્યો. બાદશાહે પૂછ્યું; પેલા માણસો ક્યાં ગયા ? તેણે કહ્યું; બધાંનો અલ્લાહે નાશ કર્યો, અને તુ મને કદાપી મારી શકીશ નહિ જ્યાં સુધી કે તુ તે કામ કરે નહિ જે હું કહું. બાદશાહે પૂછયું; તે શું ? છોકરાએ કહ્યું; એક મેદાનમાં બધા લોકોને ભેગા કર અને મને ખજૂરના વૃક્ષ પર સૂળીએ લટકાવ પછી મારા ભાથામાંથી એક તીર કાઢ પછી તે બિસ્મિલ્લાહે રબ્બિલ ગુલામ (અલ્લાહના નામથી જે છોકરાનો રબ છે) કહીને માર. જો તું આવું કરીશ તો મને મારી શકીશ. બાદશાહે એવું જ કર્યું. તીર છોકરાની ટીશીમાં વાગ્યું, તેણે પોતાનો હાથ તેની પર મૂકયો અને ગુજરી ગયો. આ જોઇને બધા જ લોકો ઇમાન લઇ આવ્યા, તેથી બાદશાહને ઓર વધારે દુઃખ થયું અને તેણે એક ખાઇ ખોદાવી અને તેમાં આગ સળગાવી અને હુક્મ આપ્યો કે જે દીનથી ફરી જાય નહિ તેને આ આગમાં નાખી દો. લોકો તેમાં નંખાવા લાગ્યા, એટલે સુધી કે એક સ્ત્રીનો વારો આવ્યો તેની કેડમાં બાળક હતું તેથી તે જરાક ખંચવાઇ

مُحِيطٌ ﴿٢٠﴾ بَلْ هُوَ قُرْاٰنٌ مَّجِيدٌ ﴿٢١﴾ فِي لَوْحٍ مَّحْفُوظٍ ﴿٢٢﴾

سُورَةُ الطَّارِقِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ وَهِيَ سَبْعَ عَشْرَةَ اٰيَةً

وَالسَّمَآءِ وَالطَّارِقِ ﴿١﴾ وَمَآ اَدْرٰىكَ مَا الطَّارِقُ ﴿٢﴾ النَّجْمُ
الثَّاقِبُ ﴿٣﴾ اِنْ كُلُّ نَفْسٍ لَّمَّا عَلَيْهَا حَافِظٌ ﴿٤﴾ فَلْيَنْظُرِ
الْاِنْسَانُ مِمَّ خُلِقَ ﴿٥﴾ خُلِقَ مِنْ مَّآءٍ دَافِقٍ ﴿٦﴾ يَّخْرُجُ
مِنْ بَيْنِ الصُّلْبِ وَالتَّرَآئِبِ ﴿٧﴾ اِنَّهٗ عَلٰى رَجْعِهٖ لَقَادِرٌ ﴿٨﴾
يَوْمَ تُبْلَى السَّرَآئِرُ ﴿٩﴾ فَمَا لَهٗ مِنْ قُوَّةٍ وَّلَا نَاصِرٍ ﴿١٠﴾ وَالسَّمَآءِ
ذَاتِ الرَّجْعِ ﴿١١﴾ وَالْاَرْضِ ذَاتِ الصَّدْعِ ﴿١٢﴾ اِنَّهٗ لَقَوْلٌ
فَصْلٌ ﴿١٣﴾ وَّمَا هُوَ بِالْهَزْلِ ﴿١٤﴾ اِنَّهُمْ يَكِيدُونَ كَيْدًا ﴿١٥﴾
وَّاَكِيدُ كَيْدًا ﴿١٦﴾ فَمَهِّلِ الْكٰفِرِينَ اَمْهِلْهُمْ رُوَيْدًا ﴿١٧﴾

سُورَةُ الْاَعْلٰى مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ وَهِيَ تِسْعَ عَشْرَةَ اٰيَةً

**છે[૨૫૨] (૨૦) બલ્કે એ તો મહા સન્માનિત કુરઆન છે (૨૧) લવહે મહફૂઝમાં (૨૨)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૫૩]**

**કસમ આસ્માનની અને રાત્રે આવનારની[૨૫૪] (૧) અને તમે કંઇ જાણ્યું કે તે રાત્રે આવનાર શું છે ? (૨) ખૂબ ઝળહળતો તારો (૩) કોઇ જીવ (એવો) નથી જેની તપાસ રાખનાર ન હોય[૨૫૫] (૪) તો માણસે વિચારવું જોઇએ કે તેને કઇ વસ્તુથી બનાવવામાં આવ્યો ?[૨૫૬] (૫) બનાવાયો (એવા) પાણીથી જે કૂદકો મારી નીકળનાર છે[૨૫૭] (૬) જે પીઠ અને છાતીઓની વચમાંથી નીકળે છે[૨૫૮] (૭) બેશક ! અલ્લાહ તેને પરત કરવા માટે[૨૫૯] શક્તિમાન છે (૮) જે દિવસે છુપી વાતોની તપાસ થશે[૨૬૦] (૯) તો માનવી પાસે ન તો કંઇ તાકાત હશે ન મદદગાર[૨૬૧] (૧૦) આકાશની કસમ ! જેમાંથી વરસાદ ઉતરે છે[૨૬૨] (૧૧) અને પૃથ્વીની (કસમ) જે એનાથી ખિલી ઉઠે છે[૨૬૩] (૧૨) બેશક ! કુરઆન જરૂર ફેંસલાની વાત છે[૨૬૪] (૧૩) અને કંઇ હંસી મજાકની વાત નથી[૨૬૫] (૧૪) બેશક ! કાફિરો પોતાનો પ્રપંચ રચે છે[૨૬૬] (૧૫) અને હું મારી છુપી યુક્તિ કરૂં છું[૨૬૭] (૧૬) તો તમે કાફિરોને ઢીલ આપો,[૨૬૮] તેમને કંઇક થોડી મહેતલ આપો[૨૬૯] (૧૭)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૭૦]**

ત્યારે બાળક બોલ્યું; અય માં ! ધીરજ ધર અને ખચકાઇશ નહિ. તુ સાચા દીન પર છે. તે બાળક અને તેનીમાં બન્ને આગમાં નાખી દેવામાં આવ્યાં આ હદીષ સહીહ છે. મુસ્લિમે એની રિવાયત કરી છે. આનાથી અવલિયાની કરામતો સાબિત થાય છે. આયતમાં એ બનાવ તરફ ઇશારો છે. (હુઝૂરના સમય પહેલાં હઝરત ઇસાની ઉમ્મતમાં બનેલો આ બનાવ છે).

૨૪૦. કુરસીઓ પર બેસીને મુસલમાનોને આગમાં નંખાતા જોઇ રહ્યા હતા.

૨૪૧. બાદશાહના માણસો બાદશાહ પાસે આવીને એકબીજાની સાક્ષી આપતા હતા કે તેમણે હુક્મની બજામણીમાં સુસ્તી કે પાછી પાની કરી નથી કે ઇમાનદારોને આગમાં નાંખી દીધા. બયાન કરવામાં આવ્યું છે કે જે ઇમાનવાળાઓને આગમાં નાંખવામાં આવ્યા તેમની રૂહોને અલ્લાહ તઆલાએ આગમાં પડતા પહેલાં જ કાઢી લીધી અને (એ રીતે) તેમને (આગથી) મુક્તિ આપી અને અગ્નિએ ખાઇના કાંઠાઓની બહાર નીકળીને કાંઠાઓ પર બેસેલા કાફિરોને ભરખી લીધા.

**ફાયદો** :- આ બનાવમાં મુઅમિનોને સબર કરવાની અને મક્કાવાસીઓ તરફથી વેઠવાં પડતાં કષ્ટો બાબત ધીરજ રાખવાની તાલીમ આપવામાં આવી છે.

૨૪૨. આગમાં નાખીને.

૨૪૩. અને પોતાના કુફ્રને છોડયું નહિ.

૨૪૪. આખેરતમાં, તેમનાં કુફ્રનો બદલો.

૨૪૫. દુનિયામાં, કે તે અગ્નિએ જ તેમને બાળી દીધા. આ મુસલમાનોને આગમાં નાખવાનો બદલો છે.

૨૪૬. જ્યારે તે જુલ્મીઓને અઝાબમાં પકડે.

૨૪૭. અર્થાત પ્રથમ દુનિયામાં જન્માવે પછી કયામતમાં આમાલનો બદલો આપવા માટે મૃત્યુ પછી ફરીવાર જીવંત કરે.

૨૪૮. જેમને કાફિરો પૈગમ્બરોના મુકાબલા માટે લાવ્યા.

૨૪૯. જેમનો તેમના કુફ્ર બદલ નાશ કરવામાં આવ્યો.

૨૫૦. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! આપની ઉમ્મતના.....

૨૫૧. આપને તેમજ કુરઆનને. જેવો કે આગલા કાફિરોનો નિયમ હતો.

૨૫૨. તેનાથી એમને કોઇ બચાવનાર નથી.

૨૫૩. સૂરએ તારિક મક્કામાં ઉતરેલી છે. એમાં એક રૂકૂઅ ૧૭ આયતો ૬૧ શબ્દો અને ૨૩૯ અક્ષરો છે.

૨૫૪. અર્થાત તે તારાની જે રાત્રે ઝળહળે છે.

**શાને નુઝૂલ** :- એક રાત્રે અબૂતાલિબ હુઝૂરની સેવામાં કંઇક ભેટ લઇને હાજર થયા. હુઝૂર તેને ખાય રહ્યા હતા તે દરમ્યાન એક તારો ખર્યો અને બધું અવકાશ અગ્નિથી ભરાઇ ગયું. અબૂતાલિબ ગભરાઇને બોલી ઉઠયા આ શું છે ? હુઝૂરે ફરમાવ્યું; આ તારો છે જેના વડે શયતાનોને મારવામાં આવે છે અને એ અલ્લાહની કુદરતનાં ચિન્હોમાંથી છે. અબૂતાલિબને નવાઇ લાગી. ત્યારે આ સૂરત ઉતરી.

૨૫૫. તેના રબ તરફથી જે તેના આમાલની તપાસ રાખે અને તેની નેકી બદી બધું જ લખી લે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે એનો મતલબ ફરિશ્તાઓ છે.

૨૫૬. જેથી તેને ખબર પડે કે તેને પેદા કરનાર તેને મૃત્યુ પછી આમાલનો બદલો આપવા માટે જીવંત કરવા શક્તિમાન છે. માટે તેણે કયામતના દિવસ માટે કામો કરવાં જોઇએ.

૨૫૭. અર્થાત પુરૂષ અને સ્ત્રીના વિર્યથી જે ગર્ભાશયમાં જઇને એક બની જાય છે.

૨૫૮. અર્થાત પુરૂષની કરોડ અને સ્ત્રીની છાતીમાંથી. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; છાતીની તે જગ્યાએ જ્યાં હાર પહેરવામાં આવે છે. અને તેમણે જ ફરમાવ્યું છે કે; સ્ત્રીની બન્ને છાતીઓની વચમાંથી. એવું પણ કહેવાયું છે કે વિર્ય માણસના તમામ અવયવોમાંથી નિતરીને આવે છે અને તેનો વધુ ભાગ દિમાગમાંથી હોય છે, એટલા માટે જ એ બન્ને ભાગોનું વર્ણન ખાસ કરીને કરવામાં આવ્યું છે.

૨૫૯. અર્થાત મૃત્યુ પછી જીવન તરફ પરત કરવા બાબત.

૨૬૦. છુપી વાતોનો ઇશારો અકીદાઓ અને નિય્યતો તરફ છે અને તે અમલો તરફ છે જેને માણસ સંતાડે છે. કયામતના દિવસે તે તમામને અલ્લાહ તઆલા જાહેર કરશે.

૨૬૧. અર્થાત જે માણસ હશ્રનો નકાર કરનાર છે તેની પાસે એવી કોઇ તાકાત નહિ હોય જેનાથી તે અઝાબને અટકાવી શકે અને તેનો કોઇ એવો મદદગાર પણ નહિ હોય જે તેને અઝાબથી બચાવી શકે.

૨૬૨. જે જમીનની પેદાવાર વનસ્પતી અને ઝાડો માટે બાપની જેમ છે.

૨૬૩. અને વનસ્પતી માટે માંની જેમ છે અને એ બન્ને અલ્લાહ તઆલાની અજબ નેઅમતો છે અને એમાં અલ્લાહની કુદરની અસંખ્ય નિશાનીઓ છે જેમાં મનન કરવાથી માણસને મૃત્યુ પછી હશ્રમાં જીવતા થઇ ઉઠવાની ઘણી દલીલો મળી રહે છે.

૨૬૪. જે સત્ય અને અસત્યમાં ફેર પાડી દે છે.

પોતાના રબના નામની પાકી બોલો જે બધાંથી બુલંદ છે[૨૭૧] (૧) જેણે સર્જીને યોગ્ય બનાવ્યું[૨૭૨] (૨) અને જેણે અંદાજ પર રાખીને માર્ગ દેખાડયો[૨૭૩] (૩) અને જેણે ચારો કાઢયો (૪) પછી તેને સુકો કાળો કરી દીધો (૫) હવે અમે તમને પઢાવીશું કે (જેથી) તમે ભૂલશો નહિ[૨૭૪] (૬) પરંતુ જે અલ્લાહ ચાહે.[૨૭૫] બેશક ! તે જાણે છે દરેક ખુલ્લા અને છૂપાને (૭) અને અમે તમારી માટે સરળતાનો માર્ગ કરી આપીશું[૨૭૬] (૮) તો તમે નસીહત કરો[૨૭૭] જો નસીહત કારગર થાય (તો)[૨૭૮] (૯) જે ડરે છે તે નજીકમાં જ નસીહત માનશે[૨૭૯] (૧૦) અને એનાથી[૨૮૦] તે મહાઅભાગી વેગળો રહેશે (૧૧) જે બધાંથી મોટી આગમાં જશે[૨૮૧] (૧૨) પછી તેમાં ન તો મરે[૨૮૨] ન જીવે[૨૮૩] (૧૩) બેશક ! જે સ્વચ્છ થયો તે ધ્યેયને વર્યો[૨૮૪] (૧૪) અને પોતાના રબનું નામ લઇને[૨૮૫] નમાઝ પઢયો[૨૮૬] (૧૫) બલ્કે તમે જીવતી દુનિયાને પસંદગી આપો છો[૨૮૭] (૧૬) અને આખેરત ઉત્તમ અને બાકી રહેનાર (છે) (૧૭) બેશક આ[૨૮૮] (વાત) આગલા સહીફાઓમાં છે[૨૮૯] (૧૮) ઇબ્રાહીમ અને મૂસાના સહીફાઓમાં (૧૯)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૯૦]**

બેશક ! તમારી પાસે[૨૯૧] તે મુસીબતની ખબર આવી જે છવાઇ જશે[૨૯૨] (૧) કેટલાંએ મોઢાંઓ તે દિવસે અપમાનતિ થશે (૨)

عم ٣٠ الغاشية ٨٨

سَبِّحِ اسْمَ رَبِّكَ الْأَعْلَى ﴿١﴾ الَّذِي خَلَقَ فَسَوَّىٰ ﴿٢﴾ وَالَّذِي
قَدَّرَ فَهَدَىٰ ﴿٣﴾ وَالَّذِي أَخْرَجَ الْمَرْعَىٰ ﴿٤﴾ فَجَعَلَهُ غُثَاءً
أَحْوَىٰ ﴿٥﴾ سَنُقْرِئُكَ فَلَا تَنسَىٰ ﴿٦﴾ إِلَّا مَا شَاءَ اللَّهُ إِنَّهُ
يَعْلَمُ الْجَهْرَ وَمَا يَخْفَىٰ ﴿٧﴾ وَنُيَسِّرُكَ لِلْيُسْرَىٰ ﴿٨﴾ فَذَكِّرْ إِن
نَّفَعَتِ الذِّكْرَىٰ ﴿٩﴾ سَيَذَّكَّرُ مَن يَخْشَىٰ ﴿١٠﴾ وَيَتَجَنَّبُهَا
الْأَشْقَى ﴿١١﴾ الَّذِي يَصْلَى النَّارَ الْكُبْرَىٰ ﴿١٢﴾ ثُمَّ لَا يَمُوتُ
فِيهَا وَلَا يَحْيَىٰ ﴿١٣﴾ قَدْ أَفْلَحَ مَن تَزَكَّىٰ ﴿١٤﴾ وَذَكَرَ اسْمَ رَبِّهِ
فَصَلَّىٰ ﴿١٥﴾ بَلْ تُؤْثِرُونَ الْحَيَاةَ الدُّنْيَا ﴿١٦﴾ وَالْآخِرَةُ خَيْرٌ وَ
أَبْقَىٰ ﴿١٧﴾ إِنَّ هَٰذَا لَفِي الصُّحُفِ الْأُولَىٰ ﴿١٨﴾ صُحُفِ إِبْرَاهِيمَ وَمُوسَىٰ ﴿١٩﴾
سورة الغاشية بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
هَلْ أَتَاكَ حَدِيثُ الْغَاشِيَةِ ﴿١﴾ وُجُوهٌ يَوْمَئِذٍ خَاشِعَةٌ ﴿٢﴾

૨૬૫. જે વ્યર્થ અને બેકાર હોય.

૨૬૬. અને અલ્લાહના દીનનો નાશ કરવા તેમજ સત્યના પ્રકાશને હોલવી કાઢવા અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કષ્ટ આપવાના પ્રપંચો રચે છે.

૨૬૭. જેની તેમને ખબર નથી.

૨૬૮. અય સય્યિદે અમ્બિયા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૨૬૯. અમુક દિવસો, કારણ કે તેઓ નજીકમાં જ બરબાદ કરવામાં આવશે. જેમ કે એવું જ થયું કે બદ્રની લડાઇમાં તેમને અલ્લાહના અઝાબે ભરખી લીધા.

૨૭૦. સૂરએ અઅલા મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૧૯ આયતો ૭૨ શબ્દો ૨૯૧ અક્ષરો છે.

૨૭૧. અર્થાત તેની યાદ ઇજ્જત અને માન સહીત કરો. હદીષમાં છે કે જ્યારે આ આયત ઉતરી ત્યારે સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; પોતાના સિજદામાં દાખલ કરો અર્થાત સિજ-દામાં સુબ્હાન રબ્બીયલ અઅલા પઢો. (અબૂદાવદ)

૨૭૨. અર્થાત દરેક વસ્તુનું સર્જન એવું યોગ્ય કર્યું જે સર્જનારના જ્ઞાન અને હિકમત પ્રતિ નિર્દેશ કરે છે.

૨૭૩. અર્થાત કામોને અઝલના દિવસે નક્કી કર્યા અને તેની તરફ માર્ગ કરી આપ્યો. અથવા એવો અર્થ છે કે રોજી નક્કી કરી અને તેને પ્રાપ્ત કરવાનો રસ્તો દેખાડયો.

૨૭૪. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અલ્લાહ તઆલા તરફથી આ બશારત આપવામાં આવી છે કે આપને કુરઆન મોઢે કરી લેવાની નેઅમત વગર મેહનતે મળી ગઇ અને એ આપનો મુઅજિઝો છે કે

**કામ કરે કષ્ટ વેઠે (૩) (અને) જાય ભભુકતી આગમાં[૨૯૩] (૪) અતિશય ઉકળતા ઝરાનું પાણી પીવડાવવામાં આવશે (૫) તેમના માટે કશું જમણ નથી પણ આગના કાંટાઓ[૨૯૪] (૬) (જે) ન તો તાજા કરે ન ભૂખમાં કામ લાગે[૨૯૫] (૭) (અને) કેટલાંએ મોઢાંઓ તે દિવસે અમન ચેનમાં છે[૨૯૬] (૮) પોતાના પ્રયત્નોથી ખુશ[૨૯૭] (૯) ઊંચા બગીચાઓમાં (૧૦) કે તેમાં કોઇ બેહૂદી વાત નહિ સાંભળે (૧૧) તેમાં વહેતા ઝરાઓ છે (૧૨) તેમાં ઊંચા તખતો છે (૧૩) અને સંતરેલા કુજાઓ[૨૯૮] (૧૪) અને સરખે સરખા પાથરેલા ગાલીચાઓ (૧૫) અને ફેલાએલી ચાદરો[૨૯૯] (૧૬) તો શું (તેઓ) ઊંટને જોતા નથી (કે) કેવું બનાવવામાં આવ્યું ? (૧૭) અને આકાશને (કે) કેવું ઊંચુ કરવામાં આવ્યું ?[૩૦૦] (૧૮) અને પર્વતોને (કે) કેવા સ્થાપિત કરાયા ? (૧૯) અને ધરતીને (કે) કેવી પાથરવામાં આવી ? (૨૦) તો તમે નસીહત સંભળાવો[૩૦૧] તમે તો સાચી રીતે નસીહત સંભળાવનાર જ છો (૨૧) તમે કંઇ તેમની ઉપર બળજબરી કરનાર નથી (૨૨) હા ! જે મોઢું ફેરવે[૩૦૨] અને કુફ્ર કરે[૩૦૩] (૨૩) તો તેને અલ્લાહ મહાન અઝાબ આપશે[૩૦૪] (૨૪) બેશક ! અમારી તરફ જ તેમને પાછુ આવવાનું છે[૩૦૫] (૨૫) પછી બેશક ! અમારી તરફ જ તેમનો હિસાબ છે (૨૬)**

عم ٣٠ — الغاشية ٨٨

عَامِلَةٌ نَّاصِبَةٌ ﴿٣﴾ تَصْلَىٰ نَارًا حَامِيَةً ﴿٤﴾ تُسْقَىٰ مِنْ
عَيْنٍ آنِيَةٍ ﴿٥﴾ لَّيْسَ لَهُمْ طَعَامٌ إِلَّا مِن ضَرِيعٍ ﴿٦﴾ لَّا يُسْمِنُ
وَلَا يُغْنِي مِن جُوعٍ ﴿٧﴾ وُجُوهٌ يَوْمَئِذٍ نَّاعِمَةٌ ﴿٨﴾ لِّسَعْيِهَا
رَاضِيَةٌ ﴿٩﴾ فِي جَنَّةٍ عَالِيَةٍ ﴿١٠﴾ لَّا تَسْمَعُ فِيهَا لَاغِيَةً ﴿١١﴾
فِيهَا عَيْنٌ جَارِيَةٌ ﴿١٢﴾ فِيهَا سُرُرٌ مَّرْفُوعَةٌ ﴿١٣﴾ وَأَكْوَابٌ مَّوْضُوعَةٌ ﴿١٤﴾
وَنَمَارِقُ مَصْفُوفَةٌ ﴿١٥﴾ وَزَرَابِيُّ مَبْثُوثَةٌ ﴿١٦﴾ أَفَلَا يَنظُرُونَ
إِلَى الْإِبِلِ كَيْفَ خُلِقَتْ ﴿١٧﴾ وَإِلَى السَّمَاءِ كَيْفَ رُفِعَتْ ﴿١٨﴾
وَإِلَى الْجِبَالِ كَيْفَ نُصِبَتْ ﴿١٩﴾ وَإِلَى الْأَرْضِ كَيْفَ
سُطِحَتْ ﴿٢٠﴾ فَذَكِّرْ إِنَّمَا أَنتَ مُذَكِّرٌ ﴿٢١﴾ لَّسْتَ عَلَيْهِم
بِمُصَيْطِرٍ ﴿٢٢﴾ إِلَّا مَن تَوَلَّىٰ وَكَفَرَ ﴿٢٣﴾ فَيُعَذِّبُهُ اللَّهُ الْعَذَابَ
الْأَكْبَرَ ﴿٢٤﴾ إِنَّ إِلَيْنَا إِيَابَهُمْ ﴿٢٥﴾ ثُمَّ إِنَّ عَلَيْنَا حِسَابَهُم ﴿٢٦﴾

આટલી મહાન કિતાબ મહેનત અને કષ્ટ વગર વારંવાર યાદ કરવાની તકલીફ વગર આપને મોઢે યાદ થઇ ગઇ. (જુમલ)

૨૭૫. તફસીરકારોએ ફરમાવ્યું છે કે; આ અપવાદ અમલમાં મૂકાયો નથી અને આપ કશું ભૂલી જાય એવું અલ્લાહ તઆલાએ ઇચ્છયું નથી.

૨૭૬. કે વહી તમને જેહમત ઉઠાવ્યા વગર યાદ રહેશે. તફસીરકારોનું એક કથન એવું છે કે સરળતાના માર્ગનો મતલબ શરીઅત છે જે ખૂબ જ સરળ અને આસાન છે.

૨૭૭. આ કુરઆન મજીદ દ્વારા.

૨૭૮. અને અમુક લોકો એનાથી લાભ ઉઠાવે.

૨૭૯. અલ્લાહ તઆલાથી.

૨૮૦. શિખામણ અને નસીહત.

૨૮૧. **શાને નુઝૂલ** :- અમુક તફસીરકારોએ ફરમાવ્યું છે કે; આ આયત વલીદ બિન મુગીરહ અને અત્બહ બિન રબીઆ વિષે ઉતરી.

૨૮૨. કે જેથી મરીને અઝાબમાંથી છુટી જાય.

૨૮૩. એવું જીવવું જેનાથી જરા પણ આરામ મળી શકે.

૨૮૪. ઇમાન લાવીને. અર્થાત એ અર્થ છે કે તેણે નમાઝ માટે પવિત્રતા (તહારત) અખત્યાર કરી. આ આયતથી નમાઝ માટે વુઝૂ અને ગુસલ કરવાનું સાબિત છે. (તફસીરે અહમદી)

૨૮૫. અર્થાત આરંભની તકબીર બોલીને.

૨૮૬. પાંચ વખતની.

**મસઅલો** :- આ આયતથી આરંભની તકબીર (તકબીરે તહરીમા) સાબિત થઇ અને એવું પણ સાબિત થયું કે એ (તકબીર) નમાઝનો ભાગ નથી કારણ કે નમાઝનો એના પર અત્ફ કરવામાં આવ્યો છે. અને એવું પણ સાબિત થયું કે નમાઝનો આરંભ અલ્લાહના દરેક નામથી જાઇઝ છે. આ આયતની તફસીરમાં એવું પણ કહેવાયું છે કે ''તઝકકા''નો મતલબ સદકએ ફિતર છે અને રબનું નામ લેવાથી ઇદગાહના રસ્તામાં તકબીરો પઢવી અને નમાઝથી ઇદની નમાઝ મુરાદ છે. (મદારિક અહમદી).

૨૮૭. આખેરત પર, એટલા માટે જ તેઓ અમલ કરતા નથી જે ત્યાં કામ લાગે.

૨૮૮. અર્થાત સ્વચ્છ થનારાઓનું ધ્યેયને વરવું અને આખેરતનું ઉત્તમ હોવું.

૨૮૯. જે કુરઆન મજીદથી પહેલાં ઉતર્યા.

૨૯૦. સૂરએ ગાશિયહ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૨૬ આયતો ૯૨ શબ્દો અને ૩૮૧ અક્ષરો છે.

૨૯૧. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૨૯૨. મખ્લૂકની ઉપર. એનો મતલબ કયામત છે જેની સખ્તીઓ અને ભયાનકતા દરેક વસ્તુ પર છવાઇ જશે.

૨૯૩. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; આનાથી તે લોકો તરફ ઇશારો છે જેઓ દીને ઇસ્લામ પર ન હતા, યા તો મૂર્તિપૂજકો હતા યા કિતાબવાળા કાફિર હતા, જેવા કે પાદરીઓ અને જોગીઓ કે તેમણે જેહમતો પણ ઉઠાવી, કષ્ટો પણ વેઠયાં અને (છતાં) પરિણામ એ આવ્યું કે જહન્નમમાં ગયા.

૨૯૪. અઝાબ જાત જાતનો થશે અને જેમને અઝાબ કરવામાં આવશે તેમના ઘણાં વર્ગો હશે. અમુકને ઝકકૂમ (થોર) ખાવા અપાશે, અમુકને ગિસ્લીન (દોઝખી લોકોનું પરૂ) અને અમુકને આગના કાંટાઓ.

૨૯૫. અર્થાત ખોરાકનો લાભ તેમનાથી પ્રાપ્ત થશે નહિ કારણ કે ખોરાકના બેજ લાભો છે પ્રથમ એ કે ભૂખની તકલીફ મટાડે બીજો એ કે શરીરને તાજું કરે (પણ) એ બન્ને વસ્તુઓ દોઝખી લોકોના ખોરાકમાં નથી બલ્કે તે તો સખત અઝાબ છે.

૨૯૬. ઐશ અને ખુશીમાં નેઅમત અને સન્માનમાં.

૨૯૭. અર્થાત તે કર્મો અને આજ્ઞાપાલનથી જે દુનિયામાં બજાવી લાવ્યા હતા.

૨૯૮. ઝરાઓના કાંઠે જેને જોવા માત્રથી લિઝ્ઝત પ્રાપ્ત થાય અને જ્યારે પીવા ઇચ્છે ત્યારે તે ભરેલા તૈયાર મળે.

૨૯૯. આ સૂરતમાં જન્નતની નેઅમતોનું વર્ણન સાંભળીને કાફિરોને આશ્ચર્ય થયું અને (એને) જૂઠાડયું તેથી અલ્લાહ તઆલા તેમને પોતાની કુદરતની અજબ જેવી વસ્તુઓમાં મનન કરવા પ્રેરે છે કે જેથી તેઓ સમજી શકે કે જે શક્તિશાળી હિકમતવાળાએ દુનિયામાં આવી આશ્ચર્યજનક વસ્તુઓ બનાવી છે તેની કુદરત માટે જન્નતની નેઅમતોને બનાવવી કેવી રીતે આશ્ચર્યજનક અને નકારવા લાયક બની શકે છે ? જેમકે ફરમાવવામાં આવે છે.....

૩૦૦. થાંભલાઓ વગર.

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૦૬]**

તે સવારની કસમ[૩૦૭] (૧) અને દસ રાતોની[૩૦૮] (૨) અને એકી આંક અને ડબલ આંકની[૩૦૯] (૩) અને રાત્રીની જ્યારે ચાલ પકડે[૩૧૦] (૪) કેમ આમાં બુધ્ધિમાન માટે કસમ થઇ (કે નહિ ?)[૩૧૧] (૫) શું તમે જોયું નહિ[૩૧૨] કે તમારા પરવરદિગારે આદ સાથે કેવું કર્યું ? (૬) તે ઇરમ (વાસીઓ) હદથી વધારે લંબાઇવાળાઓ[૩૧૩] (૭) કે શહેરોમાં તેમની જેવા જન્મ્યા નથી[૩૧૪] (૮) અને ષમૂદ જેમણે મેદાનોમાં[૩૧૫] પથ્થરની શિલાઓ કોતરી[૩૧૬] (૯) અને ચાર ખીલાઓ ચોઢનાર ફિરઔન[૩૧૭] (૧૦) જેમણે શહેરોમાં બંડખોરી કરી (૧૧)[૩૧૮] પછી તેમાં ખૂબ હુલ્લડ મચાવ્યું[૩૧૯] (૧૨) તો તેમની ઉપર તમારા રબે અઝાબનો કોરડો જોરભેર વિંઝયો (૧૩) બેશક ! તમારા રબની દ્રષ્ટિથી કશું છાનું નથી (૧૪) પરંતુ માનવી, જ્યારે કે તેનો રબ તેને અજમાવે (એવી રીતે) કે તેને માન અને નેઅમત આપે ત્યારે તો (તે) કહે છે કે મારા પરવરદિગારે મને સન્માન્યો (૧૫) અને જો (બીજી રીતે) અજમાવે અને તેની રોજી તેના માટે તંગ કરે ત્યારે કહે છે કે મારા રબે મને અપમાનિત કર્યો (૧૬) એવું નથી.[૩૨૦] બલ્કે તમે યતીમનું સન્માન કરતા નથી[૩૨૧] (૧૭)

عم ٣٠ — الفجر ٨٩

سورة الفجر مكية بسم الله الرحمن الرحيم ركوعها ١ آياتها ٣٠

والفجر ﴿١﴾ وليال عشر ﴿٢﴾ والشفع والوتر ﴿٣﴾ واليل اذا
يسر ﴿٤﴾ هل في ذلك قسم لذي حجر ﴿٥﴾ الم تر كيف
فعل ربك بعاد ﴿٦﴾ ارم ذات العماد ﴿٧﴾ التي لم يخلق
مثلها في البلاد ﴿٨﴾ وثمود الذين جابوا الصخر بالواد ﴿٩﴾
وفرعون ذي الاوتاد ﴿١٠﴾ الذين طغوا في البلاد ﴿١١﴾
فاكثروا فيها الفساد ﴿١٢﴾ فصب عليهم ربك سوط
عذاب ﴿١٣﴾ ان ربك لبالمرصاد ﴿١٤﴾ فاما الانسان اذا
ما ابتله ربه فاكرمه ونعمه فيقول ربي اكرمن ﴿١٥﴾
واما اذا ما ابتله فقدر عليه رزقه فيقول ربي
اهانن ﴿١٦﴾ كلا بل لا تكرمون اليتيم ﴿١٧﴾ ولا تحضون

૩૦૧. અલ્લાહ તઆલાની નેઅમતોનું અને તેની કુદરતની દલીલોનું વર્ણન કરીને.

૩૦૨. ઇમાન લાવવાથી.

૩૦૩. નસીહત (સાંભળ્યા) પછી.

૩૦૪. આખેરતમાં કે તેને જહન્નમમાં દાખલ કરશે.

૩૦૫. મૃત્યુ પછી.

૩૦૬. સૂરએ ફજ્ર મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૨૯ કે ૩૦ આયતો ૧૩૯ શબ્દો અને ૫૫૭ અક્ષરો છે.

૩૦૭. એનો નિર્દેશ યા તો મહોર્રમની પહેલી તરફ છે જેનાથી વરસની શરૂઆત થાય છે યા ઝિલહજની પહેલી સવાર જેની સાથે દસ રાત્રીઓ જોડવાએલી છે યા ઇદુદ્દોહાની સવાર. અને અમુક તફસીરકારોએ કહ્યું છે કે એનો મતલબ દરેક દિવસની સવાર છે કારણ કે તે રાત પસાર થઇ જવાનો અને અજવાળુ જાહેર થવાનો અને દરેક સજીવ માટે રોજી ઢુંઢવા માટે ફેલાઇ જવાનો સમય છે અને એ મડદાંઓ જ્યારે કબરોમાંથી ઉઠશે તે સમય સાથે મળતાપણુ ધરાવે છે.

૩૦૮. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ બયાન કર્યું છે કે; એનો મતલબ ઝિલહજની પ્રથમ દસ રાતો છે કારણ કે એ સમય હજના કાર્યોમાં પરોવાય જવાનો સમય છે અને હદીષ શરીફમાં એ દસ રાતોની ઘણી ફઝીલત બયાન થએલી છે. અને એવું પણ કહેવાયું છે કે એનો મતલબ રમઝાનની છેલ્લી દસ રાતો છે અથવા મહોર્રમની પ્રથમ દસ રાત્રીઓ.

અને પરસ્પર એક બીજાને મિસ્કીનને ખવડાવવાની પ્રેરણા આપતા નથી (૧૮) અને વારસાનો માલ હપ હપ ખાવ છો[૩૨૨] (૧૯) અને માલનો અતિશય પ્રેમ ધરાવો છો[૩૨૩] (૨૦) હા, હા, જ્યારે પૃથ્વી અથડાવીને ચુરો કરી દેવામાં આવે[૩૨૪] (૨૧) અને તમારા રબનો હુક્મ અને હરોળ હરોળ ફરિશ્તાઓ આવે (૨૨) અને તે દિવસે જહન્નમ લાવવામાં આવે,[૩૨૫] અને તે દિવસે માનવી વિચાર કરશે.[૩૨૬] અને હવે તેના માટે વિચારવાનો સમય ક્યાં ?[૩૨૭] (૨૩) કહેશે; 'હાય ! ગમે તેમ કરીને મેં જીવતા જીવ નેકી આગળ મોકલી હોત' (૨૪) તો તે દિવસે તેના જેવો અઝાબ[૩૨૮] કોઇ કરતું નથી (૨૫) અને તેના જેવું બંધન કોઇ બાંધતું નથી (૨૬) અય શાંતિવાળા જીવ ![૩૨૯] (૨૭) પોતાના રબ તરફ પરત થા એવી રીતે કે તુ તેનાથી ખુશ (અને) તે તારાથી ખુશ (૨૮) પછી મારા ખાસ બંદાઓમાં દાખલ થા (૨૯) અને મારી જન્નતમાં આવ (૩૦)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૩૦]**

મને આ શહેરની કસમ[૩૩૧] (૧) કે અય મહબૂબ ! તમે આ શહેરમાં વસો છો[૩૩૨] (૨) અને તમારા બાપ ઇબ્રાહીમની કસમ અને તેની ઔલાદની જે તમે છો[૩૩૩] (૩) બેશક ! અમે માનવીને કષ્ટમાં રહેતો પેદા કર્યો[૩૩૪] (૪)

البلد ٩٠ — عم ٣٠

عَلَىٰ طَعَامِ الْمِسْكِينِ ﴿١٨﴾ وَتَأْكُلُونَ التُّرَاثَ أَكْلًا لَّمًّا ﴿١٩﴾
وَتُحِبُّونَ الْمَالَ حُبًّا جَمًّا ﴿٢٠﴾ كَلَّا إِذَا دُكَّتِ الْأَرْضُ
دَكًّا دَكًّا ﴿٢١﴾ وَجَاءَ رَبُّكَ وَالْمَلَكُ صَفًّا صَفًّا ﴿٢٢﴾ وَجِيءَ
يَوْمَئِذٍ بِجَهَنَّمَ ۚ يَوْمَئِذٍ يَتَذَكَّرُ الْإِنسَانُ وَأَنَّىٰ لَهُ
الذِّكْرَىٰ ﴿٢٣﴾ يَقُولُ يَا لَيْتَنِي قَدَّمْتُ لِحَيَاتِي ﴿٢٤﴾ فَيَوْمَئِذٍ
لَّا يُعَذِّبُ عَذَابَهُ أَحَدٌ ﴿٢٥﴾ وَلَا يُوثِقُ وَثَاقَهُ أَحَدٌ ﴿٢٦﴾
يَا أَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ﴿٢٧﴾ ارْجِعِي إِلَىٰ رَبِّكِ رَاضِيَةً
مَّرْضِيَّةً ﴿٢٨﴾ فَادْخُلِي فِي عِبَادِي ﴿٢٩﴾ وَادْخُلِي جَنَّتِي ﴿٣٠﴾
سُورَةُ الْبَلَدِ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
لَا أُقْسِمُ بِهَٰذَا الْبَلَدِ ﴿١﴾ وَأَنتَ حِلٌّ بِهَٰذَا الْبَلَدِ ﴿٢﴾
وَوَالِدٍ وَمَا وَلَدَ ﴿٣﴾ لَقَدْ خَلَقْنَا الْإِنسَانَ فِي كَبَدٍ ﴿٤﴾

૩૦૯. દરેક વસ્તુના અથવા તે રાત્રીઓના અથવા નમાઝોના. અને એવું પણ કહેવાયું છે કે ડબલ આંકનો ઇશારો મખ્લૂક તરફ અને એકીઆંકનો ઇશારો અલ્લાહ તઆલા તરફ છે.

૩૧૦. અર્થાત પસાર થઇ જાય. આ પાંચમી કસમ સામાન્ય રાત્રીની છે એથી પહેલાં દસ રાત્રીઓની કસમ વર્ણવવામાં આવી, અમુક તફસીરકારો કહે છે કે એનો મતલબ મુઝદલેફાની ખાસ રાત છે જેમાં અલ્લાહના બંદાઓ તેની ઇબાદત માટે એકત્ર થાય છે. એક કથન એવું છે કે એનો મતલબ શબેકદ્ર છે જેમાં રહમતનું ઉતરાણ છે અને જે સવાબની વિપુલતાની વિશેષતા ધરાવે છે.

૩૧૧. આ વસ્તુઓ બુધ્ધિમાનોની દ્રષ્ટિમાં એવી મહાનતા ધરાવે છે કે ખબરોને તેમના વડે પાકી કરવી યોગ્ય છે કારણ કે એ વસ્તુઓ એવી અજબ અને દલીલયુક્ત છે જે અલ્લાહ તઆલાની તવહીદ અને તેના પાલનહાર હોવા બાબત નિર્દેશ કરે છે. અ એ કસમોનો જવાબ એ છે કે કાફિરોને અવશ્ય અઝાબ કરવામાં આવશે એ જવાબ તરફ આગળની આયતો નિર્દેશ કરે છે.

૩૧૨. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૩૧૩. જેમનાં કદ બહુ લાંબાં હતાં એમને 'આદે ઇરમ' અને 'આદે ઉલા' કહે છે. આનો હેતુ મકકા-વાસીઓને ખોફ અપાવવાનો છે કે 'આદે ઉલા' જેમનાં આયુષ્યો બહું લાંબા અને કદ બહું ઊંચા અને બહું જ તાકાતવાન અને શક્તિશાળી હતા તેમનો અલ્લાહ તઆલાએ નાશ કર્યો તો પછી આ કાફિરો પોતાને શું સમજી બેઠા છે ? અને શા માટે અલ્લાહના અઝાબથી નિર્ભય છે ?

૩૧૪. જોર તાકાત અને કદની લંબાઇમાં. આદના પુત્રોમાંથી શદ્દાદ પણ છે જેણે જગત પર રાજ્ય

કર્યું અને બધા જ રાજાઓ તેના તાબેદાર બની ગયા અને તેણે જન્નતનું વર્ણન સાંભળી બંડખોર બનીને દુન્યામાં જન્નત બનાવવાનો ઇરાદો કર્યો અને એવા ઇરાદે એક મોટુ શહેર બાંધ્યું જેના મહેલો સોના ચાંદીની ઇંટોથી ચણવામાં આવ્યા અને ઝબરજદ તેમજ યાકૂતના થાંભલાઓ તેમાં ઉભા કરાયા અને એવા જ પાથરણા મકાનોમાં પાથરવામાં આવ્યાં અને રસ્તાઓમાં કાકરાઓની જગ્યાએ સાચાં મોતી વેરવામાં આવ્યાં, દરેક મહેલની આજુબાજુ જવાહેરાતની ઉપર નહેરો વહેવડાવવામાં આવી, જાત જાતનાં વૃક્ષો શણગાર સહીત ઉગાડવામાં આવ્યાં. જ્યારે એ શહેર સંપૂર્ણ થયું ત્યારે શદ્દાદ બાદશાહ પોતાના દરબારીઓ સહીત ત્યાં જવા ઉપડયો, જ્યારે એક પડાવ જેટલું અંતર રહ્યું ત્યારે આકાશમાંથી એક ભયંકર અવાજ આવ્યો જેના વડે અલ્લાહ તઆલાએ તે તમામનો નાશ કર્યો.

હઝરત અમીર મુઆવિયહના સમયમાં હઝરત અબ્દુલ્લાહ બિન કલાબા અદનના મેદાનમાં પોતાના ગુમ થએલા ઊંટને ઢુંઢતાં તે શહેરમાં જઇ પહોંચ્યા અને તેનો બધો શણગાર નિહાળ્યો અને કોઇ રહેનાર કે વસનાર જોયો નહિ અને થોડાક જવાહેરાત ત્યાંથી લઇને ચાલ્યા આવ્યા. આ સમાચાર અમીર મુઆવિયહને મળ્યા, તેમણે તેમને બોલાવીને ખબર પૂછી, તેમણે બધો બનાવ કહી સંભળાવ્યો. ત્યારે તેમણે કઅબ અહબારને બોલાવીને પૂછયું કે; શું દુનિયામાં કોઇ એવું શહેર છે ? તેમણે કહ્યું; હા ! એનું વર્ણન કુરઆન શરીફમાં પણ થયું છે, એ શહેર શદ્દાદ બિન આદે બનાવ્યું હતું (પણ) તે બધા જ અલ્લાહના અઝાબથી નાશ પામ્યા તેમાંનો કોઇ ઉગર્યો નહિ. અને આપના સમયમાં એક મુસલમાન લાલ રંગનો ગઠીયો જેનાં ભવાંઓની ઉપર એક તલ હશે તે પોતાના ઊંટની ઢુંઢમાં તેમાં દાખલ થશે. પછી અબ્દુલ્લાહ બિન કલાબાને જોઇને કહ્યું કે, ખુદાની કસમ ! આ તે જ માણસ છે.

૩૧૫. અર્થાત કુરાના મેદાનોમાં.....

૩૧૬. અને (તેમાં) ઘરો બનાવ્યાં. તેમને અલ્લાહ તઆલાએ કેવી રીતે હલાક કર્યા ?

૩૧૭. જેની ઉપર ક્રોધે ભરાતો તેને ચાર ખીલાઓ જમીનમાં ચોઢી તેની સાથે બાંધીને સજા કરતો હતો.

૩૧૮. અને ગુન્હાઓ તેમજ નાફરમાનીના શિખરે પહોંચ્યા અને બંદા હોવાની હદ વટાવી ગયા.

૩૧૯. કુફ્ર અત્યાચાર અને હત્યાકાંડ કરીને.

૩૨૦. અર્થાત સન્માન અને અપમાનનો દારોમદર માલદારી અને મોહતાજી પર નથી બલ્કે એ તો તેનું રહસ્ય છે કદીક શત્રુને દોલત આપે છે કદીક નિખાલસ બંદાને મોહતાજી અને ગરીબી દે છે, આબરૂ અને હડધૂતતા ઇબાદત અને ગુન્હાઓ પર આધારિત છે પણ કાફિરો એ હકીકતને સમજતા નથી.

૩૨૧. અને માલદાર હોવા છતાં તેમની સાથે સારો વર્તાવ કરતા નથી અને તેમને હક્કો આપતા નથી જેના તેઓ વારસદાર છે.

મકાતિલે કહ્યુ છે કે; ઉમય્યા બિન ખલફ પાસે કદામા બિન મઝઉન નામના એક યતીમ રહેતા હતા પેલો તેમને તેમનો હક્ક આપતો ન હતો.

૩૨૨. અને હલાલ હરામનો તફાવત કરતા નથી અને સ્ત્રીઓ તેમજ બાળકોને વારસો આપતા નથી તેમના ભાગો પોતે ખાઇ જાવ છો. અજ્ઞાનયુગમાં એવો જ રિવાજ હતો.

૩૨૩. તેને વાપરવા જ ઇચ્છતા નથી.

૩૨૪. અને તેની ઉપર પર્વત કે ઇમારત કોઇ પણ વસ્તુનું નામ નિશાન રહે નહિ.

૩૨૫. જહન્નમની ૭૦,૦૦૦ લગામો હશે દરેક લગામ પર ૭૦,૦૦૦ ફરિશ્તાઓ ભેગા મળીને

શું માનવી એવું સમજે છે કે તેની ઉપર કદાપી કોઇ કાબૂ મેળવી શકશે નહિ ?[૩૩૫] (૫) કહે છે; મેં ઢગલા માલ વાપરી કાઢયો[૩૩૬] (૬) શું માનવી એવું સમજે છે કે તેને કોઇએ જોયો નથી ?[૩૩૭] (૭) શું અમે તેની બે આંખો બનાવી નથી ?[૩૩૮] (૮) અને જીભ[૩૩૯] તેમજ બે હોઠ ?[૩૪૦] (૯) અને તેને બે ઉપસેલી વસ્તુઓનો માર્ગ દેખાડયો[૩૪૧] (૧૦) પછી વગર વિચાર્યે ખાઇમાં કૂદયો નહિ[૩૪૨] (૧૧) અને તે શું જાણ્યું કે તે ખાઇ શું છે ?[૩૪૩] (૧૨) કોઇ બંદાની ગરદન છોડાવવી[૩૪૪] (૧૩) અથવા ભૂખના દિવસે જમણ જમાડવું[૩૪૫] (૧૪) સગા યતીમને (૧૫) અથવા માટી ભેગા મિસ્કીનને[૩૪૬] (૧૬) પછી હોય તેમનામાં જેઓ ઇમાન લાવ્યા[૩૪૭] અને તેમણે પરસ્પર સબરની વસીય્યતો કરી[૩૪૮] અને પરસ્પર મહેરબાનીની વસીય્યતો કરી[૩૪૯] (૧૭) આ લોકો જમણી બાજુવાળાઓ છે[૨૫૦] (૧૮) અને જેમણે અમારી આયતો સાથે કુફ્ર કર્યુ તેઓ ડાબી બાજુવાળાઓ છે[૩૫૧] (૧૯) તેમની ઉપર આગ છે જેમાં નાંખીને ઉપરથી ઢાંકી દેવામાં આવી[૩૫૨] (૨૦)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૫૩]**

સૂર્ય અને તેના પ્રકાશની કસમ (૧) અને ચંદ્રની (કસમ) જ્યારે (તે) તેની પાછળ આવે[૩૫૪] (૨) અને દિવસની

الشمس ٩١ — عم ٣٠

أَيَحْسَبُ أَن لَّن يَقْدِرَ عَلَيْهِ أَحَدٌ ۝٥ يَقُولُ أَهْلَكْتُ
مَالًا لُّبَدًا ۝٦ أَيَحْسَبُ أَن لَّمْ يَرَهُ أَحَدٌ ۝٧ أَلَمْ نَجْعَل لَّهُ
عَيْنَيْنِ ۝٨ وَلِسَانًا وَشَفَتَيْنِ ۝٩ وَهَدَيْنَاهُ النَّجْدَيْنِ ۝١٠
فَلَا اقْتَحَمَ الْعَقَبَةَ ۝١١ وَمَا أَدْرَاكَ مَا الْعَقَبَةُ ۝١٢ فَكُّ
رَقَبَةٍ ۝١٣ أَوْ إِطْعَامٌ فِي يَوْمٍ ذِي مَسْغَبَةٍ ۝١٤ يَتِيمًا ذَا
مَقْرَبَةٍ ۝١٥ أَوْ مِسْكِينًا ذَا مَتْرَبَةٍ ۝١٦ ثُمَّ كَانَ مِنَ
الَّذِينَ آمَنُوا وَتَوَاصَوْا بِالصَّبْرِ وَتَوَاصَوْا بِالْمَرْحَمَةِ ۝١٧
أُولَٰئِكَ أَصْحَابُ الْمَيْمَنَةِ ۝١٨ وَالَّذِينَ كَفَرُوا بِآيَاتِنَا هُمْ
أَصْحَابُ الْمَشْأَمَةِ ۝١٩ عَلَيْهِمْ نَارٌ مُّؤْصَدَةٌ ۝٢٠

سورة الشمس — بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

وَالشَّمْسِ وَضُحَاهَا ۝١ وَالْقَمَرِ إِذَا تَلَاهَا ۝٢ وَالنَّهَارِ إِذَا

તેને ખેંચશે અને તે જુસ્સા અને ક્રોધમાં હશે એટલે સુધી કે ફરિશ્તાઓ તેને અર્શની જમણી બાજુ લાવશે તે દિવસે બધા જ નફસી નફસી કહેતા હશે સિવાય કે હુઝૂર પુરનૂર સય્યિદુલ અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ. આપ ફરમાવતા હશે; યા રબ ! ઉમ્મતી ઉમ્મતી. જહન્નમ આપને કહેશે; અય નબીઓના સરદાર ! મારે તમારી સાથે શું લેવા દેવા, અલ્લાહ તઆલાએ આપને મારી ઉપર હરામ કરેલા છે. (જુમલ)

૩૨૬. અને પોતાની ભૂલને સમજશે.

૩૨૭. તે સમયનું વિચારવું કે સમજવું કશા જ લાભનું નથી.

૩૨૮. અર્થાત અલ્લાહ જેવો.

૩૨૯. જે ઇમાન અને યકીન પર અટલ રહ્યો અને અલ્લાહ તઆલાના હુક્મ સામે માથુ નમાવતો રહ્યો. આવું મુઅમિનને મૃત્યુ સમયે કહેવામાં આવશે જ્યારે કે તેને દુનિયામાંથી સફર કરવાનો સમય આવી લાગશે.

૩૩૦. સૂરએ બલદ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૨૦ આયતો ૮૨ શબ્દો અને ૩૨૦ અક્ષરો છે.

૩૩૧. અર્થાત મક્કા મુકર્રમાની.

૩૩૨. આ આયતથી જણાયું કે આ શ્રેષ્ઠતા મક્કા મુકર્રમાને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના વસવાટના કારણે પ્રાપ્ત થઇ.

૩૩૩. એક કથન એવું પણ છે કે બાપનો મતલબ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને ઔલાદનો મતલબ આપની ઉમ્મત છે. (હુસેની)

૩૩૪. કે ગર્ભમાં એક સાંકડી અને અંધકારમય જગ્યાએ રહે, પ્રસુતિ સમયે કષ્ટ વેઠે, દૂધ ધાવવા દૂધ છોડવા તેમજ રોજી કમાવવા અને જીવન મૃત્યુની તકલીફો સહન કરે.

૩૩૫. આ આયત અબુલ અશદ્દ ઉસૈદ બિન કલ્દહ બાબત ઉતરી તે ખૂબ મજબુત અને જોરાવર હતો તેની તાકાતની હાલત એ હતી કે ચામડું પોતાના પગ નીચે દાબીને ઉભો રહેતો દસ દસ માણસો તે ચામડું ખેંચતા અને તે ફાટીને ટુકડે ટુકડે થઇ જતું પણ જેટલું તેના પગની નીચે હોય તેટલું કદાપી નીકળતું નહિ. અને એક કથન એવું છે કે આ આયત વલીદ બિન મુગીરા બાબત ઉતરી. અર્થ એ છે કે એ કાફિર પોતાની તાકાત પર અભિમાની બનીને મુસલમાનોને અશક્ત સમજે છે તે ક્યા ગુમાનમાં છે ? શું તે શક્તિમાન અલ્લાહની કુદરતને સમજતો નથી ? ત્યાર પછી તેની વાત નકલ કરવામાં આવે છે...

૩૩૬. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની અદાવતમાં લોકોને રિશ્વતો આપી આપીને કે જેથી તેઓ આપને તકલીફો આપે.

૩૩૭. અર્થાત શું તે એવું ધારે છે કે તેને અલ્લાહે જોયો નથી અને અલ્લાહ તઆલા તેને પૃચ્છા કરશે નહિ કે તેણે એ માલ ક્યાંથી મેળવ્યો અને ક્યા કામમાં વાપર્યો ? પછી અલ્લાહ તઆલા પોતાની નેઅમતોનું વર્ણન કરે છે જેથી તેને બોધ ગ્રહણ કરવાની તક સાંપડે.

૩૩૮. જેના વડે જુએ છે.

૩૩૯. જેના વડે બોલે છે અને પોતાના હય્યાની વાતને વાચા આપે છે.

૩૪૦. જેના વડે મોઢું બંધ કરે છે તેમજ વાત કરવામાં અને ખાવા પીવામાં તેમજ ફૂંક મારવામાં તેનાથી સહાય લે છે.

૩૪૧. અર્થાત સ્તનોનો કે જન્મયા પછી તેમનામાંથી દૂધ પીએ છે અને ખોરાક મેળવે છે, હેતુ એ છે કે અલ્લાહ તઆલાની નેઅમતો ખુલ્લી અને વિપુલ છે જેનો આભાર માનવો અનિર્વાય છે.

૩૪૨. અર્થાત નેક કામો કરીને એ મહાન નેઅમતોનો આભાર માન્યો નહિ. એને ખાઇમાં કૂદવા સાથે સરખાવ્યું એટલા માટે કે એ માર્ગે ચાલવું જીવને કપરૂ લાગે છે. (અબુસ્સઉદ)

૩૪૩. અને તેમાં કૂદવું શું છે ? એટલે કે એનો જાહેરી અર્થ લક્ષમાં લેવાનો નથી બલ્કે એની તફસીર તે છે જે આગલી આયતોમાં વર્ણવાય છે.

૩૪૪. ગુલામીમાંથી. કોઇ ગુલામને સ્વતંત્ર કરાવીને હોય અથવા તેને એટલો માલ આપે કે તે પોતાના માલિકને આપીને સ્વતંત્રતા ખરીદી શકે અથવા કોઇ ગુલામને સ્વતંત્ર કરાવવામાં સહાય કરે અથવા કોઇ કેદી કે કરજદારને છોડાવવામાં મદદ કરે અને એવો અર્થ પણ થઇ શકે છે કે નેક કામો કરીને પોતાની ગરદન આખેરતના અઝાબથી મુક્ત કરાવે. (રૂહુલ બયાન)

૩૪૫. અર્થાત દુકાળ કે મોંઘવારીના સમયમાં કે એવા સમયે દોલત વાપરવી જીવને કપરૂ લાગે છે પણ મહાન સવાબનું કારણરૂપ બને છે.

૩૪૬. જે ખૂબ જ ગરીબ અને પછાત હોય ન તો તેની પાસે ઓઢવાનું હોય ન પાથરવાનું. હદીષ શરીફમાં છે કે યતીમો અને મિસ્કીનોની મદદ કરનાર જેહાદમાં પ્રયત્ન કરનાર અને થાકયા વગર આખી રાત ઇબાદત કરનાર અને હમેશાં રોઝા રાખનાર જેવો છે.

૩૪૭. અર્થાત આ બધાં કામો ત્યારે કબૂલ થશે જ્યારે કે અમલ કરનાર ઇમાનદાર હોય અને ત્યારે જ ખાઇમાં કૂદેલો કહેવાશે અને જો ઇમાનદાર નથી તો કશું નથી, બધાં કામો વ્યર્થ છે.

જ્યારે તેને પ્રકાશિત કરે[૩૫૫] (૩) અને રાત્રીની જ્યારે કે તેને ઢાંકી લે[૩૫૬] (૪) અને આકાશ તેમજ તેના સર્જકની કસમ (૫) અને પૃથ્વી તેમજ તેને ફેલાવનારની કસમ (૬) અને જીવની (કસમ) તેમજ તેની જેણે એને યોગ્ય રીતે બનાવ્યો[૩૫૭] (૭) પછી તેની બદકારી અને તેની પરહેઝગારી દિલમાં નાંખી[૩૫૮] (૮) બેશક ! જેણે એને[૩૫૯] સ્વચ્છ કર્યો[૩૬૦] તે ધ્યેયને વર્યો (૯) અને જેણે એને ગુન્હાઓમાં ઢાંકી લીધો તે અભાગી રહ્યો (૧૦) ષમૂદે પોતાની બંડખોરીના કારણે જૂઠાડયું[૩૬૧] (૧૧) જ્યારે કે તેમનો સહુથી વધારે કુભાગી[૩૬૨] ઉભો થઇ ગયો (૧૨) ત્યારે તેમને અલ્લાહના રસૂલે[૩૬૩] કહ્યું ; અલ્લાહની ઉંટણી[૩૬૪] અને તેના પીવાના વારાથી વેગળા રહો[૩૬૫] (૧૩) ત્યારે તેમણે એને જૂઠાડયું પછી ઊંટણીની ઘુંટીઓ કાપી નાખી. તો તેમની ઉપર તેમના પરવરદિગારે તેમના ગુન્હાઓના કારણે[૩૬૬] વિનાશ વેરીને તે ગામને સરખું કરી દીધું[૩૬૭] (૧૪) અને તેઓ પીછો કરશે એવી તેને બ્હીક નથી[૩૬૮] (૧૫)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૬૯]**

અને રાત્રીની કસમ જ્યારે છવાઇ જાય[૩૭૦] (૧) અને દિવસની જ્યારે ચળકે[૩૭૧] (૨) અને તેની[૩૭૨] જેણે નર અને માદા બનાવ્યાં[૩૭૩] (૩) બેશક ! તમારા પ્રયત્નો અનેકવિધ છે[૩૭૪] (૪) તો તે જેણે આપ્યું[૩૭૫] અને પરહેઝગારી (ધારણ) કરી[૩૭૬] (૫) અને સર્વોત્તમને સાચી માની[૩૭૭] (૬) તો બહું જ જલ્દી અમે તેને સરળતા કરી દઇશું[૩૭૮] (૭)

عم ٣٠ — الليل ٩٢

جلّٰىها ۝٣ واليل اذا يغشٰىها ۝٤ والسمآء وما بنٰىها ۝٥
والارض وما طحٰىها ۝٦ ونفس وما سوّٰىها ۝٧ فالهمها
فجورها وتقوٰىها ۝٨ قد افلح من زكّٰىها ۝٩ وقد خاب
من دسّٰىها ۝١٠ كذبت ثمود بطغوٰىها ۝١١ اذ انبعث
اشقٰىها ۝١٢ فقال لهم رسول الله ناقة الله و
سقيٰها ۝١٣ فكذبوه فعقروها فدمدم عليهم ربهم
بذنبهم فسوّٰىها ۝١٤ ولا يخاف عقبٰها ۝١٥
بسم الله الرحمٰن الرحيم
واليل اذا يغشٰى ۝١ والنهار اذا تجلّٰى ۝٢ وما خلق
الذكر والانثٰى ۝٣ ان سعيكم لشتّٰى ۝٤ فاما من اعطٰى
واتقٰى ۝٥ وصدق بالحسنٰى ۝٦ فسنيسره لليسرٰى ۝٧

૩૪૮. ગુન્હાઓથી વેગળા રહેવાની અને નેકીઓ કરવાની અને મુઅમિન પર આવી પડતી આફતો બરદાશ્ત કરવાની.

૩૪૯. કે ઇમાનદાર માણસો પરસ્પર પ્રેમ અને હેતનો વર્તાવ રાખે.

૩૫૦. જેમને તેમનાં આમાલનામાંઓ જમણા હાથમાં આપવામાં આવશે અને અર્શની જમણી બાજુ થઇને જન્નતમાં પ્રવેશશે.

૩૫૧. કે તેમને તેમનાં આમાલનામાંઓ ડાબા હાથમાં આપવામાં આવશે અને અર્શની ડાબી બાજુએથી જહન્નમમાં દાખલ કરવામાં આવશે.

૩૫૨. કે તેમાં ન તો બહારથી પવન અંદર જઇ શકે ન તો અંદરના ધુમાડા બહાર નીકળી શકે.

૩૫૩. સૂરએ શમ્સ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૧૫ આયતો ૫૪ શબ્દો અને ૨૪૭ અક્ષરો છે.

૩૫૪. અર્થાત સૂર્યાસ્ત પછી ઉદય પામે. આવું ચંદ્રના મહીનાના પ્રથમ પખવાડીયામાં બને છે.

૩૫૫. અર્થાત સૂર્યને ખૂબ પ્રકાશિત કરે કારણ કે દિવસ સૂર્યના પ્રકાશનું નામ છે તેથી દિવસ જેટલો વધારે પ્રકાશિત થશે સૂર્ય તેટલો જ વધારે જાહેર થશે કારણ કે અસરની તાકાત અને કમાલ; અસર કરનારની તાકાત અને કમાલ પ્રતિ નિર્દેશ કરે છે. અથવા એવો અર્થ છે કે જ્યારે દિવસ જગતને અથવા પૃથ્વીને પ્રકાશિત કરે અથવા રાત્રીના અંધકારને હટાવે.

૩૫૬. અર્થાત સૂર્યને. અને બ્રહમાંડ અંધકારથી ઉભરાઇ ઉઠે. અથવા એવો અર્થ છે કે જ્યારે રાત્રી જગતને ઢાંકી લે.

અને તે જેણે કંજૂસાઇ કરી[૩૭૯] અને બેપરવાહ બન્યો[૩૮૦] (૮) અને સર્વોત્તમને જૂઠાડી[૩૮૧] (૯) તો બહુંજ જલ્દી અમે તેને કઠણાઇ કરી દઇશું[૩૮૨] (૧૦) અને તેનો માલ (દોલત) તેને કામ લાગશે નહિ જ્યારે કે વિનાશમાં સપડાશે[૩૮૩] (૧૧) બેશક ! માર્ગદર્શન આપવું[૩૮૪] અમારી ઉપર અવલંબે છે (૧૨) અને બેશક ! આખેરત અને દુનિયા બન્નેના અમે જ માલિક છીએ (૧૩) તો હું તમને તે આગથી ડરાવું છુ જે ભભુકી રહી છે (૧૪) તેમાં[૩૮૫] નહિ જાય પણ મહાઅભાગી (૧૫) જેણે જૂઠાડયું[૩૮૬] અને મોઢું ફેરવ્યું[૩૮૭] (૧૬) અને જે મહાપરહેઝગાર છે તેને એનાથી બહું જ દૂર રાખવામાં આવશે (૧૭) જે પોતાનો માલ (દોલત) આપે છે કે (જેથી) સ્વચ્છ બને[૩૮૮] (૧૮) અને તેની ઉપર કોઇનો ઉપકાર નથી કે જેનો બદલો વાળવામાં આવે[૩૮૯] (૧૯) માત્ર પોતાના રબની ખુશી ઇચ્છે છે જે બધાંથી ઉચ્ચ છે (૨૦) અને બેશક ! નજીક છે કે તે રાજી થશે[૩૯૦] (૨૧)

### અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૯૧]

ચાશતની કસમ[૩૯૨] (૧) અને રાત્રીની જ્યારે પડદો નાંખે[૩૯૩] (૨) કે તમને તમારા પરવરદિગારે નથી તો પડતા મૂક્યા નથી તો અણગમતા ગણ્યા (૩) અને બેશક ! પાછલી તમારા માટે પહેલા કરતાં ઉત્તમ છે[૩૯૪] (૪) અને બેશક નજીક છે કે તમારો રબ તમને[૩૯૫] એટલું આપે કે તમે ખુશ થઇ જશો[૩૯૬] (૫) 'શું તેણે તમને યતીમ ન ભાળ્યા ? પછી સ્થાન આપ્યું[૩૯૭] (૬) અને તમને તેની મહોબ્બતમાં ચકચૂર જોયા તો પોતાની તરફ માર્ગ આપ્યો[૩૯૮] (૭)

عم ٣٠ الضحى ٩٣

وَأَمَّا مَنْ بَخِلَ وَاسْتَغْنَىٰ ﴿٨﴾ وَكَذَّبَ بِالْحُسْنَىٰ ﴿٩﴾ فَسَنُيَسِّرُهُ
لِلْعُسْرَىٰ ﴿١٠﴾ وَمَا يُغْنِي عَنْهُ مَالُهُ إِذَا تَرَدَّىٰ ﴿١١﴾ إِنَّ عَلَيْنَا
لَلْهُدَىٰ ﴿١٢﴾ وَإِنَّ لَنَا لَلْآخِرَةَ وَالْأُولَىٰ ﴿١٣﴾ فَأَنْذَرْتُكُمْ
نَارًا تَلَظَّىٰ ﴿١٤﴾ لَا يَصْلَاهَا إِلَّا الْأَشْقَى ﴿١٥﴾ الَّذِي كَذَّبَ
وَتَوَلَّىٰ ﴿١٦﴾ وَسَيُجَنَّبُهَا الْأَتْقَى ﴿١٧﴾ الَّذِي يُؤْتِي مَالَهُ
يَتَزَكَّىٰ ﴿١٨﴾ وَمَا لِأَحَدٍ عِنْدَهُ مِنْ نِعْمَةٍ تُجْزَىٰ ﴿١٩﴾ إِلَّا
ابْتِغَاءَ وَجْهِ رَبِّهِ الْأَعْلَىٰ ﴿٢٠﴾ وَلَسَوْفَ يَرْضَىٰ ﴿٢١﴾
سُورَةُ الضُّحَىٰ مَكِّيَّةٌ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ إِحْدَى عَشْرَةَ آيَةً
وَالضُّحَىٰ ﴿١﴾ وَاللَّيْلِ إِذَا سَجَىٰ ﴿٢﴾ مَا وَدَّعَكَ رَبُّكَ وَمَا قَلَىٰ ﴿٣﴾
وَلَلْآخِرَةُ خَيْرٌ لَكَ مِنَ الْأُولَىٰ ﴿٤﴾ وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ
فَتَرْضَىٰ ﴿٥﴾ أَلَمْ يَجِدْكَ يَتِيمًا فَآوَىٰ ﴿٦﴾ وَوَجَدَكَ ضَالًّا فَهَدَىٰ ﴿٧﴾

૩૫૭. અને ઘણી બધી ઇન્દ્રીઓ આપી બોલવાની શક્તી સાંભળવાની તાકાત જોવાની શકતી વિચારવાની તાકાત જ્ઞાન સમજદારી વિગેરે બધું જ આપ્યું.

૩૫૮. સારૂં અને ખરાબ તેમજ સવાબ અને ગુન્હો વિગેરે બાબતોની સમજ તેને આપી અને તેને સારૂં નરસું દેખાડી દીધું.

૩૫૯. અર્થાત નફસને.

૩૬૦. ખરાબ બાબતોથી.

૩૬૧. પોતાના રસૂલ હઝરત સાલિહ અલયહિસ્સલામને.

૩૬૨. કેદાર બિન સાલિફ, તે બધાંની મરજીથી, ઊંટણીની ધુંટીઓ કાપવા માટે.

૩૬૩. હઝરત સાલિહ અલયહિસ્સલામે.

૩૬૪.ની પાછળ પડવાથી.....

૩૬૫. અર્થાત જે દિવસ તેના માટે (પાણી) પીવાનો નક્કી થએલો છે તે દિવસે તેને પાણી પીવામાં આડ ખીલી ઉભી કરો નહિ જેથી તમારી ઉપર અઝાબ ઉતરે નહિ.

૩૬૬. અર્થાત હઝરત સાલિહ અલયહિસ્સલામને જૂઠાડવા અને ઊંટણીની ધુંટીઓ કાપી નાખવા બદલ.

૩૬૭. અને બધાંનો સર્વનાશ કર્યો તેમાંથી કોઇ ઉગરી શક્યું નહિ.

૩૬૮. જેવી બ્હીક બાદશાહોને હોય છે. કારણ કે તે તો માલિકુલ મુલ્ક છે જે ઇચ્છે તે કરે કોઇને દમ મારવાની હિંમત નથી. અમુક તફસીરકારોએ એનો એવો અર્થ પણ કહ્યો છે કે હઝરત સાલિહ અલયહિસ્સલામને તેમાંથી કોઇની બ્હીક નથી કે તેઓ અઝાબ આવ્યા પછી આપને કંઇક કષ્ટ પહોંચાડશે.

૩૬૯. સૂરએ વલ્લૈલ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૨૧ આયતો ૭૧ શબ્દો અને ૩૧૦ અક્ષરો છે.

૩૭૦. જગત પર પોતાના અંધકાર વડે. કારણ કે તે મખ્લૂકના આરામનો સમય છે દરેક સજીવ પોતાના ઠેકાણે પાછું ફરે છે અને હલન ચલન દોડધામ બંધ કરે છે અને અલ્લાહના મકબૂલ બંદાઓ અલ્લાહની યાદમાં મગ્ન બને છે.

૩૭૧. અને રાતના અંધકારને હટાવે. કારણ કે એ સૂતેલાઓને જાગૃત થવાનો સમય છે અને સજીવની ચળવળ શરૂ થવાનો તેમજ રોજીની ઢુંઢમાં મશ્ગૂલ થવાનો.

૩૭૨. શક્તિશાળી મહાન કુદરતધારીની.

૩૭૩. એક જ પાણીથી.

૩૭૪. અર્થાત તમારા આમાલ જુદા જુદા છે કોઇ હુક્મ બજાવીને જન્નત માટે અમલ કરે છે, કોઇ હુક્મનું ઉલ્લંઘન કરીને જહન્નમ માટે.

૩૭૫. પોતાની દોલત અલ્લાહના માર્ગમાં અને અલ્લાહ તઆલાનો હક્ક બજાવી લાવ્યો.

૩૭૬. મના કરેલી અને હરામ થએલી વસ્તુથી વેગળો રહ્યો.

૩૭૭. અર્થાત મિલ્લતે ઇસ્લામને.

૩૭૮. જન્નત માટે અને તેને એવી ટેવોની પ્રેરણા આપીશું જે તેના માટે રાહત અને સરળતાનું કારણરૂપ બને અને તે એવા અમલ કરે જેનાથી તેનો રબ રાજી થાય.

૩૭૯. અને દોલતને નેક કામોમાં વાપરી નહિ. તેમજ અલ્લાહ તઆલાના હક્કો બજાવી લાવ્યો નહિ.

૩૮૦. સવાબથી અને આખેરતની નેઅમતથી.

૩૮૧. અર્થાત મિલ્લતે ઇસ્લામને.

૩૮૨. અર્થાત એવી ટેવો જે તેના માટે કઠણાઇ અને સખ્તાઇનું કારણરૂપ બને અને તેને જહન્નમમાં લઇ જાય.

**શાને નુઝૂલ** :- આ આયતો હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુ અને ઉમય્યા બિન ખલફ વિષે ઉતરી. જેમનામાંથી એક એટલે કે હઝરત સિદ્દીક અતકા' (મહા પરહેઝગાર) છે અને બીજો એટલે કે ઉમય્યા 'અશકા' (મહા અભાગી) છે.

ઉમય્યા હઝરત બિલાલ રદીયલ્લાહુ તઆલા અન્હુને જે તેના ગુલામ હતા તેમને દીનથી ફરી જવા માટે જાત જાતની તકલીફો આપતો હતો અને ખૂબ જ જુલમ અને અત્યાચાર ગુજારતો હતો એક દિવસે હઝરત સિદ્દીકે અકબર રદીયલ્લાહુ તઆલા અન્હુએ જોયું કે ઉમય્યાએ હઝરત બિલાલને ગરમ જમીન પર સૂવાડીને તપેલા પથ્થરો તેમની છાતી પર મૂકેલા છે અને છતાં એવી હાલતમાં પણ ક્લ્મો તેમની જીભથી નીકળે છે. આપે ઉમય્યાને કહ્યું કે; અય અભાગી ! એક અલ્લાહને માનનાર પર આવો અત્યાચાર ? તેણે કહ્યું કે; તમારાથી એની તકલીફો જોઇ શકાતી ન હોય તો એને ખરીદી લો. આપે મોંઘી કીંમતે તેમને ખરીદીને સ્વતંત્ર કરી દીધા તે બાબત આ સૂરત ઉતરી. એમાં બયાન કરવામાં આવ્યું છે કે તમારા પ્રયત્નો

જુદા જુદા છે, અર્થાત હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુની કોશિશ અને ઉમય્યાની કોશિશ હઝરત સિદ્દીક તો અલ્લાહની ખુશીના ઇચ્છુક છે અને ઉમય્યા સત્યની દુશ્મનીમાં અંધ છે.

૩૮૩. જ્યારે મરીને ગોર ભેગો થશે અથવા જ્યારે જહન્નમના ખાડામાં પડશે.

૩૮૪. અર્થાત સત્ય અસત્યના માર્ગોને સ્પષ્ટ કરી દેવા અને સત્ય પર દલીલો સ્થાપિત કરવી અને હુક્મો બયાન કરવા.

૩૮૫. હમેશાં રહેવા માટે.

૩૮૬. રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને.

૩૮૭. ઇમાનથી.

૩૮૮. અલ્લાહ તઆલા પાસે અર્થાત તેનું વાપરવું દેખાવ કરવાથી પર છે.

૩૮૯. **શાને નુઝૂલ** :- જ્યારે હઝરત સિદ્દીકે અકબર રદીયલ્લાહુ તઆલા અન્હુએ હઝરત બિલાલ રદીયલ્લાહુ તઆલા અન્હુને મોંઘી કીંમતે ખરીદીને સ્વતંત્ર કરી દીધા ત્યારે કાફિરોને આશ્ચર્ય થયું અને તેઓ કહેવા લાગ્યા કે હઝરત સિદ્દીકે આવું શા માટે કર્યું ? કદાચ બિલાલનું તેમની ઉપર કોઇ એહસાન હશે તેથી જ તેમણે આટલી ભારે કીંમત ચૂકવીને તેમને સ્વતંત્ર કરાવ્યા. તે બાબતે આ આયત ઉતરી અને સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે હઝરત સિદ્દીકનું આ કૃત્ય માત્ર અલ્લાહ તઆલાની ખુશી માટે જ છે કોઇના ઉપકારના બદલામાં નથી અને ન તો હઝરત બિલાલ વિગેરેનું કોઇ એહસાન તેમની ઉપર છે. હઝરત સિદ્દીકે ઘણા બધા લોકોને (જેઓ કાફિરોના ગુલામ હતા) તેમના ઇસ્લામના કારણે ખરીદીને સ્વતંત્ર કરેલા છે.

૩૯૦. તે નેઅમત અને મહેરબાની દ્વારા જે અલ્લાહ તઆલા તેમને જન્નતમાં આપશે

૩૯૧. સૂરએ વદ્દુહા મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૧૧ આયતો ૪૦ શબ્દો અને ૧૭૨ અક્ષરો છે.

**શાને નુઝૂલ** :- એક સમયે બન્યું કે અમુક દિવસો સુધી વહી આવી નહિ ત્યારે કાફિરોએ ટોણા મારતાં કહયું કે મોહંમદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને તેમના પરવરદિગારે પડતા મૂકી દીધા અને અણગમતા ગણી કાઢયા તે બાબતે વદ્દુહા ઉતરી.

૩૯૨. જે સમયે સૂર્ય ઉદય થયા પછી બરાબર ઊંચે ચઢે છે કારણ કે આ તે જ સમય છે જેમાં અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે વાત કરી તેમને પાવન કર્યા હતા અને તે સમયમાં જ જાદુગરો સિજદામાં નમી પડયા હતા.

**મસઅલો** :- ચાશ્તની નમાઝ સુન્નત છે અને એનો સમય સૂર્ય ઊંચે આવ્યા પછીથી ઝવાલ સુધી છે. ઇમામ સાહેબના ફરમાવ્યા મુજબ ચાશ્તની નમાઝ બે રકાતો છે અથવા ચાર રકાતો એક સલામ સાથે.

૩૯૩. અને તેનો અંધકાર વ્યાપી જાય. ઇમામ જઅફર સાદિક રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું છે કે; ચાશ્તનો મતલબ તે ચાશ્ત છે જેમાં અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે વાત કરી. અમુક તફસીરકારોએ કહ્યું છે કે ચાશ્તનો નિર્દેશ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના રૂપના ચળકાટ તરફ છે અને રાત્રીનો ઇશારો આપના સુગંધિત વાળ તરફ છે. (રૂહુલ બયાન)

૩૯૪. અર્થાત આખેરત દુનિયાથી ઉત્તમ છે કારણ કે ત્યાં આપની માટે મકામે મહમૂદ અને હવઝે મવરૂદ અને ખૈરે મવઉદ તેમજ બધા જ પૈગમ્બરો પર શ્રેષ્ઠતા અને આપની ઉમ્મતનું બધી ઉમ્મતો પર સાક્ષી થવું તેમજ આપની શફાઅતના કારણે મુઅમીનોના મરતબાઓનું વધવું અને અનહદ ઇજ્જત અને બુઝુર્ગી છે જેનું સર્પૂણ વર્ણન થઈ શકતું નથી. અને તફસીરકારોઓ આનો એવો અર્થ પણ ઘટાવ્યો છે કે ભવિષ્યની

**અને તમને હાજતમંદ દેખ્યા પછી ગની કરી દીધા[૩૯૯] (૮) તો યતીમ પર દબાણ નાંખો નહિ[૪૦૦] (૯) અને ભિક્ષુકને ઘરકાવો નહિ[૪૦૧] (૧૦) અને પોતાના રબની નેઅમતનો ખૂબ ઉલ્લેખ કરો[૪૦૨] (૧૧)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૦૩]**

**શું અમે તમારો સીનો વિશાળ કર્યો નહિ ?[૪૦૪] (૧) અને તમારી ઉપરથી તમારો તે બોજ ઉતારી લીધો (૨) જેણે તમારી પીઠ તોડી હતી[૪૦૫] (૩) અને અમે તમારા માટે તમારૂં ઝિક્ર બુલંદ કર્યું[૪૦૬] (૪) તો બેશક ! દુશ્વારી સાથે સરળતા છે (૫) બેશક ! દુશ્વારી સાથે સરળતા છે[૪૦૭] (૬) તો જ્યારે તમે નમાઝથી પરવારો ત્યારે દુઆમાં મહેનત કરો[૪૦૮] (૭) અને પોતાના રબની તરફ જ ધગશ રાખો[૪૦૯] (૮)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૧૦]**

**અંજીરની કસમ અને ઝયતુન[૪૧૧] (૧) અને તૂરે સીના[૪૧૨] (૨) અને આ શાંતિવાળા શહેરની[૪૧૩] (૩) બેશક અમે માનવીને સારી આકૃતિ પર બનાવ્યો (૪) પછી તેને દરેક નીચીમાં નીચી હાલત તરફ પરત કર્યો[૪૧૪] (૫) પરંતુ જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા, કે**

وَوَجَدَكَ عَائِلًا فَأَغْنَىٰ ٨ فَأَمَّا الْيَتِيمَ فَلَا تَقْهَرْ ٩
وَأَمَّا السَّائِلَ فَلَا تَنْهَرْ ١٠ وَأَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ ١١
سُورَةُ أَلَمْ نَشْرَحْ مَكِّيَّةٌ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ وَهِيَ ثَمَانُ آيَاتٍ
أَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ ١ وَوَضَعْنَا عَنكَ وِزْرَكَ ٢
الَّذِي أَنقَضَ ظَهْرَكَ ٣ وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ٤
فَإِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ٥ إِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ٦ فَإِذَا
فَرَغْتَ فَانصَبْ ٧ وَإِلَىٰ رَبِّكَ فَارْغَب ٨
سُورَةُ التِّينِ مَكِّيَّةٌ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ وَهِيَ ثَمَانُ آيَاتٍ
وَالتِّينِ وَالزَّيْتُونِ ١ وَطُورِ سِينِينَ ٢ وَهَٰذَا الْبَلَدِ
الْأَمِينِ ٣ لَقَدْ خَلَقْنَا الْإِنسَانَ فِي أَحْسَنِ تَقْوِيمٍ ٤
ثُمَّ رَدَدْنَاهُ أَسْفَلَ سَافِلِينَ ٥ إِلَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا

હાલાતો આપના માટે પસાર થએલી હાલતોથી બેહતર છે. મતલબ કે અલ્લાહ તઆલાનો વાયદો છે કે તે દરરોજ આપના મરતબા બુલંદ કરશે અને ઇજ્જત પર ઇજ્જત અને મરતબા પર મરતબા વધારતો જ રહેશે અને પ્રત્યેક પળે આપની પદવીઓમાં પ્રગતિ થતી રહેશે.

૩૯૫. દુનિયા અને આખેરતમાં.

૩૯૬. અલ્લાહ તઆલાનો પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આ વાયદો તે નેઅમતોનો પણ સમાવેશ કરી લે છે જે તેણે આપને દુનિયામાં આપી. જેમકે નફસની કમાલિયત, આગલા પાછલાઓનું ઇલ્મ, આપની વાતોની ચઢતી, દીનની બઢતી, અને તે વિજ્યો જે આપના મુબારક સમયમાં અને સહાબાના સમયમાં થયા તેમજ કયામત સુધી મુસલમાનોના જે વિજયો થતા રહેશે તે, આપના દીન પ્રત્યેના આમંત્રણનું આમ (સર્વત્ર) થઇ જવું અને પૂર્વ-પશ્ચિમમાં ઇસ્લામનું ફેલાય જવું, આપની ઉમ્મતનું ઉત્તમ ઉમ્મત હોવું, અને આપની તે બુઝુર્ગીઓ અને કમાલ જેને અલ્લાહ જ જાણે છે વિગેરે. અને એમાં આખેરતની નેઅમતોનો પણ સમાવેશ છે જેમકે અલ્લાહ તઆલાએ આપને સામાન્ય અને વિશેષ શફાઅત અને મકામે મહમૂદ વિગેરે મહાન નેઅમતો આપી છે તે.

મુસ્લિમ શરીફની હદીષમાં છે કે આપે બન્ને હાથ મુબારક ઊંચા કરીને ઉમ્મત માટે રડીને દુઆ કરી અને કહ્યું ; ''અલ્લાહુમ્મ ઉમ્મતી ઉમ્મતી'' (અય અલ્લાહ ! મારી ઉમ્મત મારી ઉમ્મત) અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઇલને હુક્મ આપ્યો કે હુઝૂરની સેવામાં હાજર થઇને પૂછે કે રડવાનું શું કારણ છે ? જોકે અલ્લાહ તઆલા તો જાણે જ છે. જિબ્રઇલે હુક્મ મુજબ હાજર થઇને પૂછયું. હુઝૂરે તેમને બધી હકીકત

કહી અને ઉમ્મતની ચિંતા વ્યક્ત કરી. હઝરત જિબ્રઇલે અલ્લાહની બારગાહમાં વિનંતી કરી કે તારા હબીબ તો આવું કહે છે અને તુ ખૂબ જાણકાર છે. અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઇલને હુકમ આપ્યો કે; જાવ ! અને મારા હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહો કે અમે તમને તમારી ઉમ્મત બાબતે નજીકમાં જ ખુશ કરી દઇશું અને આપને ચિંતામગ્ન રહેવા દઇશું નહિ. હદીષ શરીફમાં છે કે જ્યારે આ આયત ઉતરી ત્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જ્યાં સુધી મારો એક ઉમ્મતી પણ દોઝખમાં રહેશે ત્યાં સુધી હું ખુશ થઇશ નહિ. આયતે કરીમા સ્પષ્ટ રીતે જાહેર કરે છે કે અલ્લાહ તઆલા તેવું જ કરશે જેવું કરવાથી હુઝૂર રાજી થાય. અને શફાઅતની હદીષોથી સાબિત થાય છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ખુશી એમાં જ છે કે ઉમ્મતના બધા જ ગુન્હેગારોને માફ કરી દેવામાં આવે. તેથી આયત અને હદીષોથી ચોક્કસ એ જ પરિણામ નીકળે છે કે હુઝૂરની શફાઅત મકબૂલ છે અને આપની મરજી મુજબ ઉમ્મતના ગુન્હેગારોને માફ કરી દેવામાં આવશે. સુબ્હાનલ્લાહ ! કેટલો મહાન મરતબો છે કે જે પરવરદિગારને રાજી કરવા માટે બધા જ નિકટતાવાળાઓ કષ્ટો વેઠે છે અને પરિશ્રમો ઉઠાવે છે તે આ હબીબે અકરમને રાજી કરવા માટે આવી મેહરબાનીઓ કરે છે. ત્યાર પછી અલ્લાહ તઆલાએ તે નેઅમતોનું વર્ણન કર્યું જે આપની ઉપર આપના આરંભયુગથી કરી છે.

૩૯૭. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ હજુ માંના પેટ મુબારકમાં હતા અને હમલ બે મહીનાનો હતો ત્યારે આપના વાલિદ સાહેબ મદીના શરીફમાં મૃત્યુ પામ્યા અને (વારસામાં) ન તો કશી દોલત પાછળ મૂકી ન કોઇ જગ્યા. આપની સેવાના જવાબદાર આપના દાદા અબ્દુલ મુત્તલિબ થયા જ્યારે આપની વય મુબારક ચાર કે છ વરસની થઇ ત્યારે વાલેદા સાહેબા પણ વફાત પામ્યાં. જ્યારે ઉમર શરીફ આઠ વરસની થઇ ત્યારે આપના દાદા અબ્દુલ મુત્તલિબ પણ ગુજરી ગયા. તેમણે પોતાના મૃત્યુ પહેલાં પોતાના દીકરા અબૂતાલિબને બોલાવીને જેઓ હુઝૂરના સગા કાકા હતા તેમને આપના ઉછેર અને હિફાઝતની જવાબદારી સોંપી. અબૂતાલિબ આપની સેવામાં સક્રિય રહ્યા એટલે સુધી કે અલ્લાહ તઆલાએ આપને નબુવ્વતની જાહેરાતનો હુકમ આપ્યો.

આ આયતની તફસીરમાં તફસીરકારો એ એક અર્થ એવો પણ બયાન કર્યો છે કે યતીમનો અર્થ એકલા અદ્વિતિય છે જેમકે કહેવાય છે કે દુર્રેયતીમ એ રીતે આયતનો અર્થ એ થશે કે અલ્લાહ તઆલાએ આપને ઇજ્જત અને બુઝુર્ગીમાં અદ્વિતિય દેખ્યા અને આપને નિકટતામાં સ્થાન આપ્યું અને પોતાની દેખરેખ હેઠળ આપના દુશ્મનોની વચમાં આપનો ઉછેર કર્યો અને આપને નબુવ્વત રિસાલત અને મુસ્તફાઇયત સાથે પાવન કર્યા. (ખાઝિન, રૂહુલ બયાન)

૩૯૮. અને ગૈબી ભેદો આપની ઉપર વિદિત કરી દીધા અને જે થઇ ગયું તેમજ જે થવાનું છે તેનું ઇલ્મ આપ્યું પોતાની ઝાત અને ગુણોની ઓળખમાં સર્વેથી ઊંચો મરતબો આપ્યો.

તફસીરકારોએ આયતનો એક અર્થ એવો પણ બયાન કર્યો છે કે અલ્લાહ તઆલાએ આપને (અલ્લાહની મહોબ્બતમાં) એવા ચકચૂર જોયા કે આપ આપના મરતબા અને આપની જાત સુધ્ધાંથી નિર્લેપ હતા તેથી આપને આપની જાત ગુણો અને મરતબાઓ અને પદવીઓનું ભાન કરાવ્યું.

**મસઅલો** :- અમ્બિયા અલયહિમુસ્સલામ બધા મઅસૂમ હોય છે નબુવ્વત પહેલાં પણ અને નબુવ્વત પછી પણ તેમજ અલ્લાહની તવહીદ અને તેના ગુણોને હમેશાં ઓળખનાર હોય છે.

૩૯૯. કનાઅતની દોલત આપીને. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે માલદારી વધારે માલદોલતથી મળતી નથી સાચી માલદારી જીવનું બેપરવાહ હોવું છે.

૪૦૦. જેવી રીતે અજ્ઞાનયુગવાળાઓનો રિવાજ હતો કે યતીમોને દબાવતા હતા અને તેમની ઉપર અતિશયોક્તિ કરતા હતા. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું. મુસલમાનોના ઘરોમાં તે ઘર બહું સારૂ છે જેમાં યતીમ સાથે સારો વર્તાવ કરવામાં આવતો હોય અને તે ઘર બહું ખરાબ ઘર છે જેમાં યતીમ સાથે ખરાબ વર્તાવ થતો હોય.

૪૦૧. યા તો કશુંક આપો યા સારી રીતે નરમીથી માફી માંગી લો. એવું પણ કહેવાયું છે કે ભિક્ષુક (સાઈલ) એટલે તાલિબે ઈલ્મ (દીનનું ઈલ્મ શિખનાર) એની ઈજ્જત કરવી જોઈએ અને તેની જરૂરિયાતોને સંતોષવી અને તેની સાથે કુવર્તન નહીં કરવું જોઈએ.

૪૦૨. નેઅમતોનો અર્થ તે નેઅમતો છે જે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આપી અને તે નેઅમતો પણ જેનો હુઝૂરને વાયદો કરવામાં આવ્યો. નેઅમતોનો ઉલ્લેખ કરવાનો હુક્મ એટલા માટે આપવામાં આવ્યો કે નેઅમતને જાહેર કરવી અને શુકર ગુજારી છે.

૪૦૩. સૂરએ અલમ નશરહ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૮ આયતો ૨૭ શબ્દો અને ૧૦૩ અક્ષરો છે.

૪૦૪. અર્થાત અમે આપના સીનાને પહોળો અને વિસ્તૃત કરી દીધો. હિદાયત અને મઅરેફત તેમજ નબુવ્વત, ઇલ્મ અને હિકમત માટે એટલે સુધી કે ગૈબી અને જાહેરી જગતો તેની વિશાળતામાં સમાઇ ગયાં અને શારિરિક અનિર્વાયતાઓ રૂહાની અન્વાર માટે અટકાવનું કારણ બની શકી નહિ અને અલ્લાહ તરફથી મળતાં ઇલમો અને ખુદાઇ હુક્મો અને રબની મઅરેફત તેમજ રહમાન તરફથી પ્રગટ થતી હકીકતો આપના મુબારક સીનામાં બેસી ગઇ. અને જાહેરી રીતે પણ સીનાને વારંવાર ખોલવામાં આવ્યો. આરંભની ઉમર શરીફમાં અને વહી ઉતરવાની શરૂઆત થઇ ત્યારે તેમજ મેઅરાજની રાત્રે, જેવું કે હદીષ શરીફમાં બયાન થયું છે એ એવી રીતે થયું હતું કે જિબ્રઇલ અમીને આપનો સીનો ખોલીને હૃદય મુબારક કાઢયું હતું અને સોનેરી થાળમાં ઝમઝમના પાણીથી ધોયું અને તેમાં ઇલ્મ અને હિકમત ભરીને તેને એના સ્થાને મૂકી દીધું.

૪૦૫. એ બોજનો મતલબ યા તો તે ચિંતા છે જે કાફિરોના ઇમાન નહિ લાવવાના કારણે આપને થતી હતી. અથવા ઉમ્મતના ગુનાહોની ચિંતા જે આપના મુબારક હૃદયમાં રહેતી હતી. મતલબ એ છે કે અમે આપની શફાઅત માન્ય રાખીને આપનો એ ગમ (ચિંતા) દૂર કરી દીધો.

૪૦૬. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હઝરત જિબ્રઇલને આ આયત વિષે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું; અલ્લાહ તઆલા ફરમાવે છે કે આપના ઝિક્રની બુલંદી એ છે કે જ્યારે મને યાદ કરવામાં આવે ત્યારે મારી સાથે આપને પણ યાદ કરવામાં આવે.

હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; એનો મતલબ એ છે કે અઝાનમાં તકબીરમાં તશહહુદમાં મિમ્બરો પર ખુત્બાઓમાં (અલ્લાહના નામની સાથે આપનું નામ પણ લેવાય છે) તો જો કોઇ અલ્લાહ તઆલાની ઇબાદત કરે દરેક વાતમાં તેની સત્યતાને સ્વીકારે અને તે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની રિસાલતની ગવાહી ન આપે તો એ બધું વ્યર્થ છે તે કાફિર જ રહેશે.

કતાદાએ કહ્યું કે અલ્લાહ તઆલાએ આપનું ઝિક્ર પૃથ્વી અને આકાશમાં બુલંદ કર્યું, દરેક ખુત્બો પઢનાર અને દરેક તશહહુદ પઢનાર ''અશહદુ અન-લાઇલાહ ઇલ્લલ્લાહુ'' સાથે ''અશહદુ અન્ન મોહંમ-દુર-રસૂલુલ્લાહ' પોકારે છે. અમુક તફસીરકારોએ ક્હયું છે કે; આપના ઝિક્રની બુલંદી એ છે કે અલ્લાહ

**તેમને અનહદ સવાબ છે[૪૧૫] તો હવે[૪૧૬] કઇ વસ્તુ તને ન્યાયને જૂઠાડવા પ્રેરે છે ?[૪૧૭] (૭) શું અલ્લાહ બધા હાકેમોથી વધીને હાકેમ નથી ? (૮)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૧૮]**

**પઢો પોતાના રબના નામથી[૪૧૯] જેણે પેદા કર્યા[૪૨૦] (૧) માનવીને લોહીના ફોરાથી બનાવ્યો (૨) પઢો[૪૨૧] અને તમારો પરવરદિગાર જ સર્વથી મોટો મહેરબાન (છે) (૩) જેણે કલમ વડે લખતાં શિખવ્યું[૪૨૨] (૪) માનવીને જે ન જાણતો હતો તે શિખવ્યું[૪૨૩] (૫) હા ! હા ! બેશક માનવી બંડખોરી કરે છે (૬) એટલા માટે કે પોતાને બેપરવાહ સમજી લીધો[૪૨૪] (૭) બેશક ! તમારા રબ તરફ પાછુ જવાનું છે[૪૨૫] (૮) જરા જૂઓ તો ખરા ! જે ના કહે છે (૯) બંદાને જ્યારે તે નમાઝ પઢે[૪૨૬] (૧૦) જરા જુઓ તો ખરા ! જો તે હિદાયત પર હોત (૧૧) અથવા પરહેઝગારી દેખાડત તો કેટલું સારૂં થાત (૧૨) જરા જુઓ તો ખરો ! જો જૂઠાડયું[૪૨૭] અને મોઢું ફેરવ્યું[૪૨૮] તો શું હાલત થશે ? (૧૩) શું જાણ્યું નહિ[૪૨૯] કે અલ્લાહ જોઇ રહ્યો છે ?[૪૩૦] (૧૪) હા ! હા ! જો અટક્યો નહિ[૪૩૧] તો અવશ્ય અમે પેશાનીના વાળ પકડીને ખેંચીશું[૪૩૨] (૧૫) કેવી પેશાની ? જૂઠી**

العلق ٩٦ — عم ٣٠

الصّٰلِحٰتِ فَلَهُمْ اَجْرٌ غَيْرُ مَمْنُوْنٍ ﴿٦﴾ فَمَا يُكَذِّبُكَ
بَعْدُ بِالدِّيْنِ ﴿٧﴾ اَلَيْسَ اللّٰهُ بِاَحْكَمِ الْحٰكِمِيْنَ ﴿٨﴾
سُوْرَةُ الْعَلَقِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِيْ خَلَقَ ﴿١﴾ خَلَقَ الْاِنْسَانَ
مِنْ عَلَقٍ ﴿٢﴾ اِقْرَاْ وَرَبُّكَ الْاَكْرَمُ ﴿٣﴾ الَّذِيْ عَلَّمَ بِالْقَلَمِ ﴿٤﴾
عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ يَعْلَمْ ﴿٥﴾ كَلَّا اِنَّ الْاِنْسَانَ لَيَطْغٰى ﴿٦﴾
اَنْ رَّاٰهُ اسْتَغْنٰى ﴿٧﴾ اِنَّ اِلٰى رَبِّكَ الرُّجْعٰى ﴿٨﴾ اَرَءَيْتَ
الَّذِيْ يَنْهٰى ﴿٩﴾ عَبْدًا اِذَا صَلّٰى ﴿١٠﴾ اَرَءَيْتَ اِنْ كَانَ
عَلَى الْهُدٰى ﴿١١﴾ اَوْ اَمَرَ بِالتَّقْوٰى ﴿١٢﴾ اَرَءَيْتَ اِنْ كَذَّبَ
وَتَوَلّٰى ﴿١٣﴾ اَلَمْ يَعْلَمْ بِاَنَّ اللّٰهَ يَرٰى ﴿١٤﴾ كَلَّا لَئِنْ لَّمْ
يَنْتَهِ لَنَسْفَعًا بِالنَّاصِيَةِ ﴿١٥﴾ نَاصِيَةٍ كَاذِبَةٍ

તઆલાએ નબીઓ પાસેથી આપની ઉપર ઇમાન લાવવાનું વચન લીધું.

૪૦૭. અર્થાત જે કષ્ટ અને તકલીફ આપ કાફિરો તરફથી વેઠી રહ્યા છો તેની સાથે જ આસાની છે કે અમે આપને તેમની ઉપર વિજય આપીશું.

૪૦૮. કે નમાઝ પછી દુઆ કબૂલ થાય છે. એ દુઆનો મતલબ નમાઝની આખરમાં પઢાતી તે દુઆ છે જે નમાઝની અંદર હોય છે અથવા તે દુઆ જે સલામ પછી હોય, એ બાબતે મતભેદ છે.

૪૦૯. તેની કૃપાના જ ઇચ્છુક રહો અને તેના પર જ વિશ્વાસ રાખો.

૪૧૦. સૂરએ વત્તીન મક્કામાં ઉતરેલી છે એમાં ૧ રૂકૂઅ ૮ આયતો ૩૪ શબ્દો અને ૧૦૫ અક્ષરો છે.

૪૧૧. અંજીર ઘણો જ ઉમદા મેવો છે જેમાં ગોઠલી, છાણું વિગેરે ફેંકી દેવાની વસ્તુ નથી. જલ્દી હજમ થનાર, ખૂબ ફાયદો કરનાર, ઝાડાને નરમ કરનાર, પેટમાં ઉઠતા ગેસના ગોળાને દફે કરનાર, કલેજાના ખરાબ માદ્દાને દૂર કરનાર, શરીરને તાજું બનાવનાર, બલગમને છુટો પાડનાર છે. અને ઝેતૂન એક બરકતવાળું વૃક્ષ છે તેનું તેલ અજવાળુ કરવા પણ વપરાય છે અને શાકના સ્થાને પણ ઉપયોગમાં લેવાય છે એ ગુણ દુનિયાના બીજા કોઇ તેલમાં નથી. એનું ઝાડ સુકા પર્વતોમાં ઉગે છે જેમાં ચિકાશનું નામ નિશાન પણ હોતું નથી વગર દેખભાલે ઉછેરે છે હજારો વરસ સુધી જીવે છે. એ વસ્તુઓમાં અલ્લાહની કુદરતનાં ચિન્હો જાહેર થાય છે.

૪૧૨. આ તે પર્વત છે જેની ઉપર હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે અલ્લાહ તઆલાએ વાત કરી તેમને સન્માન્યા હતા અને સીના તે જગ્યાનું નામ છે જ્યાં એ પર્વત આવેલો છે. અથવા સુદર્શિયના અર્થમાં છે જ્યાં વિપુલ પ્રમાણમાં ફળદાર વૃક્ષો હોય.

૪૧૩. અર્થાત મક્કા મુકર્રમાની.

૪૧૪. અર્થાત વૃધ્ધા વસ્થા તરફ જ્યારે કે અવયવો અશક્ત, શરીર કમજોર, બુધ્ધિ બુઠ્ઠી, બરડો નમેલો, વાળ સફેદ થઇ જાય છે, ચામડીમાં કરચલીઓ પડી જાય છે, પોતાનાં અનિર્વાય કાર્યો પાર પાડવામાં બીજાનો મોહતાજ બની જાય છે. અથવા એ અર્થ છે કે જ્યારે તેણે સારી શિકલ બદલ આભાર માન્યો નહિ અને નાફરમાની પર અડેલો રહ્યો અને ઇમાન લાવ્યો નહિ ત્યારે અમે જહન્નમના નીચેમાં નીચેના વર્ગને તેનું સ્થાન બનાવ્યું.

૪૧૫. ભલે તેઓ વૃધ્ધાવસ્થાની અશક્તિના કારણે જવાનીના દિવસો જેવી ઇબાદત કરી શકે નહિ અને તેમના અમલ ઓછા થઇ જાય છતાં અલ્લાહની મેહરબાનીથી તેમને તેવો જ સવાબ મળશે જે તેમને જવાની અને શક્તિના દિવસોમાં મળતો હતો અને તેટલા જ અમલ તેમના માટે લખવામાં આવશે.

૪૧૬. અય કાફિર ! આ સ્પષ્ટ બયાન અને ચળકતી દલીલ પછી.

૪૧૭. અને અલ્લાહ તઆલાની આવી કુદરત નિહાળ્યા પછી પણ શા માટે હશ્ર, હિસાબ અને બદલાનો ઇન્કાર કરે છે ?

૪૧૮. સૂરએ ઇકરઅને સૂરએ અલક પણ કહે છે. આ સૂરત મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૧૯ આયતો ૯૨ શબ્દો અને ૨૮૦ અક્ષરો છે. ઘણા ખરા તફસીરકારો અનુસાર આ સૂરત સર્વ પ્રથમ ઉતરી અને એની પ્રથમ પાંચ આયતો માલમ યઅલમ સુધી ગારે હિરામાં ઉતરી. ફરિશ્તાએ આવીને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું; ''ઇકરઅ'' એટલે કે પઢો. આપે ફરમાવ્યું; અમે પઢતા નથી. તેણે ખૂબ જોરથી છાતી સાથે ભીંચ્યા. પછી છોડીને કહ્યું; ''ઇકરઅ''. પાછો આપે તેવો જ જવાબ આપ્યો. ત્રણ વાર એવું જ બન્યું; ત્યાર પછી તેની સાથે સાથે આપે ''માલમ યઅલમ'' સુધી પઢયું.

૪૧૯. અર્થાત અદબ ખાતર પઢવાની શરૂઆત અલ્લાહ તઆલાના નામથી થવી જોઇએ. આ રીતે આ આયતથી સાબિત થાય છે કે કિરાઅતની શરૂઆત ''બિસ્મિલ્લાહ..... સાથે કરવી મુસ્તહબ છે.

૪૨૦. તમામ મખ્લૂકને.

૪૨૧. બીજા વખતે પઢવાનો હુક્મ તાકીદ માટે છે અને એવું પણ કહેવામાં આવ્યું છે કે બીજી વાર પઢવાના હુક્મનો મતલબ એ છે કે ઉમ્મતની તાલીમ અને તબ્લીગ માટે પઢો.

૪૨૨. એનાથી લખવાની ફઝીલત સાબિત થઇ. અને વાસ્તવમાં લખવાના ઘણા લાભો છે. લખાણથી જ વિદ્યાઓ સચવાઇ રહે છે. ગુજરી ગએલા લોકોની હાલતો અને તેમનાં કથનો જળવાય રહે છે. લખાણ ન હોત તો દીન-દુનિયાનાં કામો ચાલી શકત નહિ.

૪૨૩. આદમી (માનવી)નો મતલબ અહીં હઝરત આદમ અલયહિસ્સલામ છે અને જે એમને શિખવ્યું તે ''ઇલ્મે અસ્માઅ'' (વસ્તુઓનાં નામોની જાણકારી) છે. અને એક કથન એવું છે કે; અહીં માનવીનો મતલબ સય્યિદુલ અંબિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે કે આપને અલ્લાહ તઆલાએ તમામ વસ્તુઓનું ઇલ્મ આપ્યું. (મુઆલિમ, ખાઝિન)

૪૨૪. અર્થાત ગફલતનું કારણ દુનિયાની મહોબ્બત અને દોલત પર અભિમાન છે. આ આયતો અબૂજહલ વિષે ઉતરી. તેને અમુક દોલત પ્રાપ્ત થઇ ગઇ એટલે તેણે લિબાસ અસ્વારી અને ખાવા પીવામાં તકલ્લુફ કરવાનું શરૂ કર્યુ અને તેનો ઘમંડ અને અભિમાન બહુ વધી ગયાં.

૪૨૫. અર્થાત માનવીએ આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ અને સમજવું જોઇએ કે તેને અલ્લાહ તરફ પાછું જવાનું છે તેથી બંડખોરી અભિમાન અને હદ ઓળંગવાનું પરિણામ અઝાબમાં આવશે.

**ગુન્હેગાર (૧૬) હવે પોતાની મજ્લિસને પોકારે[૪૩૩] (૧૭) હમણાં જ અમે સીપાઇઓને બોલાવીએ છીએ[૪૩૪] (૧૮) હા ! હા ! તેનું સાંભળો નહિ અને સિજદો કરો[૪૩૫] અને અમારાથી નજીક થઇ જાવ (૧૯)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૩૬]**

**બેશક ! અમે એને[૪૩૭] શબેકદ્રમાં ઉતાર્યું[૪૩૮] (૧) અને તમે શું જાણ્યું કે શબેકદ્ર શું ? (૨) શબેકદ્ર હજાર મહીનાઓથી ઉત્તમ[૪૩૯] (૩) તેમાં ફરિશ્તાઓ અને જિબ્રાઇલ ઉતરે છે[૪૪૦] પોતાના પરવરદિગારના હુકમથી દરેક કામ માટે[૪૪૧] (૪) તે સવાર પ્રકાશિત થતાં સુધી સલામતી છે[૪૪૨] (૫)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૪૩]**

**કિતાબવાળા કાફિરો[૪૪૪] અને મુશરિકો[૪૪૫] પોતાનો ધર્મ ત્યજનાર હતા નહિ જયાં સુધી કે તેમની પાસે સ્પષ્ટ દલીલ આવે નહિ[૪૪૬] (૧) તે કોણ ? તે અલ્લાહનો રસૂલ[૪૪૭] કે (જે) પાક સહીફાઓ પઢે છે[૪૪૮] (૨) તેમાં સીધી વાતો લખી છે[૪૪૯] (૩) અને કિતાબવાળાઓમાં**


خَاطِئَةٍ ﴿١٦﴾ فَلْيَدْعُ نَادِيَهُ ﴿١٧﴾ سَنَدْعُ الزَّبَانِيَةَ ﴿١٨﴾
كَلَّا لَا تُطِعْهُ وَاسْجُدْ وَاقْتَرِبْ ﴿١٩﴾
سورة القدر بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
إِنَّا أَنزَلْنَاهُ فِي لَيْلَةِ الْقَدْرِ ﴿١﴾ وَمَا أَدْرَاكَ مَا لَيْلَةُ
الْقَدْرِ ﴿٢﴾ لَيْلَةُ الْقَدْرِ خَيْرٌ مِّنْ أَلْفِ شَهْرٍ ﴿٣﴾
تَنَزَّلُ الْمَلَائِكَةُ وَالرُّوحُ فِيهَا بِإِذْنِ رَبِّهِم مِّن
كُلِّ أَمْرٍ ﴿٤﴾ سَلَامٌ هِيَ حَتَّىٰ مَطْلَعِ الْفَجْرِ ﴿٥﴾
سورة البينة بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
لَمْ يَكُنِ الَّذِينَ كَفَرُوا مِنْ أَهْلِ الْكِتَابِ وَالْمُشْرِكِينَ
مُنفَكِّينَ حَتَّىٰ تَأْتِيَهُمُ الْبَيِّنَةُ ﴿١﴾ رَسُولٌ مِّنَ اللَّهِ يَتْلُو
صُحُفًا مُّطَهَّرَةً ﴿٢﴾ فِيهَا كُتُبٌ قَيِّمَةٌ ﴿٣﴾ وَمَا تَفَرَّقَ

૪૨૬. **શાને નુઝૂલ** :- આ આયત પણ અબૂજહલ વિષે ઉતરી તેણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને નમાઝ પઢવાથી અટકાવ્યા હતા અને લોકોને કહ્યું હતું કે; જો હું એમને એવું કરતાં જોઇશ તો (મુઆઝલ્લાહ) ગરદન પગો વડે કચડી નાખીશ અને મોઢું ધૂળમાં ભેળવી દઇશ. પછી જ્યારે હુઝૂર નમાઝ પઢતા હતા ત્યારે તે પોતાના એવા જ બદઇરાદે આવ્યો અને હુઝૂરની પાસે પહોંચ્યા પછી અવળા પગે ભાગ્યો આગળ હાથ લંબાવતો લંબાવતો જેવી રીતે કે કોઇ માણસ કોઇ મુસીબતને અટકાવવા હાથ લાંબા કરતો હોય છે, મોઢાનો રંગ ઉડી ગયો શરીર ધ્રુજવા માંડયું. લોકોએ પૂછયું કે; શું છે ? કહેવા લાગ્યો કે; મારી અને મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની વચમાં એક ખાય છે જેમાં આગ ભરેલી છે. અને ભયંકર પક્ષીઓ પાંખો ફેલાવેલાં છે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે; જો તે મારી નજીક આવત તો ફરિશ્તાઓ તેનું અંગ અંગ જુદુ પાડી આપત.

૪૨૭. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને.

૪૨૮. ઇમાન લાવવાથી.

૪૨૯. અબૂજહલે.

૪૩૦. તેના કામને, અને તેનો બદલો આપશે.

૪૩૧. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ઇજા આપવાથી અને આપને જૂઠાડવાથી.

૪૩૨. અને તેને જહન્નમમાં નાખીશું.

૪૩૩. **શાને નુઝૂલ** :- જ્યારે અબૂજહલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને નમાઝ પઢતાં રોક્યા ત્યારે હુઝૂરે તેને સખ્તાઇ પૂર્વક ધુરકાવી કાઢયો. ત્યારે તેણે કહ્યું કે; તમે મને ધુરકાવો છો ? ખુદાની

કસમ ! હું તમારા મુકાબલામાં નવજવાન અસ્વારો અને પાયદળોથી આ જંગલ ભરી દઇશ તમે જાણો છો કે મક્કામાં મારાથી વધીને માનવબળ અને મજલિસવાળો બીજો કોઇ નથી.

૪૩૪. અર્થાત અઝાબના ફરિશ્તાઓને.

હદીષ શરીફમાં છે કે જો તે પોતાની મજલીસને બોલાવત તો

ફરિશ્તાઓ તેને જાહેરમાં ગિરફતાર કરત.

૪૩૫. અર્થાત નમાઝ પઢતા રહો.

૪૩૬. સૂરએ કદ્ર મદીનામાં અને એક કથન મુજબ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૫ આયતો ૩૦ શબ્દો અને ૧૧૨ અક્ષરો છે.

૪૩૭. અર્થાત કુરઆન મજીદને લવહે મહફૂઝમાંથી પહેલા આકાશ તરફ એકી સાથે.

૪૩૮. શબેકદ્ર બુઝુર્ગી અને બરકતવાળી રાત છે એને શબેકદ્ર એટલા માટે કહે છે કે એ રાત્રે આખા વરસના હુક્મો લાગુ પાડી દેવામાં આવે છે અને ફરિશ્તાઓને આખા વરસનાં કામો અને દફતરો સોંપી દેવામાં આવે છે. એવું પણ કહેવાયું છે કે એ રાત્રીની બુઝુર્ગીના કારણે એને શબેકદ્ર કહે છે. અને એવું પણ ઉલ્લેખાયું છે કે એ રાતમાંનેક કામો નકલ થાય છે અને અલ્લાહના દરબારમાં એની કદર કરવામાં આવે છે એટલા માટે એને શબેકદ્ર કહેવામાં આવે છે.

હદીષોમાં એ રાતની ઘણી ફઝીલતો બયાન થએલી છે. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે જેણે આ રાત્રે ઇમાન અને નિખાસલતાની સાથે આખી રાત જાગીને ઇબાદત કરી અલ્લાહ તઆલા તેના આખા વરસના ગુન્હાઓ માફ કરી દે છે. માણસે એ રાત્રે ખૂબ ઇસ્તગફાર કરવો જોઇએ અને રાત્રી ઇબાદતમાં પસાર કરવી જોઇએ. શબે કદ્ર વરસમાં એકવાર આવે છે અને ઘણી બધી રિવાયતોથી સાબિત થાય છે કે તે રમઝાનુલ મુબારકની છેલ્લી દસ રાત્રીઓમાં હોય છે અને ઘણું કરીને તેની એકી રાત્રીઓમાં અમુક આલિમોના મંતવ્ય મુજબ રમઝાનની સત્તવીસમી રાત શબે કદ્ર હોય છે હઝરત ઇમામ આઝમ રદીયલ્લાહુ તઆલા અન્હુનું કથન પણ એવું જ બયાન કરાયું છે. એ રાતની મહાન ફઝીલતો આગલી આયતોમાં વર્ણવવામાં આવે છે.

૪૩૯. જે શબેકદ્રથી ખાલી હોય. આ એક રાતમાં નેક કામ કરવું હઝાર રાતોના અમલથી બેહતર છે.

હદીષ શરીફમાં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આગલી ઉમ્મતોમાંના એક માણસનું બયાન કર્યું જે આખી રાત ઇબાદત કરતો હતો અને આખો દિવસ જિહાદમાં મશગૂલ રહેતો હતો, એ રીતે તેણે એક હજાર મહીનાઓ સુધી કર્યું હતું. મુસલમાનોને એનાથી આશ્ચર્ય થયું ત્યારે અલ્લાહ તઆલાએ આપને શબેકદ્ર આપી અને આ આયત ઉતરી કે શબેકદ્ર હજાર મહીનાઓથી શ્રેષ્ઠ છે. (ઇબ્ને જરીર અન તરીકે મુજાહિદ)

અલ્લાહ તઆલાની પોતાના હબીબ પર આ મહેરબાની છે કે આપના ઉમ્મતીઓ શબેકદ્રની એક રાત ઇબાદત કરે તો તેનો સવાબ આગલી ઉમ્મતોના હજાર મહીનાઓ સુધી ઇબાદત કરનારથી પણ વધારે હોય.

૪૪૦. પૃથ્વી પર અને જે બંદો ઉભો થઇને કે બેસીને અલ્લાહની ઇબાદતમાં મગ્ન હોય તેને સલામ કરે છે અને તેના માટે દુઆ અને ઇસ્તગફાર કરે છે.

૪૪૧. જે અલ્લાહ તઆલાએ વરસ માટે નક્કી કર્યું હોય.

૪૪૨. મુસીબતો અને આફતોથી.

૪૪૩. સૂરએ લમયકુનને સૂરએ બય્યેનહ પણ કહે છે. વધુ આલિમોના મત મુજબ આ સૂરત મદીનામાં

ફાટફૂટ પડી નહિ પણ એ પછી કે તે સ્પષ્ટ દલીલ[૪૫૦] તેમની પાસે પધાર્યા[૪૫૧] (૪) અને એ લોકોને તો એવો જ આદેશ મળ્યો કે માત્ર તેની ઉપર શ્રદ્ધા લાવીને[૪૫૨] અલ્લાહની બંદગી કરે એક બાજુના થઇને[૪૫૩] અને કાયમ કરે નમાઝ અને ઝકાત આપે અને એ જ સીધો દીન છે (૫) બેશક જેટલા કાફિરો છે કિતાબવાળાઓ અને મુશરિક, તે બધા જ દોઝખની આગમાં છે, હમેશાં તેમાં રહેશે. તેઓ જ તમામ મખ્લૂકમાં બદતર છે (૬) બેશક ! જેઓ ઇમાન લાવ્યા અને સારાં કર્મો કર્યા, તેઓ જ તમામ મખ્લૂકમાં ઉત્તમ છે (૭) તેમનો બદલો તેમના રબ પાસે વસવાટ કરવાના બગીચાઓ છે જેમની નીચે નહેરો વહે તેમાં હમેશાં હમેશાં રહેશે. અલ્લાહ તેમનાથી રાજી[૪૫૪] અને તેઓ તેનાથી ખુશ.[૪૫૫] આ તેના માટે છે જે અલ્લાહથી બ્હીએ[૪૫૬] (૮)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૫૭]**

જ્યારે પૃથ્વી ધ્રુજાવી દેવામાં આવે[૪૫૮] જેવું કે એનું ધ્રુજાવી દેવાનું નક્કી થએલું છે[૪૫૯] (૧) અને ધરતી એનાં વજનો બહાર ફેંકી દે[૪૬૦] (૨) અને મનુષ્ય કહે; 'આને શું થયું છે ?'[૪૬૧] (૩) તે દિવસે એ પોતાની ખબરો કહી દેશે[૪૬૨]

الزلزال ٩٩ عم ٣٠

الَّذِينَ أُوتُوا الْكِتَابَ إِلَّا مِن بَعْدِ مَا جَاءَتْهُمُ الْبَيِّنَةُ ۝٤
وَمَا أُمِرُوا إِلَّا لِيَعْبُدُوا اللَّهَ مُخْلِصِينَ لَهُ الدِّينَ حُنَفَاءَ
وَيُقِيمُوا الصَّلَاةَ وَيُؤْتُوا الزَّكَاةَ وَذَٰلِكَ دِينُ الْقَيِّمَةِ ۝٥ إِنَّ
الَّذِينَ كَفَرُوا مِنْ أَهْلِ الْكِتَابِ وَالْمُشْرِكِينَ فِي نَارِ جَهَنَّمَ خَالِدِينَ
فِيهَا أُولَٰئِكَ هُمْ شَرُّ الْبَرِيَّةِ ۝٦ إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ
أُولَٰئِكَ هُمْ خَيْرُ الْبَرِيَّةِ ۝٧ جَزَاؤُهُمْ عِندَ رَبِّهِمْ جَنَّاتُ عَدْنٍ
تَجْرِي مِن تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ فِيهَا أَبَدًا رَّضِيَ
اللَّهُ عَنْهُمْ وَرَضُوا عَنْهُ ذَٰلِكَ لِمَنْ خَشِيَ رَبَّهُ ۝٨
سورة الزلزال بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ وهي ثمان آيات
إِذَا زُلْزِلَتِ الْأَرْضُ زِلْزَالَهَا ۝١ وَأَخْرَجَتِ الْأَرْضُ
أَثْقَالَهَا ۝٢ وَقَالَ الْإِنسَانُ مَا لَهَا ۝٣ يَوْمَئِذٍ تُحَدِّثُ

ઉતરેલી છે, અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુની એક રિવાયત મુજબ એ મક્કામાં ઉતરી હતી. આ સૂરતમાં ૧ રૂકૂઅ ૮ આયતો ૯૪ શબ્દો અને ૩૯૯ અક્ષરો છે.

૪૪૪. યહૂદીઓ અને ખ્રિસ્તીઓ.

૪૪૫. મૂર્તિપૂજકો.

૪૪૬. અર્થાત સય્યિદે અંબિયા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પધારે, કારણ કે હુઝૂરની પધરામણી પહેલાં એ બધા એવું જ કહેતા હતા કે જ્યાં સુધી તે વાયદો કરાએલા નબી જેમનું બયાન તવરાત અને ઇન્જીલમાં છે તેઓ પધારશે નહિ ત્યાં સુધી અમે અમારો ધર્મ છોડીશું નહિ.

૪૪૭. અર્થાત સય્યિદે આલમ. મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૪૪૮. અર્થાત કુરઆન મજીદ.

૪૪૯. સત્ય અને ન્યાયની.

૪૫૦. અર્થાત સય્યિદે આલમ. મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૪૫૧. આશય એ છે કે પહેલાંથી તો બધા જ એ વાત પર એકમત હતા કે જ્યારે વાયદો કરાએલા નબી પધારશે ત્યારે આપણે તેમની ઉપર ઇમાન લઇ આવીશું પણ જ્યારે તે નબીએ મુકર્રમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પધાર્યા ત્યારે અમુક તો આપની ઉપર ઇમાન લાવ્યા અને અમુકે હસદ અને અદેખાઇના કારણે કુફ્ર ધારણ કર્યું.

૪૫૨. તવરાત અને ઇન્જીલમાં.

(૪) એટલા માટે કે તમારા પરવરદિગારે એને હુકમ મોકલ્યો[૪૬૩] (૫) તે દિવસે લોકો પોતાના રબ તરફ પાછા ફરશે,[૪૬૪] કેટલાએ માર્ગોમાં થઇને,[૪૬૫] જેથી (તેમને) પોતાનાં કર્મો[૪૬૬] દેખાડવામાં આવે (૬) તો જે એક રજકણ જેટલી ભલાઇ કરે (તો તે) તેને દેખશે (૭) અને જે એક રજકણ જેટલી બુરાઇ કરે (તો તે) તેને જોશે[૪૬૭] (૮)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૬૮]**

તેમની કસમ જે છાતીમાંથી અવાજ કાઢતા દોડે છે[૪૬૯] (૧) પછી ખર મારીને પથ્થરોમાંથી આગ કાઢે છે[૪૭૦] (૨) પછી સવાર થતાં તારાજ કરી દે છે[૪૭૧] (૩) પછી તે સમયે ધૂળ ઉડાડે છે (૪) પછી દુશ્મનના મધ્ય લશ્કરે જાય છે (૫) બેશક ! માનવી પોતાના રબનો મહાન નગુણો છે[૪૭૨] (૬) અને બેશક ! તે પોતે એનો[૪૭૩] સાક્ષી છે (૭) અને બેશક તે દોલતના પ્રેમમાં અવશ્ય સખત છે[૪૭૪] (૮) તો શું જાણતો નથી કે જ્યારે ઉઠાડવામાં આવશે[૪૭૫] તેમને જેઓ કબરોમાં છે (૯) અને જે સીનાઓમાં છે તે ખુલ્લુ કરી દેવામાં આવશે[૪૭૬] (૧૦) બેશક ! એમના રબને તે દિવસે[૪૭૭] એ બધાંની ખબર છે[૪૭૮] (૧૧)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૭૯]**

હૃદય હચમચાવી દેનાર (૧) શું તે હૃદય હચમચાવી દેનાર ? (૨) અને તેં શું જાણ્યું (કે) તે હૃદય હચમચાવી દેનાર શું



أَخْبَارَهَا ﴿٤﴾ بِأَنَّ رَبَّكَ أَوْحَىٰ لَهَا ﴿٥﴾ يَوْمَئِذٍ يَصْدُرُ
النَّاسُ أَشْتَاتًا لِّيُرَوْا أَعْمَالَهُمْ ﴿٦﴾ فَمَن يَعْمَلْ مِثْقَالَ
ذَرَّةٍ خَيْرًا يَرَهُ ﴿٧﴾ وَمَن يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَرَهُ ﴿٨﴾

سورة العاديات مكية — بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ — آياتها ١١ ركوعها ١

وَالْعَادِيَاتِ ضَبْحًا ﴿١﴾ فَالْمُورِيَاتِ قَدْحًا ﴿٢﴾ فَالْمُغِيرَاتِ صُبْحًا ﴿٣﴾
فَأَثَرْنَ بِهِ نَقْعًا ﴿٤﴾ فَوَسَطْنَ بِهِ جَمْعًا ﴿٥﴾ إِنَّ الْإِنسَانَ
لِرَبِّهِ لَكَنُودٌ ﴿٦﴾ وَإِنَّهُ عَلَىٰ ذَٰلِكَ لَشَهِيدٌ ﴿٧﴾ وَإِنَّهُ لِحُبِّ الْخَيْرِ
لَشَدِيدٌ ﴿٨﴾ أَفَلَا يَعْلَمُ إِذَا بُعْثِرَ مَا فِي الْقُبُورِ ﴿٩﴾ وَحُصِّلَ
مَا فِي الصُّدُورِ ﴿١٠﴾ إِنَّ رَبَّهُم بِهِمْ يَوْمَئِذٍ لَّخَبِيرٌ ﴿١١﴾

سورة القارعة مكية — بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ — آياتها ١١ ركوعها ١

الْقَارِعَةُ ﴿١﴾ مَا الْقَارِعَةُ ﴿٢﴾ وَمَا أَدْرَاكَ مَا الْقَارِعَةُ ﴿٣﴾ يَوْمَ

૪૫૩. નિખાલસતાથી શિર્ક અને નિફાકથી વેગળા રહીને.

૪૫૪. તેમની ફરમાંબરદારી નિખાલસતા અને ઇબાદતથી.

૪૫૫. તેની મહેરબાની અને દેણથી.

૪૫૬. અને તેના હુક્મનું ઉલ્લંઘન કરવાથી બચે.

૪૫૭. સૂરએ ઇઝા ઝુલઝિલત જેને સૂરે ઝિલઝાલ પણ કહે છે તે મક્કામાં ઉતરેલી અને અમુકના કથન અનુસાર મદીનામાં ઉતરેલી છે એમાં ૧ રૂકૂઅ ૮ આયતો ૩૫ શબ્દો અને ૧૩૯ અક્ષરો છે.

૪૫૮. કયામત સ્થાપિત થવાની તૈયારી પર અથવા કયામતના દિવસે.

૪૫૯. અને પૃથ્વી પર કોઇ વૃક્ષ કોઇ ઇમારત કોઇ પર્વત બાકી રહે નહિ દરેક વસ્તુ તૂટી ફૂટી જાય.

૪૬૦. અર્થાત ખઝાનાઓ અને મડદાંઓ જે તેમાં છે તે બધુ જ નીકળીને બહાર આવી જાય.

૪૬૧. કે જેથી આવી બેબાકળી બની ગઇ અને આવો આંચકો લાગ્યો કે જે કંઇ એની અંદર હતું તે બહાર પટકાઇ પડયું ?

૪૬૨. અને એની ઉપર જે નેકી કે બદી કરવામાં આવી હશે તે બધું જ કહી દેશે.

૪૬૩. કે તે પોતાની ખબરો કહે અને તેની ઉપર જે અમલ કરાયા હોય તેની ખબર આપે.

૪૬૪. હિસાબના સ્થાનેથી.

૪૬૫. કોઇ જન્નત તરફ જમણી બાજુ થઇને અને કોઇ ડાબી બાજુ થઇને દોઝખ તરફ.

૪૬૬. અર્થાત પોતાના આમાલનો બદલો.

**છે ?[૪૮૦] (૩) જે દિવસે માણસો વિખરાએલા પતંગિયાઓની માફક હશે[૪૮૧] (૪) અને પર્વતો ધુણેલા ઊન જેવા હશે[૪૮૨] (૫) તો જેનું તોલ વજનદાર થશે[૪૮૩] (૬) તે તો મનમાન્યા એશમાં છે[૪૮૪] (૭) અને જેમનું તોલ હલકું થશે[૪૮૫] (૮) તે નીચું દેખાડનારના ખોળામાં છે[૪૮૬] (૯) અને તેં શું જાણ્યું (કે) નીચું દેખાડનાર શું છે ? (૧૦) એક આગ (છે) ભભુકતી[૪૮૭] (૧૧)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૮૮]**

**તમને માલ (દોલત)ની વધારે તલબે[૪૮૯] ગાફેલ રાખ્યા[૪૯૦] (૧) એટલે સુધી કે તમે કબરોનું મોઢું જોયું[૪૯૧] (૨) હા ! હા ! સત્વરે જાણી લેશો[૪૯૨] (૩) પછી હા ! હા ! સત્વરે જાણી જશો[૪૯૩] (૪) હા ! હા ! જો ખાત્રીપૂર્વકનું જાણત, તો માલ (દોલત)નો પ્રેમ ધરાવત નહિ.[૪૯૪] (૫) બેશક ! જરૂર જહન્નમને દેખશો[૪૯૫] (૬) પછી બેશક ! એને યકીનપૂર્વક દેખશો (૭) પછી બેશક ! જરૂર તે દિવસે તમને નેઅમતો વિષે પૂછપરછ થશે[૪૯૬] (૮)**

التكاثر ١٠٢ عم ٣٠

يكون الناس كالفراش المبثوث ﴿٤﴾ وتكون
الجبال كالعهن المنفوش ﴿٥﴾ فأما من ثقلت
موازينه ﴿٦﴾ فهو في عيشة راضية ﴿٧﴾ وأما من
خفت موازينه ﴿٨﴾ فأمه هاوية ﴿٩﴾ وما أدراك
ما هيه ﴿١٠﴾ نار حامية ﴿١١﴾
سورة التكاثر مكية بسم الله الرحمن الرحيم وهي ثمان آيات
ألهاكم التكاثر ﴿١﴾ حتى زرتم المقابر ﴿٢﴾ كلا
سوف تعلمون ﴿٣﴾ ثم كلا سوف تعلمون ﴿٤﴾
كلا لو تعلمون علم اليقين ﴿٥﴾ لترون الجحيم ﴿٦﴾
ثم لترونها عين اليقين ﴿٧﴾ ثم لتسألن يومئذ
عن النعيم ﴿٨﴾

૪૬૭. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; દરેક મુઅમિન અને કાફિરને કયામતના દિવસે તેના સારા નરસા અમલ દેખાડવામાં આવશે. મુઅમિનને તેની નેકીઓ અને બદીઓ દેખાડીને બદીઓ માફ કરી દેશે અને નેકીઓ બદલ સવાબ આપશે. અને કાફિરની નેકીઓ રદબાતલ કરવામાં આવશે કારણ કે કુફ્રના કારણે વ્યર્થ થએલી હશે અને બદીઓ બદલ તેને અઝાબ કરવામાં આવશે.

મોહંમદ બિન કઅબ કરઝીએ કહ્યું છે કે; કાફિરે જરા જેટલી પણ નેકી કરી હશે તો તેનો બદલો દુનિયામાં જ પામી લેશે એટલે સુધી કે તે જ્યારે દુનિયામાંથી નીકળશે ત્યારે તેની પાસે કશી નેકી નહિ હોય. અને મુઅમિન પોતાની બદીઓની સજા દુનિયામાં મેળવશે પણ આખેરતમાં તેની સાથે કોઇ બદી હશે નહિ. આ આયતમાં પ્રેરણા છે કે નેકી જરા જેટલી પણ ઉપયોગી છે અને ચેતવણી છે કે ગુન્હો જરા જેટલો પણ વબાલ (મુસીબત) છે. અમુક તફસીરકારોએ ક્હયું છે કે; પહેલી આયત મુઅમિનો માટે અને બીજી આયત કાફિરો માટે છે.

૪૬૮. સૂરએ આદિયાત હઝરત ઇબ્ને મસઊદ રદીયલ્લાહુ તઆલા અન્હુના મંતવ્ય મુજબ મક્કામાં ઉતરેલી છે અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુના કથન અનુસાર મદીનામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૧૧ આયતો ૪૦ શબ્દો અને ૧૬૩ અક્ષરો છે.

૪૬૯. એનો ઇશારો ગાઝી લોકોના ઘોડાઓ તરફ છે જેઓ જેહાદમાં દોડે છે ત્યારે તેમના સીનાઓમાંથી અવાજ નીકળે છે.

૪૭૦. જ્યારે પથ્થરવાળી જમીન પર દોડે છે.

૪૭૧. શત્રુને.

૪૭૨. કે તેની નેઅમતોનો આભાર માનતો નથી.

૪૭૩. પોતાના અમલો દ્વારા.

૪૭૪. ઘણો જ મજબૂત અને તાકાતવાન છે અને ઇબાદત માટે અશક્ત છે.

૪૭૫. મડદાંઓ.

૪૭૬. વાસ્તવિકતા અથવા નેકી અને બદી.

૪૭૭. અર્થાત કયામતના દિવસે જે ફેંસલાનો દિવસ છે.

૪૭૮. જેવી કે હમેશાંથી છે તેથી તેમની વચ્ચે નેક અને બદનો ફેંસલો કરી તેમનો બદલો આપશે.

૪૭૯. સૂરએ અલ-કારિઅહ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૧૧ આયતો ૩૬ શબ્દો અને ૧૫૨ અક્ષરો છે.

૪૮૦. એનો મતલબ કયામત છે જેની ભયંકરતા અને ભયાનકતાથી હૃદયો હચમચી જશે અને 'કારિઅહ' કયામતના નામોમાંથી એક નામ છે.

૪૮૧. અર્થાત પતંગિયાઓ જવાળા પર ઝઝુમવા માટે જે રીતે વિખરાએલાં હોય છે અને તેમના માટે કોઇ એક દીશા નક્કી હોતી નથી દરેક બીજાની સામી દીશાએથી પડે છે, કયામતના દિવસે મખ્લૂકની વેરવિખેર આ મુજબની જ હશે.

૪૮૨. જેની રજકણો છુટી પડીને ઉડે છે, કયામતની ભયાનકતાના કારણે પર્વતોની આવી જ દશા થશે.

૪૮૩. અને વજન એટલે નેકીઓ વધારે થઇ.

૪૮૪. અર્થાત જન્નતમાં. મુઅમિનની નેકીઓ સારી શિકલમાં લાવીને ત્રાજવામાં મૂકવામાં આવશે તો જો તે વધારે હશે તો તેના માટે જન્નત છે. અને કાફિરની બદીઓ ખરાબ શિકલમાં લાવીને ત્રાજ્વામાં મૂકવામાં આવશે અને વજન (નેકીઓનું) હલકુ થશે કારણ કે કાફિરોના આમાલ બાતિલ છે, તેમના નેક આમાલનું કશું વજન નથી તેથી તેમને જહન્નમમાં દાખલ કરાશે.

૪૮૫. તે અસત્યને અનુસરતો હતો તેથી.

૪૮૬. અર્થાત તેનું સ્થાન દોઝખની આગ છે.

૪૮૭. જેમાં અતિશય ગરમી અને જલન છે અલ્લાહ તઆલા એનાથી પોતાના આશરામાં રાખે.

૪૮૮. સૂરએ તકાષુર મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૮ આયતો ૨૮ શબ્દો અને ૧૨૦ અક્ષરો છે.

૪૮૯. એનાથી સાબિત થયું કે દોલતની બહુ લાલચ કરવી અને એની ઉપર અભિમાન કરવું સારૂ નથી અને એમાં ફસાઇને માણસ આખેરતની ભલાઇથી વંચિત થઇ જાય છે.

૪૯૦. અલ્લાહ તઆલાની ઇબાદતથી.

૪૯૧. અર્થાત મૃત્યુના સમય સુધી લાલચે તમારો પાલવ પકડેલો રાખ્યો. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; મડદાની સાથે ત્રણ હોય છે, બે પાછા ફરે છે અને એક તેની સાથે રહી જાય છે. એક તેની દોલત, એક તેનાં સંબંધીઓ, એક તેના અમલ, અમલ સાથે રહી જાય છે બાકી બન્ને પાછાં આવે છે. (બુખારી)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)**[૪૯૭]

**મહેબૂબના આ યુગની કસમ[૪૯૮] (૧) બેશક ! માનવી અચુક ખોટમાં છે[૪૯૯] (૨) પરંતુ જેઓ ઇમાન લાવ્યા અને સદકર્મો કર્યા અને એક બીજાને હક્કની તાકીદ કરી[૫૦૦] અને એકબીજાને સબરની વસિય્યત કરી[૫૦૧] (૩)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)**[૫૦૨]

**ખરાબી છે તેના માટે જે લોકોના મોઢા સામે (તેમની) એબો (નું વર્ણન) કરે (અને) પીઠ પાછળ બદી કરે[૫૦૩] (૧) જેણે માલ (ધન) ભેગું કર્યું અને (તેને) ગણી ગણીને મૂક્યું (૨) શું એવું સમજે છે કે તેનો માલ (ધન) તેને દુનિયામાં હમેશાં રાખશે ?[૫૦૪] (૩) કદાપી નહિ, અવશ્ય તે ચગડી કાઢનારમાં નાખવામાં આવશે[૫૦૫] (૪) અને તેં શું જાણ્યું કે શું છે ચગદી કાઢનાર ? (૫) અલ્લાહની આગ (જે) ભભુકી રહી છે[૫૦૬] (૬) તે જે હૃદયોની ઉપર ચઢી જશે[૫૦૭] (૭) બેશક ! તે એમની ઉપર ઢાંકી દેવામાં આવશે[૫૦૮] (૮) લાંબા લાંબા થાંભલાઓમાં[૫૦૯] (૯)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)**[૫૧૦]


عم ٣٠ العصر ١٠٣ الهمزة ١٠٤ الفيل ١٠٥
سُوْرَةُ الْعَصْرِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَهِيَ ثَلٰثُ اٰيَاتٍ
وَالْعَصْرِ ۝١ اِنَّ الْاِنْسَانَ لَفِيْ خُسْرٍ ۝٢ اِلَّا
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوْا
بِالْحَقِّ ۙ وَتَوَاصَوْا بِالصَّبْرِ ۝٣
سُوْرَةُ الْهُمَزَةِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَهِيَ تِسْعُ اٰيَاتٍ
وَيْلٌ لِّكُلِّ هُمَزَةٍ لُّمَزَةِ ۝١ الَّذِيْ جَمَعَ مَالًا
وَّعَدَّدَهٗ ۝٢ يَحْسَبُ اَنَّ مَالَهٗٓ اَخْلَدَهٗ ۝٣ كَلَّا لَيُنْۢبَذَنَّ
فِي الْحُطَمَةِ ۝٤ وَمَآ اَدْرٰىكَ مَا الْحُطَمَةُ ۝٥ نَارُ اللّٰهِ
الْمُوْقَدَةُ ۝٦ الَّتِيْ تَطَّلِعُ عَلَى الْاَفْـِٕدَةِ ۝٧ اِنَّهَا
عَلَيْهِمْ مُّؤْصَدَةٌ ۝٨ فِيْ عَمَدٍ مُّمَدَّدَةٍ ۝٩
سُوْرَةُ الْفِيْلِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَهِيَ خَمْسُ اٰيَاتٍ

૪૯૨. સકરાત સમયે પોતાની એ હાલતના ખરાબ પરિણામને.

૪૯૩. કબરોમાં.

૪૯૪. અને દોલતની લાલચમાં સપડાયને આખેરતને ભૂલી બેસત નહિ.

૪૯૫. મૃત્યુ પછી.

૪૯૬. જે અલ્લાહ તઆલાએ તમને આપી હતી, તંદુરૂસ્તી, માલદારી, શાંતિ, ઐશ, માલદોલત વિગેરે. જેના વડે જગતમાં લિજ્જતો માણતા હતા. પૂછવામાં આવશે કે તે વસ્તુઓ શેમાં વાપરી ? એનો કેવો આભાર માન્યો ? અને આભાર નહિ માનવા બદલ અઝાબ કરવામાં આવશે.

૪૯૭. સૂરએ વલઅસ્ર વધારે આલિમોના કથન મુજબ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૩ આયતો ૧૪ શબ્દો અને ૬૮ અક્ષરો છે.

૪૯૮. અસ્ર સમય (યુગ)ને કહે છે. અને સમયમાં આશ્ચર્યજનક વસ્તુઓ સમાએલી છે એમાં પરિસ્થિતિઓની અદલા બદલી દેખનાર માટે બોધપાઠ ગ્રહણ કરવાનું કારણ બને છે અને એ વસ્તુઓ મહાન હિકમતધારી સર્જનહારની કુદરત, રહસ્યો અને તેના એક હોવા બાબત નિર્દેશ કરે છે એટલા માટે શક્ય છે કે સમયની કસમ યાદ કરી હોય. અને અસ્ર તે સમયને પણ કહે છે જે સૂર્યાસ્ત પહેલાં હોય છે. બની શકે છે કે ખોટમાં ઉતરનાર માટે એ સમયની કસમ યાદ કરવામાં આવે જે રીતે કે લાભ ઉઠાવનાર માટે 'દુહા' ચાશતના સમયની કસમ યાદ કરવામાં આવી. અને એક કથન એવું પણ છે કે અસ્રનો મતલબ અસ્રની નમાઝ હોય જે દિવસની ઇબાદતોમાં પાછલી ઇબાદત છે. પણ સર્વેથી વધારે લિજ્જતવાળી અને પ્રથમ

ألم تر كيف فعل ربك بأصحاب الفيل ① ألم يجعل
كيدهم في تضليل ② وأرسل عليهم طيرا أبابيل ③
ترميهم بحجارة من سجيل ④ فجعلهم كعصف مأكول ⑤

سورة قريش مكية بسم الله الرحمن الرحيم آياتها ٤

لإيلاف قريش ① إيلافهم رحلة الشتاء والصيف ②
فليعبدوا رب هذا البيت ③ الذي أطعمهم
من جوع وآمنهم من خوف ④

سورة الماعون مكية بسم الله الرحمن الرحيم آياتها ٧

أرأيت الذي يكذب بالدين ① فذلك الذي
يدع اليتيم ② ولا يحض على طعام المسكين ③
فويل للمصلين ④ الذين هم عن صلاتهم ساهون ⑤

**અય મહબૂબ ! શું તમે જોયું નહિ (કે) તમારા પરવરદિગારે પેલા હાથીવાળાઓની શું દશા કરી ?[૫૧૧] (૧) શું તેમનો દાવ વિનાશમાં નાંખ્યો નહિ ? (૨) અને તેમની ઉપર પક્ષીઓ નાં ટોળાંઓ મોકલ્યા[૫૧૨] (૩) કે (જેઓ) તેમને કાંકરાઓના પથ્થરો વડે મારતા (હતા)[૫૧૩] (૪) તો તેમને ચવાઇ ગએલી ખેતી નાં પાંદડાંઓ જેવા કરી નાખ્યા[૫૧૪] (૫)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૧૫]**

**એટલા માટે કે કુરૈશને પ્રેરણા આપી (૧) તેમની શિયાળા અને ઉનાળા બન્નેની સફરોની પ્રેરણા આપી[૫૧૬] (૨) તો તેમણે આ ઘરના[૫૧૭] રબની બંદગી કરવી જોઇએ (૩) જેણે તેમને ભૂખમાં[૫૧૮] ખાવાનું આપ્યું અને તેમને એક મોટી બ્હીકથી નચિંતતા આપી[૫૧૯] (૪)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૨૦]**

**જરા જુઓ તો, જે દીનને જૂઠાડે છે[૫૨૧] (૧) પછી તે એવો છે જે યતીમને ધક્કા મારે છે[૫૨૨] (૨) અને મિસ્કીનને ખાવા આપવાની પ્રેરણા આપતો નથી[૫૨૩] (૩) તો તે નમાઝીઓની ખરાબી છે (૪) જેઓ પોતાની નમાઝને ભુલી બેઠા છે[૫૨૪] (૫)**

પસંદગી પાત્ર તફસીર તે જ છે જે હઝરત મુતરજિમે (આલા હઝરત) કરી છે કે એક ખાસ સમય (યુગ) સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સમયની કસમ છે જે ઘણો જ બરકતવંત સમય છે અને બધા જ યુગો કરતાં મહાન બુઝુર્ગી અને શ્રેષ્ઠતાવાળો યુગ છે. અલ્લાહ તઆલાએ હુઝૂરના મુબારક સમયની કસમ યાદ કરી જેમકે ''લા ઉકસિમુ બેહાઝલ બલદ''માં હુઝૂરના રહેઠાણની કસમ અને ''લઅમ-રૂક''માં આપની ઉંમર મુબારકની કસમ યાદ કરવામાં આવી છે, અને એમાં મહબૂબની શાનને જાહેર કરવામાં આવી છે.

૪૯૯. કે તેની ઉમર જે તેની મૂડી છે તે દર પળે ઓછી થઇ રહી છે.

૫૦૦. અર્થાત ઇમાન અને નેક કામોની.

૫૦૧. તે કષ્ટો અને તકલીફો બદલ જે દીનના માર્ગમાં વેઠવી પડે. એ લોકો અલ્લાહની મહેરબાનીથી ખોટમાં નથી કારણ કે જેટલી ઉંમર પસાર થઇ તે નેકી અને ઇબાદતમાં પસાર થઇ તેથી તેઓ નફો મેળવનાર છે.

૫૦૨. સૂરએ હુમઝહ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૯ આયતો ૩૦ શબ્દો અને ૧૩૦ અક્ષરો છે.

૫૦૩. આ આયતો તે કાફિરો વિષે ઉતરી જેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના અસ્હાબની બદગોઇ કરતા હતા અને એ લોકોની ગીબત કરતા હતા, જેમકે અખનસ બિન શરીક, ઉમય્યા બિન ખલફ અને વલીદ બિન મુગીરા વિગેરે. પરંતુ આયતોનો હુક્મ દરેક ગીબત કરનારને સામાન્યતઃ સ્પર્શે છે.

૫૦૪. મરવા નહિ દે ? તેથી તેઓ ધનના પ્રેમમાં મસ્ત છે અને નેક કામો તરફ ધ્યાન આપતા નથી ?

૫૦૫. અર્થાત જહન્નમના તે વર્ગમાં જ્યાં આગ હાડકાંઓ અને પાંસળાંઓ ભાંગી નાખશે.

૫૦૬. અને કદી પણ ઠંડી થતી નથી. હદીષ શરીફમાં છે કે જહન્નમની આગ હજાર વરસ સુધી પ્રજળાવવામાં આવી એટલે સુધી કે લાલ બની ગઇ, પાછી હજાર વરસ સુધી સળગાવવામાં આવી એટલે સુધી કે સફેદ બની ગઇ, પાછી હજાર વરસ સુધી ફૂંકવામાં આવી એટલે સુધી કે કાળી થઇ ગઇ તો હવે તે કાળી અને અંધકારમય છે. (તિરમિઝી)

૫૦૭. અર્થાત બાહય શરીરને પણ બાળશે અને શરીરની અંદર પ્રવેશીને હૃદયોને પણ બાળશે. હૃદય એવી વસ્તુ છે જેને જરા જેટલી ગરમી વેઠવાની તાકાત પણ નથી તો પછી જહન્નમની આગ જ્યારે તેની ઉપર ચઢી જશે અને મૃત્યુ તો ત્યાં આવવાનું નથી તો તેની શું હાલત થશે ? હૃદયોને બાળવાનું કારણ એ છે કે તે કુફ્ર, ખોટા અકીદાઓ અને ખરાબ નિય્યતોનું સ્થાન છે.

૫૦૮. અર્થાત આગમાં નાખીને બારણાઓ વાસી દેવામાં આવશે.

૫૦૯. અર્થાત દરવાજાઓના તાળાઓને આગપ્રુફ લોઢાના થાંભલાઓ વડે મજબૂત કરી દેવાશે કે જેથી કદી દરવાજો ખુલે નહિ અમુક તફસીરકારોએ એવો અર્થ બયાન કર્યો છે કે બારણાઓ વાસીને આગના થાંભલાઓ સાથે તેમના હાથ પગ બાંધી દેવામાં આવશે.

૫૧૦. સૂરએ ફીલ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૫ આયતો ૨૦ શબ્દો અને ૯૬ અક્ષરો છે.

૫૧૧. હાથીવાળાઓનો મતલબ અબરહા બાદશાહ અને તેનું સૈન્ય છે. અબરહા યમન અને હબશાનો બાદશાહ હતો. તેણે સનઆ શહેરમાં એક દેવળ બાંધ્યું હતું અને એવું ઇચ્છતો હતો કે હજ કરનારાઓ મક્કા જવાને બદલે ત્યાં આવે અને તે દેવળના તવાફ કરે. અરબના લોકોને એ વાત બહું કપરી લાગી. બની કનાનાના એક માણસે લાગ જોઇને તે દેવળમાં કુદરતી હાજત કરી અને તેને નાપાકીથી ખરડી નાખ્યું. તેથી અબરહાને બહું ક્રોધ ચઢયો અને તેણે કઅબા શરીફને પાડી નાખવાની કસમ ખાધી અને એવા ઇરાદે પોતાનું સૈન્ય લઇને જેમાં ઘણા બધા હાથીઓ હતા અને તે બધાંની આગળ એક મહાકાય પર્વત સમાન હાથી હતો જેનું નામ મહમૂદ હતું તે મક્કા શરીફ તરફ રવાના થયો. અબરહાએ મક્કા મુઅઝ્ઝમાની નજીક જઇને મકકાવાસીઓનાં પશુઓને પકડી લીધાં તેમાં અબ્દુલ મુત્તલિબ (હુઝૂરના દાદા) નાં પણ ૨૦૦ ઊંટો હતાં. અબ્દુલ મુત્તલિબ અબરહા પાસે આવ્યા તેઓ ઘણા ખૂબસૂરત અને સુડોળ બાંધાના હતા. અબરહાએ તેમનું સન્માન કર્યું અને પોતાની પાસે બેસાડયા અને આગમનનો હેતુ પૂછયો. તેમણે કહ્યું; મારો હેતુ એ છે કે મારાં ઊંટો પરત કરવામાં આવે. અબરહાએ કહ્યું કે; મને આશ્ચર્ય થાય છે કે હું કઅબાને પાડી નાખવા માટે આવ્યો છું અને તે તમારૂં અને તમારા પુર્વજોનું પુનિત સ્થાન છે, તમે તેના વિષે તો કશું કહેતા નથી અને પોતાના ઊંટોની માંગણી કરો છો ? તેમણે કહ્યું; હું ઊંટોનો જ માલિક છું તેથી ઊંટોની માંગણી કરૂં છું અને જે કઅબાનો માલિક છે તે પોતે કઅબાની રક્ષા કરશે. અબરહાએ આપનાં ઊંટો પાછાં આપી દીધાં. અબ્દુલ મુત્તલિબે કુરેશને બધી હકીકત કહી સંભળાવી અને તેમને સલાહ આપી કે તેઓ પર્વતોની ગુફાઓ અને શિખરો પર સંતાઇ જાય. કુરેશીઓએ એવું જ કર્યું. અને અબ્દુલ મુત્તલિબે કઅબાના દરવાજા પર આવીને બારગાહે ઇલાહીમાં કઅબાના રક્ષણ માટે દુઆ માંગી અને દુઆથી પરવારીને આપ પોતાની કોમ પાસે જતા રહ્યા. અબરહાએ વહેલી સવારમાં પોતાના સૈન્યોને તૈયાર થવાનો હુકમ આપ્યો અને હાથીઓને તૈયાર કર્યા, પરંતુ મહમૂદ હાથી ઉભો થયો નહિ અને કઅબા તરફ આગળ ધપ્યો નહિ. બીજી જે દિશામાં

**તેઓ જે દેખાવ કરે છે[૫૨૫] (૬) અને વાપરવાની વસ્તુ[૫૨૬] માંગવા છતાં આપતા નથી[૫૨૭] (૭)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૨૮]**

**અય મહબૂબ ! બેશક ! અમે તમને અસંખ્ય ખૂબીઓ આપી[૫૨૯] (૧) તો તમે પોતાના રબ માટે નમાઝ પઢો[૫૩૦] અને કુરબાની કરો[૫૩૧] (૨) બેશક ! જે તમારો દુશ્મન છે તેજ દરેક સારી વસ્તુથી વંચિત છે[૫૩૨] (૩)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૩૩]**

**તમે ફરમાવો; અય કાફિરો ![૫૩૪] (૧) હું (તેને) પૂજતો નથી જે તમે પૂજો છો (૨) અને તમે (તેને) પૂજતા નથી જેને હું પૂજુ છું (૩) અને જે તમે પૂજ્યું તેને હું પૂજવાનો નથી (૪) અને જેને હું પૂજુ છું તેને તમે પૂજવાના નથી (૫) તમને તમારો ધર્મ અને મને મારો દીન[૫૩૫] (૬)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૩૬]**

**જ્યારે અલ્લાહની મદદ અને ફતેહ આવે[૫૩૭] (૧) અને**

عم ٣٠ — الكوثر ١٠٨ الكافرون ١٠٩ النصر ١١٠

الَّذِينَ هُمْ يُرَاءُونَ ﴿٦﴾ وَيَمْنَعُونَ الْمَاعُونَ ﴿٧﴾

سُورَةُ الْكَوْثَرِ مَكِّيَّةٌ — بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ — وَهِيَ ثَلَاثُ آيَاتٍ

إِنَّا أَعْطَيْنَاكَ الْكَوْثَرَ ﴿١﴾ فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ ﴿٢﴾

إِنَّ شَانِئَكَ هُوَ الْأَبْتَرُ ﴿٣﴾

سُورَةُ الْكَافِرُونَ مَكِّيَّةٌ — بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ — وَهِيَ سِتُّ آيَاتٍ

قُلْ يَا أَيُّهَا الْكَافِرُونَ ﴿١﴾ لَا أَعْبُدُ مَا تَعْبُدُونَ ﴿٢﴾

وَلَا أَنْتُمْ عَابِدُونَ مَا أَعْبُدُ ﴿٣﴾ وَلَا أَنَا

عَابِدٌ مَا عَبَدْتُمْ ﴿٤﴾ وَلَا أَنْتُمْ عَابِدُونَ مَا

أَعْبُدُ ﴿٥﴾ لَكُمْ دِينُكُمْ وَلِيَ دِينِ ﴿٦﴾

سُورَةُ النَّصْرِ مَدَنِيَّةٌ — بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ — وَهِيَ ثَلَاثُ آيَاتٍ

إِذَا جَاءَ نَصْرُ اللَّهِ وَالْفَتْحُ ﴿١﴾ وَرَأَيْتَ النَّاسَ

હાંકતા તે તરફ ચાલતો પણ જ્યારે તેનું મોઢું કઅબા તરફ ફેરવતા ત્યારે તે બેસી જતો હતો. અલ્લાહ તઆલાએ નાનાં નાનાં પક્ષીઓ તેમની ઉપર મોકલ્યાં જેઓ નાનાં નાનાં કાંકરાઓ તેમની ઉપર ફેંકતાં હતાં જેનાથી તે બધા જ નાશ પામતા હતા.

૫૧૨. જેઓ સમુદ્ર તરફથી ટોળે ટોળાં આવ્યાં દરેકની પાસે ત્રણ ત્રણ કાંકરાઓ હતા બે બન્ને પગોમાં થઇને અને એક ચાંચમાં.

૫૧૩. જેની ઉપર તેઓ કાંકરો નાખતા તે કાંકરો તેનો લોખંડી ટોપો કોચીને માથામાં કાણુ પાડીને શરીરને કોચતો કોચતો હાથીના શરીરમાંથી પસાર થઇને જમીન પર પડતો હતો દરેક કાંકરા પર તેનું નામ લખેલું હતું જેના વડે જે મારી નાંખવામાં આવ્યો.

૫૧૪. જે વરસે આ બનાવ બન્યો તે જ વરસે એ બનાવ પછી પચાસ દિવસે સય્યિદે આલમ હબીબે ખુદા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો જન્મ થયો.

૫૧૫. સૂરએ કુરેશ ખરા કથન મુજબ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૪ આયતો ૧૭ શબ્દો અને ૭૩ અક્ષરો છે.

૫૧૬. અર્થાત અલ્લાહ તઆલાની નેઅમતો અગણિત છે તેમાંથી એક જગજાહેર નેઅમત તે છે કે તેણે દર વરસે કુરેશને બે સફરો કરવાની પ્રેરણા આપી એ સફરોનો શોખ તેમનાં હૃદયોમાં વસાવી દીધો. શિયાળાની ઋતુમાં યમનની સફર અને ઉનાળાની ઋતુમાં સિરિયાની સફર. કુરેશીઓ વેપાર અર્થે એ સફરો કરતા હતા અને દરેક જગ્યાના લોકો એમને ''હરમવાળાઓ'' કહેતા હતા અને તેમની ઇજ્જત અને સન્માન કરતા

હતા. તેઓ નચિંત થઇને વેપાર કરતા હતા અને લાભ મેળવતા હતા અને મક્કા મુકર્રમામાં રહેવા માટે મુડી ભેગી કરતા હતા જ્યાં ન તો ખેતી છે ન તો જીવિકાનું અન્ય કોઇ સાધન છે. અલ્લાહ તઆલાની એ નેઅમત અતિજાહેર છે અને તેનાથી લાભ ઉઠાવે છે.

૫૧૭. અર્થાત કઅબા શરીફના.

૫૧૮. જેમાં એ સફરોનો આરંભ થતાં પહેલાં તેમના વતનમાં ખેતી નહિ હોવાના કારણે તેઓ સપડાએલા હતા. આ સફરોના કારણે તેમને.....

૫૧૯. હરમ શરીફના કારણે અને મક્કાવાસીઓ હોવાના કારણે કે એ કારણે કોઇ તેમને છેડતું નથી. આજુ બાજુના પ્રદેશોમાં ખૂનામરકી અને લૂંટફાટ થતી હોવા છતાં તેઓ શાંતિથી છે. અથવા એ અર્થ છે કે તેમને રક્તપિત્તની બીમારીથી બેફિકર કર્યા કે તેમના શહેરમાં એ બીમારી થતી નથી. અર્થાત એ મતલબ છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બરકતથી તેમને મહાન બ્હીકથી શાંતિ આપી.

૫૨૦. સૂરએ માઉન મક્કામાં ઉતરેલી છે અને એવું પણ કહેવાયું છે કે અડધી આસ બિન વાઇલ વિષે મક્કા મુકર્રમામાં ઉતરી અને અડધી અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલૂલ મુનાફિક વિષે મદીના મુનવ્વરામાં ઉતરી. એમાં ૧ રૂકૂઅ ૭ આયતો ૨૫ શબ્દો અને ૧૨૫ અક્ષરો છે.

૫૨૧. અર્થાત હિસાબ થવાનો અને બદલો મળવાનો ઇન્કાર કરે છે, દલીલો સ્પષ્ટ રીતે રજુ થયા છતાં.

**શાને નુઝૂલ** :- આ આયતો આસ બિન વાઇલ સહમી અથવા વલીદ બિન મુગીરા વિષે ઉતરી.

૫૨૨. અને તેની ઉપર સખ્તાઇ કરે છે અને તેનો હક્ક આપતો નથી.

૫૨૩. અર્થાત પોતે પણ નથી આપતો તેમજ બીજાને પણ આપવા દેતો નથી, અત્યંત કક્ષાનો બખીલ છે.

૫૨૪. એનો ઇશારો મુનાફિકો તરફ છે જેઓ એકાંતમાં નમાઝ પઢતા નથી કારણ કે એને માનતા જ નથી અને લોકોની સામે નમાઝી બને છે અને પોતાને નમાઝી જાહેર કરે છે અને માત્ર દેખાવ પુરતા ઉઠ બેસ કરી લે છે પરંતુ વાસ્તવમાં નમાઝથી ગાફેલ છે.

૫૨૫. ઇબાદતોમાં. આગળ તેમની કંજૂસાઇનું બયાન કરવામાં આવે છે.

૫૨૬. જેમ કે સોય, હાંડલી, પ્યાલું વિગેરે.

૫૨૭. આલિમોએ કહ્યું છે કે માણસે એવી વસ્તુઓ પોતાની જરૂરયાત કરતાં વધારે પોતાના ઘરમાં રાખી મૂકવી મુસ્તહબ છે કારણ કે એ વસ્તુઓની પાડોશીઓને જરૂર પડે છે અને (તેમને જરૂર પડે ત્યારે) તેમને વાપરવા માટે આપતો રહે.

૫૨૮. વધુ પડતા તફસીરકારોના મંતવ્ય મુજબ સૂરએ કવષર મદીના મુનવ્વરામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૩ આયતો ૧૦ શબ્દો અને ૪૨ અક્ષરો છે.

૫૨૯. અને વિપુલ વિશેષતાઓ આપીને તમામ સૃષ્ટિ કરતાં શ્રેષ્ઠ બનાવ્યા. બાહય રૂપ પણ આપ્યું અને આંતરિક ખૂબસૂરતી પણ આપી, ઊંચું ખાનદાન પણ અને નબુવ્વત પણ, કિતાબ પણ અને હિકમત પણ, તેમજ ઇલ્મ, શફાઅત, હવઝે કવષર, મકામે મહમૂદ, ઉમ્મતની વિશાળતા, દીનના શત્રુઓ પર વિજય, બેશુમાર ફતહો, બેશુમાર નેઅમતો અને બુઝુર્ગીઓ, વિગેરે તમામ વસ્તુઓ આપી જેની હદ નથી.

૫૩૦. જેણે તમને ઇજ્જત અને બુઝુર્ગી આપી.

૫૩૧. તેના માટે તેના નામ પર. મૂર્તિપૂજકોથી વિરૂધ્ધ જેઓ મૂર્તિઓના નામ પર ઝુબેહ કરે છે. આ આયતથી તફસીરમાં એક કથન એવું પણ છે કે નમાઝનો મતલબ ઇદની નમાઝ છે.

લોકોને તમે જુઓ કે અલ્લાહના દીનમાં ટોળે ટોળાં દાખલ થાય છે[૫૩૮] (૨) તો પોતાના રબના વખાણ કરતાં કરતાં તેની પવિત્રતા બોલો અને તેની પાસે ક્ષમા માંગો,[૫૩૯] બેશક ! તે બહું જ તવબહ કબૂલ કરનાર છે[૫૪૦] (૩)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૪૧]**

વિનાશ પામે અબૂલહબના બન્ને હાથ, અને તે વિનાશ પામી જ ગયો[૫૪૨] (૧) તેને તેનો માલ અને જે કંઇ તે કમાયો તે કશા કામ લાગ્યું નહિ[૫૪૩] (૨) હમણાં જ ધસે છે જવાળા ઓકતી આગમાં તે (૩) અને તેની પત્ની[૫૪૪] લાકડાંઓનો ભારો માથે ઊંચકતી (૪) તેના ગળામાં ખજૂરની છાલનું દોરડું[૫૪૫] (૫)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૪૬]**

તમે ફરમાવો ; અલ્લાહ છે, તે એક છે[૫૪૭] (૧) અલ્લાહ બેનિયાઝ છે[૫૪૮] (૨) ન તેની કોઇ ઔલાદ,[૫૪૯] અને ન તે કોઇનામાંથી જન્મ્યો[૫૫૦] (૩) અને ન તેની જોડનું (બીજું) કોઇ[૫૫૧] (૪)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૫૨]**

તમો ફરમાવો ; હું તેનો આશારો લઉં છું જે પ્રભાતને પેદા કરનાર છે[૫૫૩] (૧) તેની બધી જ સૃષ્ટિના અનિષ્ટથી[૫૫૪]

عم ۳۰ اللهب ۱۱۱ الاخلاص ۱۱۲ الفلق ۱۱۳

يَدْخُلُوْنَ فِيْ دِيْنِ اللّٰهِ اَفْوَاجًا ﴿۲﴾ فَسَبِّحْ بِحَمْدِ
رَبِّكَ وَاسْتَغْفِرْهُ ۚ اِنَّهٗ كَانَ تَوَّابًا ﴿۳﴾
سُوْرَةُ اللَّهَبِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ رُكُوْعُهَا ۱ اٰيَاتُهَا ۵
تَبَّتْ يَدَآ اَبِيْ لَهَبٍ وَّتَبَّ ﴿۱﴾ مَآ اَغْنٰى عَنْهُ مَالُهٗ
وَمَا كَسَبَ ﴿۲﴾ سَيَصْلٰى نَارًا ذَاتَ لَهَبٍ ﴿۳﴾ وَّامْرَاَتُهٗ
حَمَّالَةَ الْحَطَبِ ﴿۴﴾ فِيْ جِيْدِهَا حَبْلٌ مِّنْ مَّسَدٍ ﴿۵﴾
سُوْرَةُ الْاِخْلَاصِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ رُكُوْعُهَا ۱ اٰيَاتُهَا ۴
قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ﴿۱﴾ اَللّٰهُ الصَّمَدُ ﴿۲﴾ لَمْ يَلِدْ ۙ وَلَمْ
يُوْلَدْ ﴿۳﴾ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ﴿۴﴾
سُوْرَةُ الْفَلَقِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ رُكُوْعُهَا ۱ اٰيَاتُهَا ۵
قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ﴿۱﴾ مِنْ شَرِّ مَا خَلَقَ ﴿۲﴾ وَمِنْ

૫૩૨. નહિ કે આપ. કારણ કે આપનો સિલસિલો તો કયામત સુધી ચાલુ રહેશે આપના વંશમાં પણ વધારો થશે અને આપના અનુયાયીઓથી દુનિયા ભરાઇ જશે આપનું ઝિક્ર મિમ્બરો પર બુલંદ થશે, કયામત સુધી પેદા થનાર આલિમ અને વાએઝ કરનાર અલ્લાહ તઆલાના નામ અને યાદની સાથે આપનું નામ અને યાદ પણ ઉલ્લેખશે. નામનિશાન વગરના અને દરેક ભલાઇથી વંચિત તો આપના દુશ્મનો છે.

**શાને નુઝૂલ** :- જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ફરઝંદ હઝરત કાસિમનો વિસાલ થયો ત્યારે કાફિરોએ આપને ''અબતર'' (વંશ કપાએલ) કહ્યું અને કહ્યું કે હવે આપનો વંશ રહ્યો નહિ એમના પછી હવે એમની યાદ પણ રહેશે નહિ આ બધી ચર્ચા પૂરી થઇ જશે ત્યારે આ સૂરતે કરીમા ઉતરી અને અલ્લાહ તઆલાએ તે કાફિરોનું જૂઠ જાહેર કર્યું અને તેમને સરસ રદિયો આપ્યો.

૫૩૩. સૂરએ કાફિરૂન મક્કા મુકર્રમામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૬ આયતો અને ૯૪ અક્ષરો છે.

**શાને નુઝૂલ** :- કુરેશના એક વર્ગે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું કે; આપ અમારા ધર્મને અનુસરો તો અમે તમારા દીનને અનુસરીશું, એક વરસ તમે અમારા મઅબૂદોને પૂજો એક વરસ અમે તમારા મઅબૂદની ઇબાદત કરીશું. ત્યારે આ સૂરત શરીફ ઉતરી અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ મસ્જિદે હરામમાં પધાર્યા ત્યાં કુરેશનો તે વર્ગ હાજર હતો હુઝૂરે આ સૂરત તેમને પઢી સંભળાવી ત્યારે તેઓ નિરાશ થઇ ગયા અને હુઝૂર તેમજ આપના સહાબાને કષ્ટ આપવામાં સંડોવાયા.

૫૩૪. અહીં તે ખાસ કાફિરોને સંબોધન છે જેઓ અલ્લાહની જાણમાં ઇમાનથી વંચિત છે.

૫૩૫. અર્થાત તમારા માટે તમારૂં કુફ્ર અને મારા માટે મારી તવહીદ અને મારી નિખાલસતા. આવું કહેવાનો હેતુ ધમકી આપવાનો છે. (આ આયત જેહાદની આયત દ્વારા મન્સૂખ થએલી છે)

૫૩૬. સૂરએ નસ્ર મદીના મુનવ્વરામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૩ આયતો ૧૭ શબ્દો અને ૭૭ અક્ષરો છે.

૫૩૭. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ માટે દુશ્મનોના મુકાબલામાં. એનો મતલબ યા તો બધા જ વિજયો છે યા ખાસ મક્કાનો વિજય.

૫૩૮. જેવી રીતે કે મક્કા ફતહ થયા પછી બન્યું કે લોકો પૃથ્વીની બધી દિશાઓમાંથી ઇસ્લામના ગુલામ બનવાના શોખમાં ખેંચાઇને આવતા હતા અને ઇસ્લામની દોલતથી માલામાલ થતા હતા.

૫૩૯. આ સૂરત ઉતર્યા પછી સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ''સુબ્હાનલ્લાહે વબેહમ્દેહી અસ્તગફિરૂલ્લાહ વઅ તૂબુ ઇલૈહિ'' ખૂબ વધારે પઢયા કરતા હતા. હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુએ બયાન કર્યું છે કે; આ સૂરત હજ્જતુલ વિદાઅમાં મિનાના સ્થળે ઉતરી, ત્યાર પછી ''અલયવમુ અકમલતુ લકુમ દીનકુમ'' વાળી આયત ઉતરી, ત્યાર પછી ૮૦ દિવસો સુધી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ આ જગતમાં રહ્યા પછી આયતે ''કલાલહ'' ઉતરી ત્યાર પછી હુઝૂર ૫૦ દિવસ રહ્યા પછી આયત ''વત્તકૂ યવમન તુરજઉન ફીહે ઇલ્લલ્લાહ'' ઉતરી ત્યાર પછી હુઝૂર ૨૧ દિવસ અથવા ૭ દિવસ રહ્યા.

૫૪૦. આ સૂરત મુબારક ઉતર્યા પછી સહાબાએ કિરામ સમજી ગયા હતા કે દીન સંપૂર્ણ થઇ ગયો છે હવે હુઝૂર દુનિયામાં વધારે રહેશે નહિ, જેમકે આ સૂરત સાંભળીને હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુએ વિચારથી જ રડયા હતા. આ સૂરત ઉતર્યા પછી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ખુત્બો આપ્યો; કે એક બંદાને અલ્લાહ તઆલાએ ઇખ્તિયાર આપ્યો કે ચાહે તો દુનિયામાં રહે ચાહે તો તેની મુલાકાત સ્વીકારે. તે બંદાએ તેની મુલાકાત સ્વીકારી લીધી. એ સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુએ કહ્યું, આપની ઉપર અમારા પ્રાણો અમારા માલ અમારાં માં-બાપ અમારી ઔલાદ બધું જ કુરબાન છે.

૫૪૧. સૂરએ લહબ મક્કામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૫ આયતો ૨૦ શબ્દો અને ૭૭ અક્ષરો છે.

**શાને નુઝૂલ** :- જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે સફા પર્વત પર ચઢીને અરબના લોકોને બોલાવ્યા ત્યારે દરેક બાજુથી લોકો આવ્યા અને હુઝૂરે તેમની પાસેથી પોતાની સત્યતા ઇમાનદારી વિગેરેની સાક્ષીઓ લીધા પછી ફરમાવ્યું; ઇન્ની લકુમ નઝીર બયન યદય અઝાબિન શદીદ (હું તમને આગળ આવનાર સખત અઝાબથી ડરાવનાર છું). ત્યારે અબૂલહબે હુઝૂરને કહ્યું હતું કે; તમારો નાશ થાય ! શું તમે આટલા માટે અમને ભેગા કર્યા હતા? તે બાબતે આ સૂરત શરીફ ઉતરી અને અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તરફથી જવાબ આપ્યો.

૫૪૨. અબૂલહબનું નામ અબ્દુલ ઉઝઝા હતું એ અબ્દુલ મુત્તલિબનો પુત્ર અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો કાકા હતો, ખૂબ જ ગૌરવર્ણનો અને રૂપાળો હતો તેથી જ તેની અટક અબૂલહબ (જવાળાનો પિતા) હતી અને એ અટકથી જ તે ઓળખાતો હતો. બન્ને હાથોનો મતલબ એનું આખું શરીર છે.

૫૪૩. અર્થાત તેની ઔલાદ. બયાન કરવામાં આવ્યું છે કે જ્યારે અબૂલહબે પહેલી આયત સાંભળી ત્યારે કહેવા લાગ્યો કે; જે કંઇ મારા ભત્રીજા કહે છે તે જો સાચુ હશે તો હું મારો માલ અને મારી ઔલાદ બદલારૂપે રજુ કરી દઇશ. આ આયતમાં તેને રદિયો આપવામાં આવ્યો કે તેનો એ ખ્યાલ ખોટો છે તે સમયે કોઇ વસ્તુ કામ લાગશે નહિ.

૫૪૪. ઉમ્મે જમીલ, હર્બ બિન ઉમય્યાની દીકરી અને અબૂ સુફયાનની બહેન જે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે ખૂબ જ અદાવત અને અદેખાઇ ધરાવતી હતી અને ઘણી માલદાર તેમજ

ઊંચા ખાનદાનની હોવા છતાં હુઝૂરની દુશ્મનીમાં અત્યંત કક્ષાએ લાધી ગઇ હતી કે પોતે જ પોતાના માથા પર કાંટાઓનો ભારો ઊંચકી લાવીને હુઝૂરના રસ્તામાં પાથરતી હતી જેથી હુઝૂરને અને હુઝૂરના સહાબાને તકલીફ થાય અને હુઝૂરને કષ્ટ આપવું તેને એટલું બધું ગમતું હતું કે તેણી એ કાર્યમાં બીજા કોઇની સહાય લેવાનું પણ પસંદ કરતી ન હતી.

૫૪૫. જેના વડે કાંટાઓનો ભારો બાંધતી હતી, તેણી એક દિવસ ભારો ઊંચકીને લાવતી હતી ત્યારે થાકના કારણે આરામ લેવા એક પથરા પર બેસી ગઇ. એક ફરિશ્તાએ અલ્લાહના હુક્મથી તેણીની પાછળથી ભારાના દોરડાને ખેચ્યું ભારો પડયો અને દોરડા વડે તેણીના ગળામાં ફાંસી દેવાઇ ગઇ જેનાથી તેણીનું મરણ થયું.

૫૪૬. સૂરએ ઇખ્લાસ મક્કામાં ઉતરેલી છે અને એક કથન અનુસાર મદીનામાં ઉતરેલી છે. એમાં ૧ રૂકૂઅ ૪ અથવા ૫ આયતો ૧૫ શબ્દો અને ૪૭ અક્ષરો છે. હદીષોમાં આ સૂરતની બહુ ફઝીલતો બયાન થએલી છે. એને ૧/૩ કુરઆન જેટલી કહેવામાં આવી છે અર્થાત જો એને ત્રણ વાર પઢવામાં આવે તો આખુ કુરઆન પઢવા જેટલો સવાબ મળે. એક માણસે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું કે; મને આ સૂરત સાથે બહું મહોબ્બત છે. ત્યારે આપે ફરમાવ્યું કે; એની મહોબ્બત તને જન્નતમાં દાખલ કરશે. (તિરમિઝી)

**શાને નુઝૂલ** :- અરબના કાફિરોએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અલ્લાહ તઆલા વિષે જાત જાતના પ્રશ્નો પૂછ્યા, કોઇ પૂછતું કે અલ્લાહની વંશાવળી શું છે ? કોઇ પૂછતું કે તે સોનાનો છે કે ચાંદીનો ? લોઢાનો છે કે લાકડાનો ? કોઇ પૂછતું કે તે શું ખાય પીએ છે ? અલ્લાહ હોવું તેને કોના વારસામાંથી મળ્યું ? અને તેનો વારસદાર કોણ થશે ? તેમના જવાબમાં અલ્લાહ તઆલાએ આ સૂરત ઉતારી અને પોતાની ઝાત અને સિફતોનું વર્ણન કરીને તેની ઓળખનો માર્ગ સ્પષ્ટ કરી દીધો અને અજ્ઞાનતાના વિચારો અને વ્હેમોના અંધકારને જેમાં લોકો સપડાએલા હતા પોતાની ઝાત અને સિફાતના પ્રકાશ કિરણોના વર્ણનથી દૂર કરી દીધા.

૫૪૭. રબ અને અલ્લાહ હોવામાં મહાનતાનો ગુણધારી છે, દ્વિતિય અને જોડથી પર છે તેનો કોઇ ભાગીદાર નથી.

૫૪૮. દરેક વસ્તુથી. ન તો ખાય ન પીએ. હમેશાંથી છે અને હમેશાં રહેશે.

૫૪૯. કારણ કે તેનો કોઇ મળતિયો નથી.

૫૫૦. કારણ કે હમેશાંથી છે અને જન્મવું એ એવાનો ગુણ છે જે પહેલાં ન હોય.

૫૫૧. અર્થાત કોઇ તેની સમકક્ષ અને દ્વિતિય નથી. આ આયતોમાં અલ્લાહને લગતા જ્ઞાનનું શ્રેષ્ઠ બયાન કરી દીધું જેની વિગતોથી પુસ્તકાલયો ભરાઇ જાય.

૫૫૨. સૂરએ ફલક મદીના મુનવ્વરામાં ઉતરેલી છે અને એક કથન એવું છે કે મક્કા મુકર્રમામાં ઉતરેલી છે અને પહેલું વધારે ખરૂં છે. આ સૂરતમાં ૧ રૂકૂઅ ૫ આયતો ૨૩ શબ્દો અને ૭૪ અક્ષરો છે.

**શાને નુઝૂલ** :- આ સૂરત અને સૂરએ નાસ જે આના પછી આવે છે તે ત્યારે ઉતરી હતી જ્યારે કે લબીદ બિન અઅસમ યહૂદી અને તેની છોકરીઓએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર જાદુ કર્યું હતું અને હુઝૂરના શરીર મુબારક તેમજ બાહય અવયવો પર એનો અસર થયો હતો, દિલ બુધ્ધી અને શ્રધ્ધા પર એનો કશો અસર થયો ન હતો. થોડા દિવસો પછી જિબ્રઇલ આવ્યા અને તેમણે કહ્યું કે; એક યહૂદીએ આપની ઉપર જાદુ કર્યું છે અને જાદુનો અમુક સામાન છે જે ફલાણાં કુવામાં એક પથ્થરની નીચે દબાવી દેવામાં

(૨) અને અંધકાર નાખનારના અનિષ્ટથી જ્યારે તે અસ્ત થાય[૫૫૫] (૩) અને તે સ્ત્રીઓના અનિષ્ટથી જેઓ ગાંઠોમાં ફૂંકો મારે છે[૫૫૬] (૪) અને હસદ કરનારના અનિષ્ટથી જ્યારે તેને મારી જલન થાય[૫૫૭] (૫)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૫૫૮]**

તમે કહો; હું તેના આશરામાં આવ્યો જે બધા લોકોનો રબ[૫૫૯] (૧) બધા લોકોનો બાદશાહ[૫૬૦] (૨) બધા લોકોનો ખુદા (છે)[૫૬૧] (૩) તેના અનિષ્ટથી જે હૃદયમાં ખરાબ ખ્યાલો[૫૬૨] નાખે અને દબાઇ રહે[૫૬૩] (૪) તેઓ જે લોકોના દિલોમાં વસવસાઓ નાંખે છે (૫) જિન્નાત અને માનવી[૫૬૪] (૬)


الناس ١١٤ عم ٣٠

وَمِنْ شَرِّ غَاسِقٍ إِذَا وَقَبَ ﴿٣﴾ وَمِنْ شَرِّ النَّفَّاثَاتِ فِي الْعُقَدِ ﴿٤﴾ وَمِنْ شَرِّ حَاسِدٍ إِذَا حَسَدَ ﴿٥﴾

سُورَةُ النَّاسِ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

قُلْ أَعُوذُ بِرَبِّ النَّاسِ ﴿١﴾ مَلِكِ النَّاسِ ﴿٢﴾ إِلَٰهِ النَّاسِ ﴿٣﴾ مِنْ شَرِّ الْوَسْوَاسِ الْخَنَّاسِ ﴿٤﴾ الَّذِي يُوَسْوِسُ فِي صُدُورِ النَّاسِ ﴿٥﴾ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ﴿٦﴾

دُعائے ماثورہ

اَللّٰهُمَّ اٰنِسْ وَحْشَتِيْ فِيْ قَبْرِيْ ۝ اَللّٰهُمَّ ارْحَمْنِيْ بِالْقُرْاٰنِ الْعَظِيْمِ ۝ وَاجْعَلْهُ لِيْ اِمَامًا وَّنُوْرًا وَّهُدًى وَّرَحْمَةً ۝ اَللّٰهُمَّ ذَكِّرْنِيْ مِنْهُ مَا نَسِيْتُ وَعَلِّمْنِيْ مِنْهُ مَا جَهِلْتُ وَارْزُقْنِيْ تِلَاوَتَهٗ اٰنَآءَ الَّيْلِ وَاٰنَآءَ النَّهَارِ وَاجْعَلْهُ لِيْ حُجَّةً يَّا رَبَّ الْعٰلَمِيْنَ ۝ اٰمِيْنَ

આવ્યો છે. હુઝૂરે હઝરત અલીને મોકલ્યા તેમણે કૂવાનું પાણી કાઢી નાખ્યા પછી પથ્થર ઉપાડયો તેની નીચેથી ખજૂરના ગાભાની થેલી નીકળી તેમાં હુઝૂરના વાળ શરીફ જે કાંસકીમાંથી લેવાયા હતા અને હુઝૂરની કાંસકીના અમુક દાંતાઓ અને એક દોરો અથવા કમાનની દોરી જેમાં અગ્યાર ગાંઠો વાળવામાં આવી હતી અને એક મીણનું પુતળુ જેમાં અગ્યાર સોઇઓ ખોસવામાં આવી હતી એ બધો સામાન પથ્થરની નીચેથી નીકળ્યો અને હુઝૂરની સેવામાં હાજર કરાયો. ત્યારે અલ્લાહ તઆલાએ આ બન્ને સૂરતો ઉતારી. આ બન્ને સૂરતોમાં અગ્યાર આયતો છે દરેક આયત પઢવાથી એક એક ગાંઠ ખુલતી હતી એટલા સુધી કે બધી ગાંઠો ખુલી ગઇ અને હુઝૂર તદ્દન તંદુરૂસ્ત બની ગયા.

**મસઅલો** :- તાવીઝ અને અમલ જેમાં કોઇ કુફ્ર કલામ ન હોય અથવા શિર્કનો શબ્દ ન હોય તો જાઇઝ છે ખાસ કરીને તે અમલ જે કુરઆનની આયતોથી કરવામાં આવે તે અને હદીષોમાં વર્ણવાયા હોય (તેના જાઇઝ હોવામાં તો શંકા નથી)

હદીષ શરીફમાં છે કે અસ્મા બિન્તે ઉમેસે વિનંતી કરી; યા રસૂલલ્લાહ ! જઅફરના બાળકોને બહુ જલ્દી નઝર લાગી જાય છે શું મને પરવાનગી છે કે હું તેમના માટે અમલ કરૂં ? હુઝૂરે પરવાનગી આપી. (તિરમિઝી)

૫૫૩. આશરો માંગવામાં અલ્લાહ તઆલાના એ ગુણનું વર્ણન એટલા માટે છે કે અલ્લાહ તઆલા પ્રભાત પેદા કરીને રાતના અંધકારને હટાવે છે તેથી એવો ઇશારો મળે છે કે આશરો માંગનારને જે હાલતોની બ્હીક છે તે દૂર કરે. અને જે રીતે માણસ અંધારી રાતમાં પ્રભાતની રાહ જુએ છે, તેવી જ રીતે બીક ધરાવનાર શાંતિ અને નચિંતતાની રાહ જોતો હોય છે. એ સિવાય પ્રભાત દિલની વ્યાકુળતા ધરાવનારાઓની દુઆઓ

અને તે કબૂલ થવાનો સમય છે તો હેતુ એ થયો કે જે સમયે વ્યાકુળ લોકોને છુટકારો આપવામાં આવે છે અને દુઆઓ કબૂલ થાય છે હું તે સમયને પેદા કરનારનો આશરો ઇચ્છું છું. એક કથન એવું પણ છે કે ફલક જહન્નમમાં એક ખાય છે.

૫૫૪. સજીવ હોય કે નિર્જીવ શરીઅતના હુક્મો લાગુ પડે એવું હોય કે એવું ન હોય. અમુક તફસીરકારોએ કહ્યું છે કે મખલૂકનો મતલબ અહીં ચોક્કસ મખલૂક ઇબ્લીસ છે જેનાથી બદતર મખલૂકમાં બીજુ કોઇ નથી અને જાદુના અમલો તેની તેના સહાયકો અને તેનાં સૈન્યોની સાહયથી પુરા થાય છે.

૫૫૫. હઝરત ઉમ્મુલ મુઅમેનીન આઇશહ રદીયલ્લાહુ અન્હાએ ફરમાવ્યું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ચંદ્ર તરફ દ્રષ્ટિ કરીને તેમને કહ્યું; અય આઇશહ ! આનાથી અલ્લાહનો આશરો આ અંધકાર નાખનાર છે જ્યારે કે અસ્ત થાય. (તિરમિઝી) અર્થાત મહીનાના અંતમાં જ્યારે ચંદ્ર છુપાય જાય છે ત્યારે જાદુના તે અમલ જે બીમાર કરવા માટે હોય છે તે એ સમયે જ કરવામાં આવે છે.

૫૫૬. અર્થાત જાદુગર સ્ત્રીઓ જેઓ દોરાઓમાં ગાંઠો વાળી વાળીને તેમાં જાદુનાં મંતરો ભણી ભણીને ફૂંકો મારે છે, જેમકે લબીદની પુત્રીઓ.

**મસઅલો** :- દોરાઓ બનાવવા અને તેમાં અલ્લાહના નામો અથવા કુરઆનની આયતો પઢીને ફૂંક મારવી તેમજ ગાંઠો વાળવી જાઇઝ છે બધા સહાબા અને તાબઇનનું એવું જ મતંવ્ય છે. અને હઝરત આઇશહ રદીયલ્લાહુ તઆલા અન્હાની હદીષમાં છે કે હુઝૂરના કુટુંબમાં જ્યારે કોઇ માંદુ થતું ત્યારે હુઝૂર આ બન્ને સૂરતો પઢીને તેમને ફૂંક મારતા હતા.

૫૫૭. હસદ કરનાર તે છે જે બીજાની નેઅમતના વિનાશની તમન્ના કરે. અહીં હસદ કરનારાઓનો ઇશારો યહૂદીઓ તરફ છે જેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની હસદ કરતા હતા અથવા ખાસ લબીદ બિન આસિમ યહૂદી તરફ ઇશારો છે.

હસદ બહુ જ ખરાબ આદત છે અને એ જ સર્વપ્રથમ ગુન્હો છે જે આકાશમાં ઇબ્લીસે કર્યો અને પૃથ્વીમાં કાબીલે.

૫૫૮. સૂરએ નાસ વધુ ઉચિત કથન મુજબ મદીના મુનવ્વરામાં ઉતરેલી છે એમાં ૧ રૂકૂઅ ૬ આયતો ૨૦ શબ્દો અને ૭૯ અક્ષરો છે.

૫૫૯. બધાંનો જ સર્જનહાર અને માલિક. માણસોનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો કે તેઓ અશરફુલ મખ્લૂકાત છે.

૫૬૦. તેમના કામોની વ્યવસ્થા કરનાર.

૫૬૧. કે અલ્લાહ અને મઅબૂદ હોવુ એ તેની જ વિશેષતા છે.

૫૬૨. એનો મતલબ શયતાન છે.

૫૬૩. એ તેની ટેવ જ છે કે માણસ જ્યારે બેધ્યાન હોય છે ત્યારે તેના દિલમાં વસવસાઓ નાંખે છે અને માણસ જ્યારે અલ્લાહનું ઝિકર કરે છે ત્યારે શયતાન દબાઇ રહે છે અને હટી જાય છે.

૫૬૪. વસવસા નાખનાર શયતાનનું આ બયાન છે કે તે જિન્નાતમાંથી પણ હોય છે અને માનવીઓમાંથી પણ. જેવી રીતે જિન્નાત શયતાનો મનુષ્યોને વસવસામાં નાખે છે. એ જ રીતે માનવ શયતાનો પણ ઉપદેશક બનીને માનવીના દિલમાં વસવસાઓ નાંખે છે. પછી જો માનવી તે વસવસાઓને માની લે તો તેનો સિલસિલો લંબાય જાય છે અને ખૂબ ભટકાવે છે અને જો તેનાથી (વસવાસાઓથી) ઘૃણા કરે છે તો (તેઓ)

હટી જાય છે અને લપાઇ રહે છે. માણસે જિન્નાત શયતાનો અને માનવ શયતાનો બન્નેના અનિષ્ટથી (અલ્લાહનો) આશરો માંગવો જોઇએ.

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ રાત્રે જ્યારે પથારી મુબારક પર પધારતા ત્યારે પોતાના બન્ને હાથ મુબારક ભેગા કરીને તેમાં ફૂંક મારતા અને સૂરએ કુલહુવલ્લાહુ અહદ અને કુલ અઉઝુ બિરબ્બિલ ફલક અને કુલ અઉઝુ બિરબ્બિન્નાસ પઢીને પોતાના હાથ મુબારકને માથા શરીફથી લઇને આખા શરીર પર જ્યાં સુધી હાથ પહોંચતા ત્યાં સુધી ફેરવતા હતા. આવું ત્રણ વાર કરતા હતા. વલ્લાહુ તઆલા અઅલમુ બેમુરાદેહી વ અસરારે કિતાબેહી. વઆખિરૂ દઅવાના અનિલ હમ્દુ લિલ્લાહે રબ્બિલ આલમીન. વઅફઝલ સ્સલાતે વઅઝકસ્સલામે અલા હબીબેહી વ સય્યિદે અમ્બિયાએહી વરૂસુલેહી સય્યિદેના મોહંમદ વઆલેહિ વઅસ્હાબેહી અજમઇન.